આજનો સુવિચાર

જે કામ તમે આજે કરી શકો છો, તેને કાલના ભરોસે કયારેય ન છોડો

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૫ અંક : ૨૮૪ જૂનાગઢ તા.૧૭-૧૧-૨૦૨૧ બુધવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ

દિલ્હીમાં ભયાનક વાયુ પ્રદુષણ : તમામ શાળા - કોલેજો બંધ : ટ્રકોનાં પ્રવેશ ઉપર પ્રતિબંધ : ૫૦ ટકા સ્ટાફ સાથે ઓફીસ કાર્યવાહી

નવી દિલ્હી,તા. ૧૭

વાયુ પ્રદુષણને કારણે દિલ્હી-એનસીઆરમાંતમામ સ્કુલો, કોલેજો અને શૈક્ષણિક સંસ્થાનોને આગલી સૂચના સુધી બંધ રાખવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ત્યારે શિક્ષણ સંસ્થા, જે કોરોના મહામારીના કારણે અત્યાર સુધી બંધ હતા અને ખુલ્યા હતા. તેમને પાછા ઓનલાઈન અભ્યાસ માટે જવું પડ્યુંછે. ગતરાત્રે વાયુ ગુણવત્તા મેનેજમેન્ટ આયોગ (સીએકયૂએમ)એ દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં વાયુ પ્રદૂષણ સંકટને પહોંચી વળવા માટે દિલ્હી, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશની સરકારોને અનેક નિર્દેશ જારી કર્યા છે. આ નિર્ણય મંગળવારે દિલ્હી- એનસીઆરમાં પ્રદૂષણ સંકટ ઉપર થયેલી એક ઈમરજન્સી બેઠક બાદ લેવામાં આવ્યો. રાજય સરકારોને ૨૨ નવેમ્બરે આ સંબંધમાં અનુપાલન રિપોર્ટ દાખલ કરવાની છે. સીકયૂએમ દ્વારા જારી ૯ પાનાના આદેશમાં એનસીઆર સરકારો (દિલ્હી,હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ)ને સલાહ આપવામાં આવી છે કે ૨૧ નવેમ્બર સુધી ઓછામાં ઓછા ૫૦ ટકા કર્મચારીઓને ઘરેથી કામ કરવાની પરવાનગી આપવામાં આવે. તેમજ દિલ્હી એનસીઆરમાં સરકારી કાર્યાલયોમાં પણ ઓછામાં ઓછા ૫૦ટકા કર્મચારીઓને ૨૧ નવેમ્બર સુધી ઘરેથી કામ કરવાની પરવાનગી આપવામાં આવે. ખાનગી સંસ્થાનોને આ માટે પ્રોત્સાહિત કરવામાં આવે જેથી વાહનોથી થતું પ્રદૂષણ રોકી શકાય. જરૂરી સામાન લઈ જનારા ટ્રકોને છોડીને ૨૧ નવેમ્બર સુધી ટ્રકોને દિલ્હીમાં પ્રવેશ કરવાની પરવાનગી નહીં આપવામાં આવે. દિલ્હી- એનસીઆરમાં અપવાદોને છોડીને તમામ કન્સ્ટ્રકશન અને મકાન પડવાની ગતિવિધિઓ ઉપર ૨૧ નવેમ્બર સુધી પ્રતિબંધ રહેશે. રેલવે સેવાઓ /સ્ટેશન સ્ટેશનો સહિત મેટ્રો રેલ સેવાઓ હવાઈ મથક અને આંતર રાજય બસ ટર્મિનલ (આઈએસબીટી) રાષ્ટ્રીય સુરક્ષા/ રક્ષાસંબંધી ગતિવિધિઓ અને રાષ્ટ્રીય મહત્વની પરિયોજનાઓ અપવાદોમાં સામેલ છે. દિલ્હી- એનસીઆરની સરકારોએ સ્પષ્ટ રૂપથી પ્રદૂષણ ફેલાવનારા વાહનો અને વૈધ પ્રદૂષણ નિયંત્રણ(પીયૂસી) પ્રમાણપત્ર વાળા વાહનોને રોકવા માટે કહેવામાં આવ્યું છે. સાથે વાહન વ્યવહારનું યોગ્ય સંચાલન માટે ટ્રાફિક ટાસ્ક ફોર્સની ટીમને તૈનાત કરવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. દિલ્હીના ૩૦૦ કિલો મીટરના દાયરામાં સ્થિત ૧૧ થર્મલ પ્લાન્ટોમાંથી ૬ પ્લાન્ટને ૩૦નવેમ્બર સુધી બંધ કરવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

જમ્મુ - કાશ્મીરનાં બારામુલ્લામાં આતંકવાદીઓનો ગ્રેનેડ હુમલો : સીઆરપીએફનાં બે જવાન સહિત ૬ ગંભીર

જમ્મુ તા. ૧૭

જમ્મુ-કાશ્મીરનાં બારામુલ્લા જીલ્લામાં ત્રાસવાદીઓએ આજે ગ્રેનેડ હુમલો કરતા સીઆરપીએફનાં બે જવાન સહિત ૬ લોકોને ગંભીર ઈજા પહોંચી છે. બારામુલ્લા જીલ્લાનાં પટ્ટન વિસ્તારમાં સીઆરપીએફનાં કાફલા ઉપર ત્રાસવાદીઓએ ગ્રેનેડ ફેંકયા હતા. આ હુમલા બાદ સમગ્ર વિસ્તારને સુરક્ષા દળોએ ઘેરી લીધો છે. જયારે અન્ય એક ઘટનાક્રમમાં સોપોર જીલ્લામાં તલાશી અભિયાન દરમ્યાન સુરક્ષાદળોએ કેટલાક શકમંદોને ગ્રેનેડનાં જથ્થા સાથે ઝડપી લીધા છે.

દરમ્યાનમાં અન્ય એક ઘટનાક્રમમાં પૂંચમાં નિયંત્રણ રેખાની આજુબાજુ, પાકિસ્તાની સૈનિકોએ સૂકા ઘાસને આગ લગાડી હચંક દ્રક દ્રકે ભારતીય સેનાની સરહદી ચોકીઓ સુધી પહોંચી ગઈ છે. અંકુશ રેખા ઉપર ઘૂસણખોરી રોકવા માટે ભારતીય સેના દ્વારા બિછાવેલી લેન્ડમાઈન્સમાં વિસ્ફોટો થઈ રહ્યા છે. પાકિસ્તાની સેનાએ પૂંચ જિલ્લાના દેગવાર સેક્ટરના સેરી વિસ્તારમાં આ આગ લગાવી છે. જેના કારણે નિયંત્રણ રેખા પાસે ભારતીય વિસ્તારમાં લેન્ડમાઈન્સમાં વિસ્ફોટ થયા છે.

પુંચ સરહદે નાપાક હરકત : પાક. સૈન્યએ લગાડેલી આગ ભારતની સૈનિક ચોકીઓ સુધી પહોંચી : ભૂમિગત સુરંગોનાં સતત વિસ્ફોટ

આતંકવાદીઓની ઘૂસણખોરી રોકવા માટે આ સુરંગો નાખવામાં આવી હતી. ભારતીય સેનાના જવાનો આગ ઉપર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. સરહદે લાઈન ઓફ એક્ચ્યુલ કન્ટ્રોલ રેખા ઉપર દેખરેખ માટે લગાવવામાં આવેલા ઉપકરણોનો પણ આગથી નાશ થયાની પૂરી સંભાવના છે.

લદાખમાં વિશ્વનાં સૌથી ઉંચા સ્થળે સડક બનાવાઈ : ભારતનો વર્લ્ડ રેકોર્ડ

લદાખ, તા.૧૭

સીમા સડક સંગઠન (બીઆરઓ)એ લદાખમાં દુનિયાના સૌથી ઉંચા ક્ષેત્રમાં કાર ચલાવવા લાયક સડક બનાવીને વિશ્વ રેકોર્ડ તોડયો છે. આ સડક લદાખના ઉમલિંગ-લા દર્રેમાં ૧૯,૦૨૪ ફિટની ઉંચાઈ ઉપર બનાવાઈ છે. આ સડકનું નામ ગિનીસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયું છે. ગિનીસ બૂક તરફથી મંગળવારે બીઆરઓના મહાનિર્દેશક લેફ્ટિનેન્ટ જનરલ રાજીવ ચૌધરીને આ સડકના નિર્માણ અને બ્લેક ટોપીંગ માટે પ્રમાણપત્ર પ્રદાન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ પહેલામાં બોલિવિયામાં ૧૮૯૫૩ ફૂટ સૌથી ઉંચા સ્થળે સડક બની હતી. ૫૨ કિલોમીટર લાંબી આ સડક પૂર્વી લદાખના સૂમાર સેકટરના મહત્વપૂર્ણ ગામોને જોડે છે. આ સડક પૂર્વી લદાખના ડેમચોક ગામ સુધી જાય છે. બીઆરઓએ જ્યાં આ સડકનું નિર્માણ કર્યુ છે ત્યાં ઠંડીના દિવસોમાં તાપમાન શૂન્યથી માઈનસ ૪૦ ડિગ્રી તાપમાન રહે છે અને ઓક્સિજન લેવલ સામાન્યથી ૫૦ ટકા ઓછું થઈ જાય છે.

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં પુર્નઃ ભાજપની સરકાર બનશે : સપા બીજી મોટી પાર્ટી બનશે

નવી દિલ્હી, તા.૧૭

ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે. સપા, બસપા અને કોંગ્રેસ સતત ભાજપ ઉપર નિશાન સાધી રહી છે. તો ત્યાં જ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પીએમ મોદીની સાથે તેમના વિકાસના કામોજનતા સમક્ષ ગણાવવામાં વ્યસ્ત છે. જો કે કોની સરકાર બનશે તે તો ચૂંટણી બાદ જ નક્કીથશે. પરંતુ પોલ ઉપરથી કેટલીક બાબતો સ્પષ્ટ જણાય છે. મંગળવારે આવેલા ટાઈમ્સ નાઉ-પોલસ્ટ્રેટ ઓપિનિયન પોલમાં ભાજપ ફરી સત્તામાં આવી શકે છે. જો કે સીટોના હિસાબે ભાજપને મોટું નુકસાન થશે. ૨૦૧૭ના વિધાનસભા ચૂંટણીમાં ૩૧૨ બેઠકો જીતનાર ભાજપને ૨૦૨૨ના વિધાનસભા ચૂંટણીમાં માત્ર ૨૩૯-૨૪૫ બેઠકો મળવાની સંભાવનાછે. આટલી બધી બેઠકો સાથે ભાજપ પૂર્ણ બહુમતની સરકાર બનાવવામાં સફળ થઈ શકે છે. ૪૦૩ બેઠકોની વિધાનસભામાં બહુમતી માટે ૨૦૨ બેઠકો હોવી જરૂરી છે. સમાજવાદી પાર્ટી ૧૧૯-૧૨૫ બેઠકો સાથે બીજા સ્થાને રહી શકે છે.

૨૦૧૭ના સરખામણીમાં એસપી માટે આ એક ધાર હશે. ૨૦૧૭માં સપાને માત્ર ૪૭ બેઠકો મળી હતી. જયારે બસપાને માત્ર ૧૯ બેઠકો મળી હતી. ઓપિનિયન પોલ અનુસાર બહુજન સમાજ પાર્ટી ૨૮-૩૨ સીટો વચ્ચે જીત મેળવી શકે છે. પ્રિયંકા ગાંધી વાડ્રાના પ્રયાસો છતાં, કોંગ્રેસ ૨૦૨૨ની ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં યુપીના મતદારોને પ્રભાવિત કરવામાં સફળ થતી જણાતી નથી.

નોનવેજ લારીઓનાં વિવાદમાં ભાજપ સંગઠન અને સરકારે હાથ ખંખેરી લીધા

ગુજરાત શાકાહારી રાજય નથી : ૪૦ ટકા ગુજરાતી નોનવેજ ખાય છે !!

ગાંધીનગર તા.૧૭ઃ ગુજરાતમાં શહેરી વિસ્તારોમાં જાહેર માર્ગો પર ઈંડા-નોન વેજની લારીઓ ઉપર પ્રતિબંધ મૂકાયોછે. અમદાવાદ સહિત અન્ય શહેરોમાં ભાજપના શાસકોએ ઈંડા-નોન વેજની લારીઓ હટાવવા કાર્યવાહી શરૂ કરી છે. આ મામલે રાજકારણ પણ ગરમાયુ છે. એટલુ જ નહીં, રોજગારીના મુદ્દાને આગળ લારીવાળાઓ વિરોધ નોંધાવી રહ્યા છે ત્યારે ખુદ ભાજપ પ્રદેશ પ્રમુખે પણ પલટવાર કર્યો છે અને એવો મત વ્યકત કર્યો છેકે, ઈંડા-નોન વેજના વેચાણનો વિરોધ છે જ નહી. જાહેર રસ્તા ઉપર ટ્રાફિકને અવરોધરૂપ લારીઓ જ હટાવાશે. મહત્વની વાત તો એછેકે, અમદાવાદ, વડોદરા, રાજકોટ સહિતના શહેરોમાંભાજપના સત્તાધીશોએ ઈંડા- નોનવેજની લારીઓ જાહેર માર્ગો ઉપરથી હટાવવાનો નિર્ણય કર્યો હતો ત્યારે ખુદ ભાજપ પ્રદેશ પ્રમુખે વિપરીત વલણ દાખવતાં ભાજપના સત્તાધીશો પણ મૂંઝવણમાં મૂકાયા છે. હવે આ નિર્ણયને આગળ ધપાવવો પછી નિર્ણય બદલવો એ અંગે ભાજપના શાસકો વિચારી રહ્યા છે. ગઈ કાલે આણંદમાં ખુદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ કહ્યુ હતું કે, જેને જે ખાવુ હોય તે ખાય, સરકારને કોઈ વાંધો નથી.

બીજી બાજુ, શહેરી વિકાસ મંત્રી વિનુ મોરડિયાએ પણ એવો મત વ્યકત કર્યો કે, ઈંડા-નોન વેજની લારીઓ જાહેર માર્ગ ઉપરથી હટાવવા સરકારે મ્યુનિ.કોર્પોરેશનને કોઈપણ સુચના આપી નથી.આ સરકારનો નિર્ણય જ નથી. ઈંડા-નોનવેજના વેચાણનો કોઈ ઈસ્યુ જ નથી. માત્ર ટ્રાફિકમાં નડતરરૂપ હશે તે લારીઓને જ હટાવાશે. આમ, ઈંડા-નોનવેજનો મુદ્દે ભાજપ સરકાર-સંગઠને હાથ ખંખેરી લીધા છે. દરમ્યાનમાં તાજેતરમાં થયેલા એક સર્વે મુજબ ગુજરાતની શાકાહારી રાજય તરીકેની ઓળખમાં કોઈ દમ નથી. કારણકે સર્વેના તારણો મુજબ ૪૦ ટકા ગુજરાતીઓ નોનવેજ ખાય છે. સર્વે મુજબ હરીયાણા, પંજાબ અને રાજસ્થાન કરતા પણ ગુજરાતમાં વધુ નોનવેજ ખવાય છે !!

કંગનાએ હવે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની મજાક ઉડાવી

મુંબઈ,તા.૧૭

દેશને અસલી આઝાદી ૨૦૧૪માં નરેન્દ્રમોદીની સરકાર સતામાં આવ્યા બાદ મળી છે, ૧૯૪૭માં આઝાદી નહીં ભીખ મળી હતી તેવું તાજેતરમાં વિવાદી નિવેદન કરનાર બોલીવુડ એકટ્રેસ હવે પોતાના વિધાનને જસ્ટીફાય કરવા ગાંધીજીની બુરાઈ કરવા ઉપર ઉતરી આવી છે. કંગનાએ તાજેતરમાં એમ કહીને ગાંધીજીની મજાક ઉડાવી છે કે થપ્પડ ખાવા માટે બીજો ગાલ ધરવાથી આઝાદી નહીં, ભીખ મળે છે. કંગનાએ ગાંધીજીને નીશાન બનાવતા જણાવ્યું હતું કે સુભાષચંદ્ર બોજ અને ભગતસિંહને ગાંધીજી તરફથી કોઈ સમર્થન નહોતું મળ્યું. કંગનાએ ગાંધીજીના અહિંસાના મંત્રને નિશાન બનાવતા જણાવ્યું હતું. કે બીજો ગાલ ધરવાથી ભીખ મળે છે, નહીં કે આઝાદી. કંગના રનૌતે ઈન્સ્ટ્રાગ્રામ ઉપર એક પછી એક પોસ્ટમાં ગાંધીનીને નિશાન બનાવીને કહ્યું હતું કે આપના નાયકોને સમજદારીથી પસંદ કરો.

પેટ્રોલ - ડીઝલનો વેટ ઘટાડાતા ગુજરાત સરકારની તિજોરીમાં રૂા.૨૫ હજાર કરોડનું ગાબડું પડશે

ગાંધીનગર તા. ૧૭

ગુજરાતમાં નેતૃત્વ પરિવર્તન સાથેની નવી સરકાર હજુ સન્માન અને યાત્રાઓમાંવ્યસ્ત છે અને તેમાં હવે તા.૧૮થી૨૦ની નવેમ્બર દરમ્યાન એક જીલ્લાવાઈઝ યાત્રા યોજાઈ રહી છે પણ ગાંધીનગરમાં રાજયના નાણાવિભાગમાં હવે આગામી વર્ષના બજેટની તૈયારી શરૂ થઈ છે. ગુજરાત કોરોના કાળમાંથી બહાર આવી ગયું છે અને હવે આગામી વર્ષે ચૂંટણીનું વર્ષ છે તેથી રાજય સરકારે ચૂંટણીને ધ્યાનમાં લઈને લોકપ્રિય પગલામાં નેટ બજેટ ફાળવણી કરવી પડશે તે નિશ્ચિત છે.

તો બીજી તરફ કોવિડ કાળમાં રાજય સરકારને જે વધારાનો ખર્ચ કરવો પડયો તેની જોગવાઈ પણ કરવાની છે. આ સ્થિતિમાં બજેટમાં લોકપ્રિય યોજનાની ફાળવણીના મુદે સરકાર ફીકસમાં મુકાઈ ગઈ હોવાના સંકેત છે. નાણા મંત્રાલયના ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ ૨૦૨૨-૨૩નું બજેટ લોકપ્રિય યોજનાઓની ફાળવણીના મુદે ટફ પીચ ઉપર છે. હાલમાં જ કેન્દ્રના પગલે ગુજરાતે પેટ્રોલ-ડીઝલના વધતા ભાવમાં રાહત આપવા પેટ્રોલ-ડિઝલમાં જે વેલ્યુ એડેડ ટેક્ષ, વેટ તેમાં ઘટાડો કર્યો છે જેની સીધી અસર રાજયની આવક ઉપર થશે અને તેનાથી રાજયની તિજોરીમાં રૂા.૨૫૦૦૦ કરોડની આવક ઘટશે.

ભારત- પાકિસ્તાનનાં વિભાજન મામલે અનેક રહસ્યો ઉપરથી પડદો ઉંચકાશે

ભારતનાં છેલ્લા વાઈસરોય લોર્ડ માઉન્ટ બેટનની ડાયરી અને પત્રો સાર્વજનિક કરવા બ્રિટનની કોર્ટમાં ચાલુ સપ્તાહે નિર્ણય આવશે

નવી દિલ્હી તા. ૧૭

ભારત અને પાકિસ્તાનના વિભાજનને લઈને બ્રિટિશ સરકારના ઘણા રહસ્યો ટૂંક સમયમાં ખુલી શકે છે.

વાસ્તવમાં યુકે ની કોર્ટમાં સુનાવણીથવાની છે. જેમાંભારતના છેલ્લા વાઈસરોય લોર્ડ માઉન્ટબેટનની ડાયરી અને કેટલાક પત્રોને સાર્વજનિક કરવા અંગે આ સપ્તાહે નિર્ણય લેવામાં આવશે.

ન્યાયાધીશ સોફી બકલી ૧૯૩૦ ના દાયકાથી જાહેર ડાયરીઓ અને પત્રવ્યવહાર કરવા ઉપર માહિતી અધિકાર ટ્રિબ્યુનલની અધ્યક્ષતા કરી રહ્યા છે. આ અંગે શુક્રવાર સુધીમાં સુનાવણી હાથ ધરાશે. બ્રિટિશ-ભારતીય ઈતિહાસમાં આ એક મહત્વપૂર્ણ સમયગાળો છે, જેમાં માઉન્ટબેટન ભારતના ભાગલાની દેખરેખ રાખતા હતા.

તેમાં લોર્ડ લુઈસ અને લેડી એડવિના માઉન્ટબેટન બંનેના અંગત ડાયરીઓ અને પત્રો પણ છે. બ્રિટનની કેબિનેટ ઓફિસે કહ્યું છે કે તે કાગળોમાંની મોટાભાગની માહિતી પહેલાથી જ સાર્વજનિક છે અને ભારત અને પાકિસ્તાનના કોઈપણ ગોપનીય પાસાઓનો ખુલાસોઅન્ય દેશો સાથેના બ્રિટનના સંબંધોને અસર કરશે.

૨૦૧૧ માં, યુનિવર્સિટી ઓફ સાઉથમ્પ્ટનએ માઉન્ટબેટન પરિવાર પાસેથી બ્રોડલેન્ડ્સ નામના દસ્તાવેજો ખરીદ્યા. તેના માટે ૨૮ લાખ બ્રિટિશ પાઉન્ડના પબ્લિક ફંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેની પાછળનો હેતુ આ દસ્તાવેજોને સાર્વજનિક કરવાનો હતો. જોકે, તે સમયે યુનિવર્સિટીએ કેબિનેટ ઓફિસને કેટલાક પત્રો મોકલ્યા હતા.

આ ક્રમમાં, તે પત્રોને પણ સાર્વજનિક કરવા માટે કહેવામાં આવ્યું હતું, જે લેડી માઉન્ટબેટને ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુને લખ્યા હતા. ૧૯૪૮ થી ૧૯૬૦ વચ્ચે લખેલા પત્રોની કુલ ૩૩ ફાઈલોહતી. આમાં નેહરુએ એડવિના માઉન્ટબેટનને લખેલા પત્રોનો સમાવેશ થાય છે.

સાઉધમ્પ્ટન યુનિવર્સિટીએ જવાબ આપતા કહ્યું કે નેહરુ અને લેડી માઉન્ટબેટન વચ્ચેનો પત્રવ્યવહાર હજુ પણ અંગત કબજામાં હતો અને તે ગોપનીય હતો, પરંતુ યુનિવર્સિટીને તેમાં વધુ રસ હતો. આ અંગેનો નિર્ણય હજુ બાકી હતો જેની સુનાવણી આ અઠવાડિયે થવાની છે.

સમાચાર રાઉન્ડ અપ

- આજે કમલમ ખાતે ભાજપની પ્રદેશ કારોબારીની બેઠક : ૨૦૨૨ની જીતનો સંકલ્પ
- દક્ષિણ ભારતનાં રાજયોમાં ભારે વરસાદ : પાંચનાં મોત
- દેશમાં ૫૨૭ દિવસ બાદ કોરોનાનો ગ્રાફ ઘટયો
- ભારતમાં હવે કોરોનાનો ખતરો નહિવત : અમેરીકાએ નવી એડવાઈઝરી જાહેર કરી
- કોવિડનાં કારણે મૃત્યુ પામનાર પત્રકારોનાં પરીવારને રૂા.૧ કરોડનું વળતર આપવા પત્રકાર સંઘની માંગ
- આગામી બે મહિનામાં ગુજરાતમાં ૧.૫ લાખ લગ્નો થશે : રૂા. ૩૦ હજાર કરોડનાં ટર્નઓવર સાથે અર્થતંત્રમાં પ્રાણ ફુંકાશે

પ્રિન્સીપાલ જોઈએ છે

અનુભવી અને શાળાનું સ્વતંત્ર સંચાલન કરી શકે તેવા દિવસ-૭ માં સંપર્ક કરો
(સમય : સવારે ૯ થી ૧૨)

કિશોર એકેડેમી

ટીંબાવાડી, જૂનાગઢ.
સંપર્ક : ૯૪૨૮૬ ૨૪૭૩૯
કે.જી. થી ધો. ૧૨માં પ્રવેશ કાર્ય ચાલુ છે.
(બસ-હોસ્ટેલની સુવિધા સાથે)

વિશ્વાસપાત્ર બિયારણ મેળવવાનું એકમાત્ર સ્થળ

દરેક જાતના શાકભાજી બિયારણો
● હાઈબ્રીડ બિયારણો ● ઘાસચારા બિયારણો

જલારામ એગ્રો સેન્ટર

ધ્રુવ ચેમ્બર્સ, હોટલ આનંદ સામે,
બસ સ્ટેન્ડ રોડ, જૂનાગઢ.
સંપર્ક : ૯૭૧૪૦ ૪૬૨૦૬
ફોન કરવાનો સમય : સવારે ૯ થી સાંજે ૭

હોટલ / રીસોર્ટ/ગેસ્ટહાઉસ ભાડે / લીઝથી જોઈએ છે

જૂનાગઢ, ગિર સોમનાથ, દેવભૂમિ દ્વારકા વિસ્તારમાં વાર્ષિક ધોરણે ચલાવવા માટે જોઈએ છે
સંપર્ક : ૯૬૨૪૪ ૬૫૦૦૦

સ્ટાફ જોઈએ છે

કોમ્પ્યુટરનાં અનુભવી અને સિંગદાણાનાં કારખાનાનાં અનુભવી સ્ટાફની જરૂર છે. પગાર લાયકાત મુજબ આપવામાં આવશે.
:: કોન્ટેકટ ::
૯૯૦૪૭ ૬૫૭૫૭, ૯૯૭૪૬ ૫૫૭૫૭

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

બીના ઈલેકટ્રોનિકસ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% પ્રોસેસીંગ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ફ્લેટ વેચાવ છે

2BHK બે રૂમ, હોલ, રસોડું, બે રવેશ, ફુલ હવા ઉજાસ, ૨૪ કલાક લીફટ
ફુલ પાર્કીંગ, ૨૪ કલાક પાણી,
સેમી ફર્નિચર સાથે, ૮મો માળ, ૮-બી
કિંમત ૧૩.૫૦
અબ્દુલ્લા બાગ એપાર્ટમેન્ટ, જેલ રોડ, મુલ્લાવાડાનાં નાકે, જૂનાગઢ
અલ્તાફભાઈ કલ્યાણી
મો. ૯૩૨૭૩ ૫૦૪૮૬

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત



વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાપાસ ચોકડી, ૯-સ્કવેર બિલ્ડીંગ, ત્રીજા માળે, કે.જે. હોસ્પીટલની બાજુમાં, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ૐ ઉપચાર કેન્દ્ર

ડૉ. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસાઈટીસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા,
● નેત્ર તર્પણ : આંખના નંબર ઉતારવા, આંખમાં બળતા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીનાં રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

સોમનાથ ચોપાટીએથી પોલીસને મળી આવેલ

દોઢ વર્ષની માસુમ બાળકીનું ભિક્ષાવૃત્તિ કરાવવા માટે નાગપુરથી અપહરણ થયાનો ઘટસ્ફોટ

ગત તા.૨૨ ઓક્ટોબરના રોજ મહારાષ્ટ્રના અમરાવતીનો શખ્સ અપહરણ કરી સૌરાષ્ટ્રમાં લઇ આવેલ : માસુમ બાળકી ગુમ થયા અંગે નાગપુર પોલીસમાં જાણવાજોગ ફરીયાદ નોંધાયેલ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૧૭

સોમનાથના સમુદ્ર કિનારેથી બે દિવસ પહેલા દોઢ વર્ષની બાળકીને માર મારી રહેલ મહારાષ્ટ્રના શંકાસ્પદ યુવકને પકડી લેવાયાના મામલે ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. જેમાં પરપ્રાંતીય યુવકે ભિક્ષાવૃત્તિ માટે માસુમ બાળકીનું ગત ૨૨ ઓકટોબરના નાગપુર રેલવે સ્ટેશન નજીકથી અપહરણ કર્યુ હોવાનું પોલીસ પૂછપરછમાં ઘટસ્ફોટ થયો છે. આ માસુમ બાળકી ગુમ થવાના મામલે નાગપુર પોલીસ સ્ટેશનમાં બાળકીના ગુમસુદાની એન્ટ્રી નોંધાઈ હોવાનું જાણવા મળતા પોલીસ દ્વારા બાળકીના માતા પિતાને જાણ કરી અત્રે બોલાવવામાં આવ્યા છે. હાલ માસુમ બાળકીને પ્રભાસ પાટણ પોલીસ સ્ટાફ દ્વારા ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

તા.૧૩મીને સાંજે સોમનાથ ચોપાટી ઉપર સાંજનાં સમયેએક શખ્સ શંકાસ્પદ હાલતમાં દોઢ વર્ષની માસુમ બાળકીને માર મારતો હોવાની પોલીસને જાણ થતા પીઆઈ એન. એમ. આહીર ડી-સ્ટાફના વિશાળ ગળચર, હેંમત સોલંકી સહિતના સાથે ઘટના સ્થળે દોડી જઈ માસુમ બાળકી અને તેને મારનાર શખ્સને પોલીસ મથકે લાવી હતી. બાળકીને માર મારેલ ઈજાઓ થયેલ હોવાથી સારવાર કરાવવામાં આવી હતી. બાદ તપાસ કરતાં હુમલાખોર શખ્સ મહારાષ્ટ્રના અમરાવતીમાં રહેતો સુરજ પ્રકાશરાવ ખીરડકર હોવાનુંજાણવામાંમાળ્યુ હતું. આ શખ્સ બાળકી પોતાની હોવાનો પોલીસ સમક્ષ દાવો કરી રહ્યો હતો. જો કે તેના લગ્ન થયાનું હોવાનુંપોલીસને જાણવા મળતા એક તબક્કે પોલીસ સ્ટાફ ચકરાવે ચડ્યો હતો. પોલીસને તેની પાસેથી રેલવેની ટીકીટો મળી આવેલ હતી.

જેથી પોલીસે ગુજરાત મહારાષ્ટ્રનાં પોલીસ સ્ટેશનમાં જાણ કરી સોશ્યલ મીડીયામાં મુકતા આ બાળકી મૂળ અલ્હાબાદ રહેતા અને હાલ ડીલેવરી માટે નાગપુર આવેલ દીપાપ્રેમ ભારથીની પુત્રી હોવાનું અને તેની ગમસુદા થયાની ફરિયાદ નાગપુર પોલીસમાં ગત તા.૨૨ નાં રોજ નોંધણી થઈ હોવાનું જાણવા મળેલ હતુ.ત્યારબાદ નાગપુર પોલીસ સાથે સંપર્ક કરી બાળકીની ઓળખકરેલ હતી. બાળકી મળી હોવા અંગે તેના માતા-પિતાને જાણ કરવામાં આવતા માસુમ બાળકીનો કબજો લેવા માટે તેના પરિવારજનો સોમનાથ આવવા નીકળી ગયા હોવાનું જાણવા મળેલ છે. માસુમ બાળકીના માતા-પિતાની વિગતો જાહેર થતા પોલીસ દ્વારા અટકાયત કરેલ અમરાપુરના શખ્સ સુરજ પ્રકાશરાવની પૂછપરછ હાથ ધરતા ભિક્ષાવૃત્તિ કરાવવા માટે માસુમ બાળકીનું નાગપુર રેલવે સ્ટેશન નજીકથી તા.૨૨ નારોજ અપહરણ કર્યાનું જણાવ્યુંહોવાનું પીઆઈ એન.એમ. આહીરે જણાવેલ છે.

વિધાતાએ સાતમાં ધોરણથી અભ્યાસ છોડાવ્યો, શોખે અરવિંદભાઈના ચિત્રોને દ્વારકાધીશ મંદિર સુધી પહોંચાડ્યા

૮૦૦થી વધારે ચિત્રો બનાવનારા અરવિંદભાઈના ચિત્રે આ વર્ષે માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતાં દીપોત્સવી અંકમાં પણ સ્થાન મેળવ્યું

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૭

આપણા સમાજમાં સાચું જ કહેવાયું છે કે, જે માણસ પોતાની સૌથી મોટી આવડત એવા શોખ પાછળ ભાગે છે તેને સફળતા અવશ્ય મળીને જ રહે છે. પરંતુ કમનસીબે ઘણાં એવા લોકો છે કે, જે પરિવારના નિર્વાહ અને રોજીરોટીના ચક્કરમાં ફસાઈને પોતાના શોખને પડતો મૂકવા મજબૂર બને છે અને આખુંજીવન પૈસા પૈસા કરતા જ વિતાવે છે. આવા લોકોને પ્રેરણા આપે એવો કિસ્સો દેવભૂમિ દ્વારકા જિલ્લાના જામકલ્યાણપુર તાલુકામાંથી મળી આવ્યો છે. જામ કલ્યાણપુર તાલુકાના કેનેડી ગામમાં અરવિંદભાઈ દેવરાજભાઈ ખાણધર રહે છે. અરવિંદભાઈના ઘરનો વ્યવસાય ખેતી. બા-બાપુજી ખેતી કરે. ઘણી વખત અમુક આર્ટ ભગવાન તરફથી માણસને ગોડ ગિફ્ટ તરીકે મળ્યાં હોય છે. અરવિંદભાઈના કેસમાં પણ એવું જ.... તેમને નાનપણથી જ ચિત્રકલામાં ખૂબ જ રસ. સાતમાં ધોરણમાં હતા એવખતે નાના-મોટા ઘણાંચિત્રો બનાવ્યા કરતા હતા. અરવિંદભાઈ ઘરમાં એકમાત્ર દિકરા, તેમનાથી મોટી ૩ મોટી બહેનો હતી. ત્રણેય બહેનો સાસરે ગયા પછી ખેતીની જવાબદારી અરવિંદભાઈ ઉપર આવી પડી હતી. એસમય એવો વિચિત્ર હતો કે અરવિંદભાઈ માટે ખેતી, અભ્યાસ અથવા ચિત્ર કરવી જરૂરી હતી. આખરે પરિવારના નિર્વાહ અને જવાબદારીના લીધે અરવિંદભાઈને ખેતીની પસંદગી કરવી પડી. થોડા સમય સુધી તેમણે ખેતી કરી, પણ અંતરમાં સુષુપ્ત અવસ્થામાં રહેલો શોખ રહી રહીને દેખા દીધે રાખતો હતો. ધીરે ધીરે અરવિંદભાઈએ ખેતીની સાથે સાથે ચિત્રો બનાવવાનુંશરૂ કર્યુ હતું. અત્યાર સુધીમાં અરવિંદભાઈએ ૮૦૦થી વધારે ચિત્રો બનાવ્યાં છે. અનેક વ્યકિત, મહાનુભાવોના ચિત્રો ઉપરાંત રાજ્યો અને દેશના નકશા અને સંસ્થાઓના લોગો પણ અરવિંદભાઈએ બનાવ્યા છે. ઝાંસી ખાતે યોજાયેલી મણિકર્ણિકા આર્ટ ગેલેરીમાં યોજાયેલ એક્ઝિબિશનમાં કુલ ૧૪ દેશના ૧૮૧ કલાકારોની કૃતિઓમાં અરવિંદભાઈની ૨ કૃતિનો પણ સમાવેશ થયો છે. ઓઈલ પેઈન્ટ, પ્લાસ્ટિક પેઈન્ટ ઉપરાંત પેન્સિલ વર્કથી પણ ચિત્રો બનાવવામાં માહેર એવા અરવિંદભાઈની કેટલીય કૃતિઓ વિવિધ અખબારો અને પ્રકાશનોમાં પણ ચમકી ચૂકી છે. ગુજરાત સરકારે ૨૦૨૧ની દિવાળી સમયે માહિતી ખાતાનો જે દિપોત્સવી અંક બહાર પાડ્યો તેમાં પણ અરવિંદભાઈના ચિત્રો પ્રકાશિત થયાં છે. અરવિંદભાઈએ પોતાના શોખને તેને રોજીરોટીની સાથોસાથ સતત જીવતો રાખ્યો અને તેના લીધેજ આજે તેમનાચિત્રો અનેક જગ્યાએ સ્થાન પામ્યા છે અને વખણાયા છે. આજે દ્વારકાસ્થિત દ્વારકાધીશ મંદિરમાં પણ અરવિંદભાઈના ચિત્રો સ્થાન પામ્યા છે, જે તેમની ચિત્રો દોરવાની કાબેલિયત દર્શાવે છે.

પોલીસ લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરે, તે વધુ અત્યાધુનિક, તકનિકી રીતે અદ્યતન બને, ફોરેન્સિક કુશળતા ધરાવે અને મજબૂત સાયબર ક્રાઈમ એકમો ધરાવે : આઈબીનાં પૂર્વ સ્પે. ડાયરેક્ટર આઝાદ

નવી દિલ્હી તા.૧૭

સીબીઆઈ અને ઈડીનાં ડાયરેકટરોની મુદત પાંચ વર્ષ સુધી લંબાવવાનાં સરકારનાં નિર્ણયથી દર વર્ષે નવીનીકરણ થઈ શકે છે, જેનાં કારણે રાજકીય, કાયદાકીય અને અમલદારશાહી વર્તુળોમાં ફફડાટ ફેલાયો છે. સંસદની બેઠક મળવાનાં પખવાડીયા પહેલા બે વટહુકમ બહાર પાડવાનાંનિર્ણયથી સંસદ સભ્યો રોષે ભરાયા છે. રવિવારે પહેલો વટહુકમ જાહેર કર્યા પછી સરકાર બીજા દિવસે ઝડપથી મુળભુત નિયમો ૧૯૨૨માં સુધારો કરવા માટે તેમને સેન્ટ્રલ વિજિલન્સ કમિશન એકટ અને ઈડી અને સીબીઆઈને સંચાલિત કરતા દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશિંગ એકટનાં સુધારા સાથે સુમેળમાં લાવવા માટે આગળ વધી હતી. દિલ્હી પોલીસ કમિશ્નર રાકેશ અસ્થાનાની નિમણુંક સરકારને કાનુની મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો, જેમને નિવૃત થવાનાં હતા તે પહેલા એક વર્ષનો વધુ સમયગાળો આપવામાં આવ્યો હતો. કારણ કે, વર્તમાન ઈડી ડિરેકટર સંજયકુમાર મિશ્રાનો કાર્યકાળ આવતીકાલે ૧૭ નવેમ્બરે સમાપ્ત થાય છે. સરકારે ગયા વર્ષે ૨૦૧૮માં જારી કરાયેલા નિમણુંકનાં નિયમોમાં સુધારો કર્યો હતો અને તેમને બે વર્ષનું એકસ્ટેન્શન આપ્યું હતું, જેથી તેમને ત્રીજા વર્ષનું વધુ એકસ્ટેન્શન આપવામાં આવ્યું હતું. કોમન કોઝ દ્વારા દાખલ કરવામાંઆવેલી પીઆઈએલમાં આનિર્ણયને પડકારવામાંઆવ્યો હતો, જેને સુપ્રિમ કોર્ટે ફગાવી દીધો હતો અને મિશ્રાની મુદત વધુ લંબાવવામાં ન આવે તેવો નિર્દેશઆપ્યો હતો. ઈન્ટેલિજન્સ બ્યુરોનાં ભૂતપૂર્વ સ્પેશિયલ ડાયરેકટર અને ભૂતપૂર્વ કેન્દ્રીય માહિતી કમિશ્નર યશોવર્ધન આઝાદે સોમવારે ટિવટર ઉપર આ વિષે તેમની નારાજગી વ્યકત કરી હતી. નોશનાલ હેરાલ્ડને આપેલા એક વિશિષ્ટ ઈન્ટરવ્યૂમાં આઝાદે જે ૧૯૭૯ બેચનાં આઈપીએસ અધિકારી છે, તેઓએ અમિતાબ શ્રીવાસ્તવ સાથે વાત કરતા જણાવ્યું કે, શા માટે તેઓ માને છે કે, તાજેતરનાં ફેરફારો અપમાનજનક અને મનસ્વી છે. તેમની વાતચીતનાં અંશો અહી આપવામાં આવ્યા છે.

પ્રશ્ન : શું તમને લાગે છે કે, નવો વટહુકમ સુપ્રિમ કોર્ટને બાયપાસ કરવા અથવા તેની અવગણનાં કરવા માટે બહાર પાડવામાં આવ્યો છે ?

ઉત્તર : એવું નથી કે આ નિયમો અપમાન છે. છેલ્લા કેટલાક સમયથી આવા ફેરફારો અંગે પ્રયાસ થઈ રહ્યા છે. પરંતુ મારી સમસ્યા એ છે કે, તે સેવા નિયમોની ભાવનાથી ખલેલ પહોંચાડે છે જે ભારતીય અમલદારશાહીમાં આ અત્યંત સંવેદનશીલ હોદાઓ માટેનું માળખું છે, તે આ હોદા ધરાવતા અધિકારીઓનાં મનોબળને નષ્ટ કરે છે અને એક દર વર્ષે એકસ્ટેન્શનની જોગવાઈ એ તેમને કરાર આધારીત મજૂર જેવા બનાવે છે. એક નિશ્ચિત કાર્યકાળ જાહેર કરવામાં આવે તો તે નવા આવનાર અધિકારીને તેમના વિચારોને અમલમાં મુકવા માટે યોજના બનાવવા અને વ્યૂહરચના ઘડવા માટે સમય આપે છે.

પ્રશ્ન : વર્તમાન સરકાર પાસે સંસદમાં જંગી બહુમતી છે. સંસદનાં સત્રનાં પખવાડિયા પહેલા આ ફેરફારો લાવવાનો અર્થ શું હતો ? શું તેઓ ચર્ચાથી ડરે છે ?

ઉત્તર : તેઓ જાણે છે કે, વિરોધ પક્ષ તેઓને આમુદ્દા ઉપર સંસદને કામ કરવા દેશે નહી. પરંતુ આ એક પ્રણાલીગત સમસ્યા છે. વિપક્ષનાં વિશ્વાસ અને શાસકપક્ષનાં હેતુને સંતુલિત કરતી સિસ્ટમ આપણે કેવી રીતે બનાવી શકીએ? જો તેમની પાસે આ વડાઓની પસંદગીની સિસ્ટમ હોય, જેમાં વિપક્ષનાં નેતા પણ તેનાં વડાની પસંદગીની પ્રક્રિયામાં સમાન રીતે સામેલ હોય, તો તે લોકશાહી સેટઅપની ભાવનાં અને પારદર્શિતા સ્થાપિત કરવામાં મદદ કરશે.

પ્રશ્ન : શું આ તેમનાં પોતાનાં મનપસંદ લોકોને પદ ઉપર બેસાડવાનો પ્રયાસ છે ?

ઉત્તર : અલબત્ત તમામ સરકારો આવું કરે છે. તેઓએ શીલવર્ધનને આગામી આઈબી ચીફ ન બનાવીને તેમનો ઈરાદો પહેલેથી જ બતાવી દીધો છે, જેઓ આ પદને લાયક હતા. મુદ્દો એ છે કે, નવીનતમ સુધારા એ તમામ નિયમોને કચડી નાખવાની પ્રક્રિયાનું વિસ્તરણ છે અને સંસદનાં સહમતીની કાળજી લેવામાં આવી નથી. તમામ ટોચનાં અધિકારીઓની નિયુકિતઓ એકસ્ટેન્શન ઉપર છે. આઈબી અને રોનાં ચીફ પહેલાથી જ તેમની બે વર્ષની એકસ્ટેન્શન જોગવાઈને વટાવી ચૂકયો છે. પરંતુ તેઓ તેમની પોસ્ટ ઉપર ચાલું છે. તેમની નિવૃત્તિનાં એક કે બે મહિના પહેલા તેઓ એકસ્ટેન્શનની જાહેરાત કરે છે જે સિસ્ટમની મજાક ઉડાવવા જેવું છે. આ બધુ મારા માટે ખૂબ જ નિરાશાજનક છે. લોકતાંત્રિક રીતે ચૂંટાયેલી સરકાર તરીકે તેમણે સંસદને વિશ્વાસમાં લેવી જોઈએ અને લોકોને જણાવવું જોઈએ કે આ તેમનો નિર્ણય છે અને તેઓ આવું શા માટે કરી રહ્યા છે.

પ્રશ્ન : શું તમે લાગે છે કે, કાયદાનું શાસન સ્થાપિત કરવા અને લોકોનો વિશ્વાસ જીતવા માટે સરકારે ૧૮૬૧નાં ભારતીય પોલીસ અધિનિયમમાં સુધારા કરવા જોઈએ, જે લાંબા સમયથી પેન્ડિંગ છે. આજે તેઓ રાજદ્રોહ અને અન્ય કૃત્યો જેવા આરોપો લાદી રહ્યા છે તે કાઢી નાખવા જોઈએ ?

ઉત્તર : આ એક બીજોવિષય કે મુદ્દો છે. પોલીસ સુધારણા એ ચાર કે પાંચ મુદ્દાઓથી આગળ વધવું જોઈએ જે સુપ્રિમ કોર્ટે સૂચવ્યું હતું, તે મહત્વપૂર્ણ છે પરંતુ આપણે એ પણ જોવું પડશે કે પોલીસ લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરે, તે વધુ અત્યાધુનિક, તકનિકી રીતે અદ્યતન બને, ફોરેન્સિક કુશળતા ધરાવે અને મજબૂત સાયબર ક્રાઈમ એકમો ધરાવે. રાજયો પોલીસ સુધારામાં રોકાણ કરવામાં અચકાય છે કારણ કે, તેમની પાસે તેનાં માટે ભંડોળ નથી અને તેઓ કેન્દ્ર ઉપર નિર્ભર છે.

સાબરકાઠાનાં ગઢડા અને હિંમતનગર ખાતે

કોંગ્રેસનાં સ્નેહમિલન કાર્યક્રમમાં આગેવાનોનાં ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો

હિંમતનગર તા. ૧૭

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા જન જાગરણ અભિયાન અને સ્નેહમિલન સંમેલન યોજાઈ રહયા છે. તે અંતર્ગત ગુજરાત પ્રદેશ પ્રભારી ડો. રઘુ શર્માનાં અધ્યક્ષ સ્થાને સાબરકાંઠા જીલ્લામાં ગઢડા ગામે તથા હિંમતનગર ખાતે કાર્યક્રમ યોજાયા હતાં. જેમાં ઉપસ્થિત આગેવાનોએ ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતાં. ખાસ કરીને વિરોધ પક્ષનાં નેતા પરેશ ધાનાણીએ ઈંડા અને નોનવેજ બંધ કરાવવાનાં મુદે સરકાર ઉપર આકરા પ્રહાર કરતા ગુજરાતનાં દરિયા કિનારે ડ્રગ્સનાં છિંડા બંધ કરાવવાનાં બદલે સરકાર ઈંડા બંધ કરાવી પ્રજાનું ધ્યાન બીજે ભટકાવવાનું કામ કરી રહી છે તેમ જણાવ્યું હતું.

જયારે હાર્દિક પટેલે જણાવ્યું હતું કે ભાજપનાં રાજમાં ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર સિવાય બીજો કોઈ વિકાસ થયો નથી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ અમીત ચાવડાએ જણાવ્યું હતું કે ભાજપનાં રાજમાં મોંઘવારીએ માઝા મુકી છે. ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. તેલ, ગેસ, શાકભાજી, ખાણીપીણીની વસ્તુઓનાં ભાવ આસમાને છે અને ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે.

હઝરત પીરાનેપીર જમાલપુર દરગાહેથી શાનદાર ઝુલુસ યોજાયું

અમદાવાદ તા.૧૭

હંમેશા સત્ય બોલવાનો સંદેશો આપનારા તમામ વલીઓના સરદાર એવા હઝરત અબ્દુલ કાદિર જીલાની(ગૌસલ આઝમ દસ્તગીર)રહે.ની ૧૧ શરીફ નિમિત્તેહઝરત પીરાનેપીર જમાલપુર દરગાહથી એક શાનદાર ઝુલુસ દબદબાભેર નીકળ્યું હતું. આ ઝુલુસમાં ફિરોઝખાન પઠાણ, મુનિરભાઈ કલીમી, ઉસ્માનભાઈ કુરેશી, જી.પી.ચાવાલા સહિત વિવિધ મસ્જિદોના ઈમામસાહેબો, હઝરત શાણીજી ગામધણી દરગાહના સજ્જાદાનસીન જુનેદબાબા તેમજ અકીદતમન્દો જોડાયા હતા તે સમયની પ્રસ્તુત તસ્વીર છે.

ખંભાળિયા સહિત જિલ્લામાં કમોસમી વરસાદની સંભાવનાના પગલે તંત્ર એલર્ટ

જામ ખંભાળિયા તા.૧૭

રાજયના જુદા-જુદા વિસ્તારોમાં આગામી ત્રણ-ચાર દિવસમાં કમોસમી વરસાદ વરસવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા જારી કરવામાં આવી છે. જેમાં ખંભાળિયા સહિત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ સંભવતઃ તારીખ ૨૦મી સુધી કમોસમી માવઠું વરસવાની શકયતા છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આ આગાહીના અનુસંધાને ખંભાળિયાના માર્કેટિંગ યાર્ડતથા ખુલ્લામાં રહેલા ખેતીના માલ તેમજ પરિવહન દરમ્યાન ખેત જણસ સહિતની બાબતે લોકોને નુકશાની ન થાય તે હેતુથી અહીની કલેકટર કચેરી દ્વારા સંબંધિત તંત્રને સાવચેત રહેવા તેમજ આ માવઠા અંગે લોકોને અને ખાસ કરીને ખેડૂતોને માહિતગાર કરવા જણાવાયું છે. આ અન્વયે અહીના નિવાસી અધિક કલેકટર દ્વારા જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા રજીસ્ટ્રાર તથા જિલ્લા પુરવઠા અધિકારીને જરૂરી પગલાં લેવા પણ જણાવાયું છે.

જૂનાગઢના ગામડાઓમાં કલીન ઈન્ડીયા નાટકનું આયોજન થયું

જૂનાગઢ, તા.૧૭

જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી - જૂનાગઢના ઉપક્રમે જૂનાગઢની નામાંકિત નાટક સંસ્થા શ્રી કલારંગ નાટ્ય મંદિર (મંડળી) દ્વારા તા.૯ થી તા. ૧૫/૧૧/૨૦૨૧ સુધી જૂનાગઢ તાલુકાના ૧૧ ગામોજેવા કે ડુંગરપુર, પાતાપુર, નવાગામ, ચોરવાડી, પત્રાપસર, આંબલીયા, ખ્લાસવા, ઈવનગર, માખીયાળા, નવા-પીપળીયા, મંડલીકપુર ગામે સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૨૧ ક્લીન ઈન્ડિયા નાટકનું આયોજન રાખેલ હતું. જે અંતર્ગત બહોળી સંખ્યામાં ગામના લોકો હાજર રહ્યા હતાં. નાટકનું નામ સ્વરછ, સુરક્ષિત, અમારૂ કામ, થાય અમારૂ આદર્શ ગામ હતું.

જૂનાગઢ મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં આશરે રૂા.૧૩ કરોડનાં વિકાસ કામોને મંજુરી

જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢ મનપાની સ્થાયી સમિતિ ચેરેન રાકેશભાઈ ધુલેશીયાના અધ્યક્ષસ્થાને મળેલી સ્ટેન્ડીંગની બેઠકમાં સદસ્યો શશીકાંતભાઈ ભીમાણી, મહેન્દ્રભાઈ મશરૂ, હરેશભાઈ પરસાણા, આદ્યશકિતબેન મજમુદારપ, સરલાબેન સોઢા સહીતના સદસ્યોની ઉપસ્થિતિમાં મળેલ હતી. આ બેઠકમાં ઉપસ્થિત સદસ્યો તથા અધિકારીઓની હાજરી વચ્ચે આ બેઠકમાં સર્વાનુમતે વિકાસલક્ષી નિર્ણયો લેવામાં આવેલ છે જેમાં જૂનાગઢ મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૨માં દિપાંજલી -૧ તથા ૨માં જુદી જુદી શેરીઓમાં પાણીની પાઈપલાઈન નાખવા માટે કુલ રકમ રૂા.૪૫,૭૩,૩૭૭ જેવી રકમ મંજુર કરવામાં આવેલ છે. આ ઉપરાંત જૂનાગઢ શહેરમાં આવેલ જાહેર ઉદ્યાનો, બગીચાઓ, વાહનોના પાર્કીંગની જાહેર સગવડના સ્થળો તથા કોર્પોરેશન વિસ્તારોમાં સુચિત પાર્કીંગ પોલીસીનો કમિશ્નર તરફથી રજુ કરવામાં આવેલ જોગવાઈઓ અને ટ્રાફીકની સમસ્યા નિવારણની પોલીસીને મંજુર કરવામાં આવેલ છે તેમજ જૂનાગઢ મહાનગરપાલિકા હસ્તકના આઈસીડીએસ ડીપાર્ટમેન્ટ દ્વારા સરકારની આંગણવાડી ગ્રાન્ટ ખર્ચ અન્વયે (૧) રથખાના સુખનાથચોક ડેલા તથા (૨) દાતાર એન્ટ્રી ગેઈટ મુબારકબાગ ખાતે આંગણવાડી તૈયાર કરવા માટે કુલ રકમ રૂા.૨૪,૮૭,૪૦૦નો ખર્ચ મંજુર કરવામાં આવેલ છે. વધુમાં રાજય સરકાર દ્વારા કોરોના મહામારી દરમ્યાન વેપાર અને ઉદ્યોગક્ષેત્રમાં જે રીતે લોકોને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડયોછે તેમાં રાહતરૂપ થવાના ભાગરૂપે પ્રોપર્ટીટેક્ષમાં રાહત આપવાનો નિર્ણય લેવામાં આવેલ હતો જે અન્વયે મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ હોટેલ, રીસોર્ટસ, રેસ્ટોરન્ટ, એમ્યુઝમેન્ટપાર્ક, વોટરપાર્ક, સીનેમાઘરો, મલ્ટીપ્લેકસ, જીમ્નેશ્યમ તમામને પ્રોપર્ટીટેક્ષમાંથી મુકિત આપવાનો નિર્ણય લેવામાં આવેલ છે. જયારે જૂનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા સર્વેક્ષણ અભિયાનના પ્રચાર/પ્રસાર અને લોકોને સ્વચ્છતા માટે પ્રેરણાબધ્ધ બનાવવાના આશયથી શહેરના મુખ્ય વિસ્તારમાં ૪ સ્થળો ઉપર રૂા.૫૨,૬૭,૨૦૦ના ટેન્ડરના નિયમો અને શરતો મંજુર કરવા એલઈડી સ્ક્રીન મુકવાની કમિશ્નરની દરખાસ્તને મંજુર કરવામાં આવેલ છે. જયારે જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારમાં મૃતપ્રાય બનતા અબોલ જીવોના મૃતદેહની કોઈ નિકાલવ્યવસ્થા ન હોઈ જે ઈવનગર ડમ્પીંગ સાઈટ ખાતે મૃતપ્રાણીઓના મૃતદેહની અંત્યેષ્ટી માટે ભઠ્ઠી ફીટ કરવા રાજયસરકારની સ્વર્ણીમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના તળે રકમ રૂા.૮૬ લાખના ખર્ચે કામગીરી હાથ ધરવા ટેન્ડરના નિયમો અને શરતોને મંજુર કરવામાં આવેલ છે. જૂનાગઢ મહાનગરપાલિકાને રાજય સરકાર દ્વારા ફાળવાયેલ સ્વર્ણીમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના તળેની જનરલ, એસસીએસપી તથા ટીએએસપી ગ્રાન્ટો અન્વયે તમામ વોર્ડોના કોર્પોરેટરો દ્વારા સુચવવામાં આવેલ વિકાસકાર્યોને યાદી તૈયાર કરી અનુક્રમે જનરલ ગ્રાન્ટની રૂા.૪,૬૬,૧૧,૧૫૯ એસપસીએસપી ગ્રાન્ટના રૂા.૧,૪૯,૯૪,૭૫૬ તથા ટીએએસપી ગ્રાન્ટના ૫,૫૩,૭૦,૮૫૮નું આયોજન બાંધકામ શાખા દ્વારા રજુ કરવામાં આવતા આ ટેન્ડર પ્રક્રિયાનો મંજુર કરી સરકાર તરફ આખરી મંજુરી અર્થે મોકલવાનું મંજુર કરવામાં આવેલ છે. જેથી તમામ વોર્ડોનો સમતોલ વિકાસ હાથ ધરી શકાશે. જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા ઐતિહાસિક રીતે નિર્ણય લેતા સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન રાકેશભાઈ ધુલેશીયા દ્વારા મહાનગરપાલિકા હદવિસ્તારમાં આકારણી માટે બાકી રહેતા તમામ કાચા મકાનો (ઝુંપડ પટ્ટી)માં વેરો લાગુ કરવા માટે આયોજન નક્કી કરવામાં આવેલ છે.

ગિરનાર રોપ-વે તા.૨૪ અને ૨૫ નવેમ્બર બંધ રહેશે

જૂનાગઢ, તા.૧૭ : ગિરનાર રોપ-વે આગામી તા.૨૪ અને ૨૫ નવેમ્બરના રોજ મેન્ટેનેન્સની કામગીરી અન્વયે જાહેર જનતા માટે બંધ રહેશે. એક અખબારી યાદી મુજબ ગિરનાર રોપ-વેની મેન્ટેનેસની કામગીરી તા.૨૪-૧૧-૨૦૨૧ અને તા.૨૫-૧૧-૨૦૨૧ના રોજ કરવાની થતી હોય આ બંને દિવસોમાં રોપ-વે સેવા બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રોપ-વેની સેવા ભાવિકો માટે તા.૨૬-૧૧-૨૦૨૧ના રોજ રાબેતા મુજબ શરૂ રહેશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું જૂનાગઢમાં કરાયું ઉષ્માભર્યું સ્વાગત

જૂનાગઢ, તા.૧૭ : જૂનાગઢ ખાતે તાજેતરમાં પધારેલા ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું ઉષ્માભર્યું સ્વાગત વાણંદ સમાજના આગેવાનો વિપુલભાઈ પરમાર, ભરતભાઈ વાજા, મનીષ વાઢેર, વિજય ચુડાસમા, પ્રફુલભાઈ ચુડાસમા, ધર્મેશ પરમાર દ્વારા કરવામાં આવેલ હતું.

જૂનાગઢ જિલ્લામાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૨ને આવકારતા યુવાનો

નવયુવાનો આંગળીના ટેરવેથી ઘર બેઠા મોબાઈલમાં મતદારયાદીમાં અરજી કરી શકે છે

જૂનાગઢ, તા.૧૭

ભારતના ચૂંટણીપંચ તરફથી જાહેર કરાયેલ ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૨ અંતર્ગત ખાસ ઝૂંબેશના કૂલ-૪ દિવસો પૈકી પ્રથમ તા.૧૪-૧૧-૨૦૨૧ને રવિવારના રોજ જૂનાગઢ જિલ્લામાં નિયોજીત સ્થળે ઉપસ્થિત રહી બુથ લેવલ ઓફિસરોએ મતદારયાદીમાં નામ ઉમેરવા, નામ કમી કરવા, સુધારો કરવા તેમજ ભાગફેરફાર કરવા સહિત કૂલ ૧૧,૧૭૮ અરજીઓ સ્વિકારવામાં આવી છે. જેમાંથી નવા મતદાર બનવા ૧૮ થી ૧૯ વર્ષના યુવાઓની ૩૬૦૨ અરજીઓ આવી છે.ચૂંટણીતંત્ર દ્વારા આ ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ દરમ્યાન ઝૂંબેશના ત્રણ રવિવાર અને એક શનિવાર પૈકી હજુ ત્રણ ઝૂંબેશ દિવસો તા.૨૧-૧૧-૨૦૨૧,તા.૨૭-૧૧-૨૦૨૧ તથા તા.૩૦-૧૧-૨૦૨૧ સુધી મામલતદાર કચેરી ચૂંટણી શાખા દ્વારા સ્વીકારવામાં આવનાર છે. જેથી જૂનાગઢ જિલ્લાની તમામ જનતાને જિલ્લો ચૂંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા પોતાનું નામ મતદારયાદીમાં નોંધવવા અનુરોધ કર્યો છે.આ ટેકનોલોજીના યુગમાં નવયુવાનો પોતાનું નામ પોતાની જાતે ઘર બેઠ મતદારયાદીમાં નોંધાવી શકે તે માટે ભારતના ચૂંટણીપંચદ્વારા **Voter Helpline Application, www.nvsp.in** અને **www.voterportal. eci.gov. in**ના માધ્યમથી ઓનલાઈન અરજી કરી શકે છે. આથી આ સુવિધાનો લાભ લેવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરએ જણાવ્યું છે.

ગાંધીધામ ખાતે આરએસ ઈન્ફ્રા ઈક્વિપમેન્ટ્સની ૩ એસ બ્રાન્ચ ઓફિસનું ઉદઘાટન કરીને સેની ઈન્ડિયાએ ગુજરાતમાં પોતાની હાજરી મજબૂત બનાવી

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૭

કન્સ્ટ્રકશન ઈક્વિપમેન્ટ અને હેવી મશીનરીના અગ્રણી ઉત્પાદક સેની ઈન્ડિયાએ ગાંધીધામ ખાતે તેની અધિકૃત ડીલરશીપ આરએસ ઈન્ફ્રા ઈક્વિપમેન્ટ્સની નવી બ્રાન્ચ ઓફિસનું ઉદ્ઘાટન કરીને ગુજરાતમાં તેની હાજરીને વધુ મજબૂત બનાવી છે. ડીલરશીપની પહેલાંથી જ ભુજ, સાયલા અને રાજકોટમાં ઓફિસો છે અને તે કચ્છ અને સૌરાષ્ટ્રના પટ્ટા (રાજકોટ, અમરેલી, જૂનાગઢ, પોરબંદર, સોમનાથ, ભાવનગર, મોરબી, સુરેન્દ્રનગર)ના ગ્રાહકોને વેચાણ, સેવા અને સ્પેરપાર્ટસ સપોર્ટ વિસ્તરે છે.

આ અવસરે સેની હેવી ઈન્ડસ્ટ્રી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના ચીફ ઓપરેટિંગ ઓફિસર (સેલ્સ, માર્કેટિંગ અને કસ્ટમર સપોર્ટ) ધીરજ પાંડાએ જણાવ્યું કે, "અમે અમારી ડીલરશીપ આરએસ-ઈન્ફ્રાની નવી ઓફિસનું ઉદ્ઘાટન કરતાં અત્યંત ખુશ છીએ. સેની ઈન્ડિયા તરફથી અમે અમારા માર્કેટિંગ અને ટેક્નિકલ સપોર્ટને જ્યારે જરૂર પડશે ત્યારે આપવાનું ચાલુ રાખીશું. આ નવી ઉજ્જી સુવિધા એ ગ્રાહકોને સમર્થન વધારશે જેમણે આ ક્ષેત્રમાં સેની ઈન્ડિયામાં વિશ્વાસ વ્યકત કર્યો છે. મજબૂત અને ફાઈનાન્સર્સની હાજરીમાં ડીલરશીપ નેટવર્ક સાથેની અમારી વર્લ્ડ કલાસ પ્રોડકટ લાઈન એ અમને અમારા ધ્યેયને સમજવામાં અને ભારતમાં નેતૃત્વની સ્થિતિ હાંસલ કરવા નજીકજવા માટે મદદ કરી છે."

ઉદ્ઘાટન ધીરજ પાંડા, ચીફ ઓપરેટિંગ ઓફિસર (સેલ્સ, માર્કેટિંગ અને કસ્ટમર સપોર્ટ) અને શશાંક પાંડે, એક્સકેવેટર બિઝનેસયુનિટના હેડ, વિશ્વજીત સિંઘ, વેસ્ટ રિજનના રિજનલ હેડ (એક્સવેટર બીયુ), અભિનવ દીપ, માર્કેટિંગ હેડ, સેની ઈન્ડિયા અને લલિત મોદી, આરએસ ઈન્ફ્રા ઈક્વિપમેન્ટ્સના ડીલર પ્રિન્સિપલ, કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારના પ્રતિષ્ઠિત ગ્રાહકો અને ફાઈનાન્સર્સની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

જૂનાગઢ જિલ્લામાં તા.૧૮ થી ૨૦ નવેમ્બર આત્મનિર્ભર ગ્રામ યાત્રા યોજાશે

સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ, પ્રધાનમંત્રી આવાસ યોજના, કોરોના રસીકરણ, પાણીજન્ય રોગો અંગેની સમજ, પ્રાકૃતિક ખેતી અંગે લોકોને માહિતગાર કરાશે

જૂનાગઢ, તા.૧૭

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં તા.૧૮ થી ૨૦ નવેમ્બર આત્મનિર્ભર ગ્રામ યાત્રા યોજાશે. ત્રિદિવસીય કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસના કામોના ખાતમુર્હુત અને લોકાર્પણ કાર્યક્રમ યોજાશે. ઉપરાંત સરકારી યોજનાઓની જાણકારી અપાશેત્રિ આ ત્રિદિવસીય કાર્યક્રમ અન્વયે વિવિધ વિભાગોને સાંકળીને વિકાસ કાર્યોના લોકાર્પણ, ખાતમુર્હુત, પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ, કોરોના રસીકરણ, પ્રાકૃતિક ખેતી અંગે ફિલ્મ નિદર્શન યોજાશે.

ત્રિદિવસીય કાર્યક્રમ અંતર્ગત તા.૧૮ના રોજ વંથલી તાલુકાના કણજા અને શાપર ખાતે, માણાવદર તાલુકાના સરદારગઢ અને કોયલાણા, કેશોદ તાલુકાના બાલાગામ અને સેંદરડા ખાતે તા.૧૯ના માંગરોળ તાલુકાના મકતુપુર અને મેખડી ખાતે, માળીયા હાટીના તાલુકાના કુકસવાડા ખાતે, મેંદરડા તાલુકાના સમઢીયાળા અને મેંદરડા ખાતે, તા.૨૦ના રોજ વિસાવદર તાલુકાના મોટી મોણપરી અને સરસઈ ખાતે ભેંસાણ તાલુકાના ભેંસાણ અને ચુડા ખાતે જૂનાગઢના ડુંગરપુર, અનેવડાલ ખાતે આત્મનિર્ભર ગ્રામ યાત્રા અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાશે.

ખરીફ-૨૦૨૧માં પ્રાઈઝ સપોર્ટ સ્કીમ પીએસએસ હેઠળ ટેકાના ભાવે ખરીદી

ગાંધીનગર, તા.૧૭

ભારત સરકાર દ્વારા ખરીફ ૨૦૨૧માં મગફળીના ટેકાના ભાવ રૂા.૫૫૫૦ પ્રતિ કિવ.,મગના ટેકાના ભાવ રૂા.૭૨૭૫ પ્રતિ કિવ.,અડદના ટેકાના ભાવ રૂા.૬૩૦૦ પ્રતિ કિવ., સોયાબીનના ટેકાના ભાવ રૂ.૩૯૫૦ પ્રતિ કિવ.જાહેર કરેલ છે.ભારત સરકારશ્રી દ્વારા મગફળીની ટેકાના ભાવે ખરીદી માટે કુલ ૯,૯૮,૨૭૫ મે.ટન, મગની ટેકાના ભાવે ખરીદી માટે કુલ ૧૫,૯૫૫ મે.ટન, અડદની ટેકાના ભાવે ખરીદી માટે કુલ ૨૬,૦૦૦મે.ટનઅને સોયાબિનની ટેકાના ભાવે ખરીદી માટે કુલ ૭૮,૮૬૦ મે.ટન જથ્થાની મંજૂરી આપેલ છે.રાજયમાં વર્ષ ૨૦૨૧-૨૨ માં ખરીફ અને રવિ ઋતુમાં કઠોળ અને તેલિબિયાં પાકોની **PSS** હેઠળ ટેકાના ભાવે ખરીદી માટે સેન્ટ્રલ નોડલ એજન્સીને મદદરૂપ થવા રાજ્ય નોડલ એજન્સી તરીકે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ., ગાંધીનગરની નિમણૂંક કરેલ છે. રાજ્ય નોડલ એજન્સી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ., ગાંધીનગર દ્વારા ગત વર્ષ કરતાં આ વર્ષે ૧૧ દિવસ જેટલા વધુ સમય માટે નોંધણી કરી આ વર્ષે તા.૦૧.૧૦.૨૧ થી તા.૩૧.૧૦.૨૧ સુધી ખેડૂત નોંધણી કરવામાં આવેલ છે. જે મુજબ રાજ્યમાં મગફળીની ટેકાના ભાવે વેચાણ માટે કુલ ૨,૬૫,૫૫૮ ખેડૂતોએ, મગની ટેકાના ભાવે વેચાણ માટે કુલ ૧૮૨ ખેડૂતોએ, અડદની ટેકાના ભાવે વેચાણ માટે કુલ ૩૮૨ ખેડૂતોએ અને સોયાબીનની ટેકાના ભાવે વેચાણ માટે કુલ ૩૨૧ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવેલ છે.ખરીફ ૨૦૨૧ અંતર્ગત મગફળી, મગ, અડદ અને સોયાબિનની ટેકાના ભાવે ખરીદી લાભપાંચમે તા.૦૯.૧૧.૨૦૨૧ થી શરૂ કરવામાં આવેલ છે.જે આગામી ૯૦ દિવસ સુધી કરવામાં આવશે. તા.૦૯.૧૧.૨૦૨૧ ના લાભપાંચમના દિવસે જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા, હાપા અને કાલાવાડ ખાતેના માર્કેટીંગ યાર્ડના ખરીદ કેન્દ્રો ખાતેથી ઉપસ્થિતીમાં ટેકાના ભાવે મગફળીની ખરીદીનોશુભારંભ કરવામાં આવેલ છે. રાજ્યમાં મગફળીની કુલ ૧૫૦ ખરીદ કેન્દ્રો ઉપરથી ખરીદીકરવાનું આયોજનછે. મગફળીની ટેકાના ભાવે ખરીદીમાં નોંધણી થયેલ કુલ ૨,૬૫,૫૫૮ ખેડૂતો પૈકી તા.૧૫.૧૧.૨૦૨૧ સુધીમાં ૩૯,૩૭૪ ખેડૂતોને વેચાણ માટેજીસ્જી થી જાણ કરવામાં આવેલ છે. તા.૧૫.૧૧.૨૦૨૧ સુધીમાં મગફળીની ટેકાના ભાવે કુલ ૬૯૧૬.૨૩ મે.ટન ખરીદી કરવામાં આવેલ છે જેનું મૂલ્ય કુલ રૂ.૩૮.૩૯કરોડ છે. જેનો લાભ રાજ્યના કુલ ૩૬૦૨ ખેડૂતોએ લીધેલ છે. મગફળીની ટેકાના ભાવે ખરીદીમાં કુલ ૧૦૨ લાભાર્થી ખેડૂતોને કુલ રૂા.૧.૧૬૫ કરોડની ચૂકવણી કરવામાં આવેલ છે.

હાલ સારી મગફળીના બજાર ભાવો ટેકાના ભાવ કરતાં ઘણા ઉંચા રહેલ છે. જામનગર એ.પી.એમ.સી. ખાતે ખેડૂતોને મણ મગફળીના રૂા. ૧૬૦૦ (રૂ.૮૦૦૦ પ્રતિકવિ.) સુધીના ભાવ મળી રહેલ છે. તા.૧૫.૧૧.૨૦૨૧ સુધીમાંમગની ટેકાના ભાવે ખરીદીમાં નોંધણી થયેલ કુલ ૧૮૨ ખેડૂતો પૈકી વેચાણ માટે ૨૪ ખેડૂતોને,અડદની ટેકાના ભાવે ખરીદીમાં નોંધણી થયેલ કુલ ૩૮૨ ખેડૂતો પૈકી વેચાણ માટે ૩૦ ખેડૂતોનેઅને સોયાબીનની ટેકાના ભાવે ખરીદીમાં નોંધણી થયેલ કુલ ૩૨૧ ખેડૂતો પૈકી વેચાણ માટે ૧૦૯ ખેડૂતોને **SMS**થી જાણ કરવામાં આવેલ છે.

તા.૧૫.૧૧.૨૦૨૧ સુધીમાં મગની ટેકાના ભાવે કુલ ૦.૫ મે.ટન ખરીદી કરવામાં આવેલ છે જેનું મૂલ્ય કુલ રૂા.૦.૩૬લાખ છે. જેનો લાભ રાજયના કુલ ૧ ખેડૂતોએ લીધેલ છે. તા.૧૫.૧૧.૨૦૨૧ સુધીમાં અડદની ટેકાના ભાવે કુલ ૧.૩મે.ટન ખરીદી કરવામાં આવેલ છે જેનું મૂલ્ય કુલ રૂા.૦.૮૨ લાખ છે. જેનો લાભ રાજયના કુલ ૨ ખેડૂતોએ લીધેલ છે. ચાલુ વર્ષ મગફળીની ખરીદી ભારત સરકારની ગાઈડલાઈન મુજબ પ્રતિ દિન પ્રતિ ખેડૂત ૨૫૦૦ કીલો મુજબ તથા રાજયની ઉત્પાદકતા ૨૦૮૭ કીલો પ્રતિ હેકટરના પ્રમાણમાં ટેકાના ભાવે ખેડૂતના વાવેતર વિસ્તારને ધ્યાને લઈ ખેડૂત પાસેથી પ્રથમ રાઉન્ડમાં ખરીદવામાં આવશે. જો ભારત સરકારએ મંજૂર કરેલ જથ્થાની મર્યાદામાં હોય તો, ખેડૂત પાસે વાવેતર વિસ્તારને આધારે ૨૫૦૦ કિ.ગ્રા.થી વધુ જથ્થો વેચાણ કરવા માટે બીજા રાઉન્ડમાં તક આપવામાં આવશે. ભારત સરકારશ્રી પીએસએસ ગાઈડલાઈન મુજબ મગફળીની ટેકાના ભાવે ખરીદીમાં પ્રતિ બારદાનમાં નિયત **FAQ** ગુણવત્તાવાળી મગફળીની ૩૫ કિ.ગ્રા.ની ભરતીને બદલે ચાલુ વર્ષે ૩૦ કિ.ગ્રા. ની ભરતીકરવામાં આવેલ છે. ખરીદ કેન્દ્રો ખાતે મગફળીની ખરીદીમાં કોઈ પણ પ્રકારની ગેરરીતી ન બનવા પામે તે માટે પુરવઠા વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સતત તકેદારી રાખવામાં આવી રહેલછે. તેમછતાં જો કોઈ સ્થળે ગેરરીતીનો પ્રયાસ કરવામાં આવશે તો જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

કૃષિ રાહત પેકેજ

રાજ્યમાં ચાલુ વર્ષે સપ્ટેમ્બર માસ દરમ્યાન થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકશાન અન્વયે જામનગર, જુનાગઢ, પોરબંદર અને રાજકોટ ચાર (૪) જીલ્લાના ૨૩ તાલુકાના ૬૮૨ ગામોના નુકશાનીના અહેવાલો મળેલ હતા.જેમાં અંદાજીત ૪.૨૦ લાખ હેક્ટર વિસ્તારમાં પાક નુકશાનીના વળતર પેટે જીલ્લા વહીવટીતંત્ર દ્વારા પાક નુકશાન અંગે કરવામાં આવેલ આંકલન તેમજ ખેડૂતો, ખેડૂત સંગઠનો, પ્રજાના પ્રતિનીધીઓની રજૂઆતો અન્વયે ખેડૂતોને મદદરૂપ થવા માટે એસ.ડી.આર.એફ ઉપરાંત રાજ્ય બજેટમાંથી કુલ રૂા.૫૪૭ કરોડનુ માતબર સહાય પેકેજ સરકારના તા.૧૮-૧૦-૨૦૨૧ ના ઠરાવથી જાહેર કરેલ છે. ઉક્ત સહાય પેકેજ હેઠળ ખાતેદાર ખેડુત કે જેના પાકને ૩૩% અને તેથી વધુ નુકશાન હોય તેવા ખાતેદાર ખેડુતોને **SDRF**બજેટમાંથી રૂા.૬૮૦૦/- પ્રતિ હેક્ટર અને રાજ્ય બજેટમાંથી રૂા.૬૨૦૦/- મળી કુલ રૂા.૧૩,૦૦૦/- પ્રતિહેક્ટર લેખે મહત્તમ બે(૨) હેક્ટરની સહાય ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલછે. જે કિસ્સામાં જમીન ધારકતાના આધારે **SDRF**ના ધોરણો મુજબ જો સહાયની ચૂકવવાપાત્ર રકમ રૂા.૫૦૦૦/- કરતા ઓછી થતી હોય તો પણ તેવા કિસ્સામાં ખાતા દીઠ ઓછામાં ઓછા રૂા.૫૦૦૦/-ચૂકવવની જોગવાઈ કરેલ છે. સદરહુ પેકેજનો લાભ ખેડૂતોને ત્વરિત અને વિના-વિલંબે મળે અને સંપૂર્ણ કાર્યવાહી ઓનલાઈન થાય તે હેતુસર સરકાર દ્વારા તા.૨૫ ઓકટોબર,૨૦૨૧થી કૃષિ રાહત પેકેજ પોર્ટલ ડિજિટલ ગુજરાત માધ્યમ ઉપર ખુલ્લુ મૂકવામાં આવેલ છે. આ માટે તા.૨૫ ઓકટોબર,૨૦૨૧થી તા.૨૦ નવમેબર,૨૦૨૧ સુધીમાં ખેડૂતો દ્વારા સાધનિક કાગળો સહિત નજીકના ઈ-ગ્રામ સેન્ટર પર ઓનલાઈન અરજી માટેની વ્યવસ્થા ઉભી કરેલ છે. ખેડૂતોએ અરજી કરવા માટે કોઈ ફી ચૂકવણી કે ખર્ચ કરવાનો રહેશે નહીં જે માટેનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. જે સબબ હાલની સ્થિતીએ ૨.૦૬ લાખ અરજીઓ મળેલ છે. જેમાં **DBT**ના માધ્યમથી સીધી જ લાભાર્થી ખેડૂતના બેંક ખાતામાં ઓનલાઈન જમા કરવામાં આવી રહેલ છે. ઉક્ત મળેલ અરજીઓ પૈકી ખૂબ-જ ટૂંકા સમયગાળામાં ૭૪,૦૯૦ અરજીઓની કુલ રૂ.૧૫૧.૮૭ કરોડની સહાય મંજૂર કરવાંમાં આવેલ છે. સદર પેકેજમાં સહાયનું ચૂકવણું ત્વરીત કાર્યવાહી કરી તા.૦૧-૧૧-૨૦૨૧ થી ખેડૂતોના બેન્ક ખાતામાં રકમ જમા કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ હતી.

રાજ્યમાં રાસાયણિક ખાતરની ઉપલબ્ધતા

રાજ્યમાં વાર્ષિક ૩૮ થી ૪૦ લાખ મે.ટન જેટલા રાસાયણીક ખાતરનો વપરાશ થાય છે. જેના પર સરકારશ્રી દ્વારા અંદાજે રૂ. ૪૨૦૦ - ૪૩૦૦ કરોડની વાર્ષિક સબસિડી ચુકવવામાં આવે છે.

ચાલુ વર્ષે ખરીફ-૨૦૨૧ સિઝનમાં ૯૪.૯૩ લાખ હેક્ટરમાં ખરીફ પાકનું વાવેતર નોંધાયેલ હતુ. આ સિઝન દરમ્યાન રાજ્યમાં જરૂરિયાત મુજબ ૧૧.૭૭લાખ મે.ટન યુરીયા, ૨.૫૯ લાખ મે.ટન ડીએપી, ૩.૩૮ લાખ મે.ટન એન.પી.કે. કોમ્પલેક્ષ તથા ૦.૬૩ લાખ મે.ટન મ્યુરેટ ઓફ પોટાશ ખેડૂતોને પુરૂ પાડવામાં આવેલ હતુ. રવિ સિઝન માટે ભારત સરકારશ્રી દ્વારા ગુજરાત રાજ્યને ૧૨.૫૦ લાખ મે.ટન યુરીયા, ૨.૫૦ લાખ મે.ટન ડીએપી, ૨.૮૫ લાખ મે.ટન એન.પી.કે. તથા ૦.૬૦ લાખ મે.ટન એમ.ઓ.પી. ખાતરની ફાળવણી થયેલ છે.

રાજ્યમાં હાલ રવિસિઝનની વાવણીની કામગીરી ચાલુ છે.ચાલુ મહિના માટે ૬૨,૦૦૦ મે.ટન જેટલો ડીએપી નો તથા ૩૦,૫૦૦ મે.ટન જેટલો એનપીકે નો જથ્થો ભારત સરકારશ્રી દ્વારા રાજ્યને ફાળવેલછે. રાજ્યમાંવિવિધ જિલ્લાઓમાં ૩૨,૦૦૦ મે.ટન જેટલો જથ્થો ડીએપીનો જ્યારે ૨૧,૭૦૦ મે.ટન જેટલો જથ્થો એન.પી.કે. ખાતરનો જથ્થો સપ્લાયથયેલછે. વધુ ૧૭,૫૭૦ મે.ટન ડીએપીઅને ૩,૯૦૦ મે.ટન એન.પી.કે.નો જથ્થો વિવિધ જિલ્લાઓમાં પહોંચનાર છે. ઈફકો કંપનીની ડીસા ખાતે ૩૭૦૦ મે.ટન ડીએપી, આઈપીએલ કંપનીની કાંકરીયા ખાતે ૩૫૦૦ મે.ટન ડીએપીની, જી.એસ.એફ.સી કંપનીની સુરેન્દ્રનગર ખાતે એનપીકે થ્યુરીયાની, જી.એન.એફ.સી. કંપનીની હિંમતનગર ખાતે એનપીકે એન્ડ યુરીયાની, હિન્દાલ્કો કંપનીની રાજકોટ ખાતે ૨૭૦૦ મે.ટન ડીએપીની, જી.એસ.એફ.સી. કંપનીની જૂનાગઢ ખાતે ૨૭૦૦ મે.ટનડીએપીની રેલ્વે રેકઊતરવાની કામગીરી ચાલુ છે. જ્યારે ડીસા ખાતે હિન્દાલકો કંપનીની ડીએપી ખાતરની તથા સુરેન્દ્રનગર ખાતે જી.એસ.એફ.સી. કંપનીની ડીએપી ખાતરની રેક પહોંચનાર છે તેમજ ડીસા અને સુરેન્દ્રનગર માટે જી.એન.એફ.સી.નીયુરીયા અને એન.પી.કે. ખાતરની રેકઆજ રોજ ભરાનાર છે. આમ, રાજ્યમાં તમામ ખાતર પુરતી માત્રામાં ઉપલબ્ધ છે. જેથી ખેડૂતો મિત્રોને ખાતરની અછત હોવાનું માની ખોટી રીતે ગભરાઈને વધુ માત્રામાં ખાતરની ખરીદી કરવાની કોઈ જરૂરીયાત નથી.

ફોસ્ફેટીક ખાતરના ડીએપી ઉપરાંત અન્ય સ્ત્રોત પણ બજારમાં ઉપલબ્ધ છે. જેમ કે, સિંગલ સુપર ફોસ્ફેટ એક સસ્તુ ફોસ્ફરસ તથા સલ્ફર યુક્ત ખાતર છે, જે રાજ્યમાં પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. જેનો પણ ખેડૂત મિત્રો ફોસ્ફરસના સ્ત્રોત તરીકે ઉપયોગ કરી શકે છે. વધુમાં ચાલુ રવિ સિઝન માટે આગામી માસમાં યુરીયા ખાતર પણ ખેડૂતોનેપુરતા પ્રમાણમાં ઉપલબ્ધ થાય તે મુજબનું આયોજન કરવામાં આવનાર હોઈ, યુરીયા ખાતર માટે પણ પેનીક થઈ ને ખરીદી કરવાની જરૂરિયાત નથી. તેમ છતાં ખેડૂત મિત્રો રવિ પાકોમાં પુરતી ખાતર માટેજરૂરિયાત મુજબ યુરીયા ખાતર અત્યારથી જ ખરીદે તે સમજણ ભર્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

કચ્છ પ્રદેશમાં આવ્યો છે સ્વર્ગ તરફ જવાનો અલૌકિક રસ્તો !

સફેદ રણની પશ્ચાદભૂમાં ખડીરથી ખાવડા સુધીનાં કાચા રસ્તાને ભૂગોળનાં અભ્યાસુએ આપી સ્વર્ગ જેવા રસ્તાની ઉપમા

કચ્છમાં આવેલા સ્વર્ગ તરફ જવાનાં અલૌકિક રસ્તાની ઝલક

ભૂજ તા.૧૭

પૌરાણીક શાસ્ત્રોમાં કહેવાયું છે કે, સારા કર્મકરનારને સ્વર્ગ મળે છે અને ખરાબ કર્મ કરનારને નર્ક મળે છે. આ વાતો ફકત શાસ્ત્રોમાં જ સાંભળવા જ મળે છે અને હજુ સુધી સ્વર્ગ અને નર્કની એક છબી જ લોકોનાં મનાસમાં અંકિત થયેલી છે ત્યારે સ્વર્ગ કે નરક તરફ જતો રસ્તો જોવો હોય તો કચ્છ પ્રદેશની મુલાકાત લેવી જોઈએ. અહીંયા આવેલા એક ઓલૌકિક રસ્તાને સ્વર્ગ તારફ જવાનાં રસ્તાની ઉપમા અપાય છે. ૨૬ જાન્યુઆરી ૨૦૦૧નાં રોજ કચ્છ પ્રદેશમાં ભયાનક ભૂકંપ આવેલ અને આ પ્રદેશને સાવ નેસ્ત-નાબુદ કરી નાખ્યો હતો. બાદમાં સરકાર, તંત્ર અને સામાજીક સંગઠનો અને એનજીઓનાં સકીય પ્રયાસોથી કચ્છ પ્રદેશ ફરી બેઠો થયું છે અને આજે ઔદ્યોગીક અને પ્રવાસનની દ્રષ્ટિએ કચ્છ ભૂજ જીલ્લો ધમધમતો થયો જોવા મળી રહ્યો છે.

સ્વર્ગ, જન્નત કે હેવન. મૃત્યું પછીની માણસાની આ સુખદ કલ્પના છે. ત્યારે સ્વર્ગ તરફ જવાનો રસ્તો કેવો હશે ? જોયો ના હોય તો કચ્છનાં સફેદ રણની પશ્ચાદભૂમાં ખડીરથી ખાવડાનો જે કાચો રસ્તો નીકળે છે, આ રસ્તાને નીહાળીને સ્વર્ગ તરફ જવાનાં રસ્તાની માનાસ છબી અંકિત થાય છે.

આ અંગે વાગડ પ્રદેશની લોક પરંપરા, લોક સંસ્કૃતિ અને ભૂગોળનાં અભ્યાસો મહાદેવભાઈ બારડે ગાંગટા બેટ તરફ જતા માર્ગનું વિહંગાવલોકન કરાવતી વીડિયો કીલ્પ તૈયાર કરી છે અને જેમાં આ માર્ગને સ્વર્ગ જેવા રસ્તાની ઉપમા આપી છે. આ બાબતે બારડ જણાવી રહ્યા છે કે, ઘડુલી-સાંતલપુર રસ્તો બનતા ખડીર બેટનાં અનેક લોકોનાં ઘરે અજવાળા થયા છે. તેનાં કારણે ખડીર અને ખાવડા બંનો જગ્યાએ પ્રવાસન સ્થળોનો વિકાસ થશે. આ અંગે રાજય સરકાર અને પ્રવાસન વિભાગ દ્વારા પણ ઘટતા પ્રયાસો હાથ ધરાયા છે. ઘડુલીથી સાંતલપુર સુધીનાં રોડની બંને બાજુએ આ વિકાસ યાત્રાને લઈ જમીનનાં ભાવ પણ આસમાને પહોંચી ગયા છે. એક સમયે આ વિસ્તાર સાવ સુકોભઠ્ઠ ગણાતો હતો. ચોમાસા રામમોલ થયા બાદ બાકીનાં આઠ મહિના ખેતર એમને એમ પડયા રહેતા હતા અને આ પ્રદેશ સાવ વેરાન વિસ્તાર બની જતો હતો. પરંતુ હવે ખડીર વિસ્તારનો સમય આવ્યો છે. અહીયા વિકાસ કામો ગતીમાં હોય, પ્રવાસન ક્ષેત્રો કામો થઈ રહ્યા હોય, રજાનાં દિવસોમાં ખડીર વિસ્તાર પ્રવાસીઓથી ધમધમી ઉઠશે. હાલ અલગ-અલગ રાજયમાંથી ફોટોગ્રાફરો, લેખકો, ટ્રાવેલ બ્લોગરો, બાઈકરાઈડરસ અને પ્રવાસન ઈચ્છુક વ્યકિતઓ કચ્છ રણ અને ખડીરની મુલાકાતે આવી રહ્યા છે અને આ વિસ્તારની ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી કરી સોશ્યલ મીડિયામાં પોસ્ટ કરી રહ્યા હોવાથી તેનાથી કચ્છ પ્રદેશનો વિકસતા પ્રવાસન ક્ષેત્ર અંગે ખૂબ જ સારો એવો પ્રચાર થઈ રહ્યો છે.

બીજી તરફ ધોરડોમાં હજુ નામક આચ્છાદિત રણ સંપૂર્ણપણે સર્જાયું નથી. જોકે, કમાણીની લાલચમાં ઠેકેદારો દ્વારા સફેદ રણનાં નજારાવાળી જાહેરાતો અપાતી હોવાથી દેશ-વિદેશનાં પ્રવાસીઓ અહીયા આવે છે પરંતુ હાલ સફેદ રણનાં બદલે કેવળ પાણી પ્રવાસન વિભાગે પર્યટકોનાં ભરેલું સરોવર જોવા મળે છે. હિતમાં આ બાબતે ખાસ ત્યારે રાજય સરકાર અને કાળજી લેવી જરૂરી છે.

ખડીરનું અંતર સાવ ઘટી જશે

ખડીર બેટમાં ધોળાવીરા પહેલા રણ રીસોર્ટ આવે છે. ત્યાંથી સીધા કાઢવાંઢ વચ્ચે હવે માત્ર ૩૦ કિ.મી.નું અંતર છે. હજી કાચો રસ્તો બન્યો છે અને હાલ ડામરનાં પાકા રસ્તાનું કામ ગતીમાં છે. આ ડામરનો રસ્તો બન્યા બાદ ખાવડા અને ખડીરનું જે અંતર વાયા રાપર થઈને ૩૫૦ કિ.મી. ઉપરનું હતું તે ઘટીને હવે માત્ર ૩૦ કિ.મી.નું થઈ જશે.

સીધા માતાનાં મઢ જઈ શકાશે

ડામરનો માર્ગ બન્યા બાદ અવર-જવરનું અંતર સાવ ઘટી જશે અને હવે ધોળાવીરાથી ફરીને લોકો ધોરડો જવા માટે આ રસ્તા વાટે સીધા ખાવડા થઈને જાય છે અને ત્યાંથી સીધા માતાનાં મઢ ટુંકા રસ્તાથી જઈ શકાય છે.

ધોળાવીરાની જેમ જ ખડીર બેટનો વિકાસ થાય

રાજય સરકારે ધોળાવીરાની જેમ જ ખડીર બેટનો પણ વિકાસ કરવો જરૂરી છે. ખડીર બેટનાં સર્વાંગી વિકાસથી પ્રવાસન ક્ષેત્રની તકો વધશે અને પ્રવાસીઓ પણ મોટી સંખ્યામાં આવશે ત્યારે આ ક્ષેત્રનો ખાસ વિકાસ થાય તેવું લોકો ઈચ્છે છે.

કોરોના મહામારી ઈફેક્ટ : લગ્નસરાનું બજેટ ઘટાડયું, વર-કન્યા પક્ષ સાથે મળીને લગ્ન પ્રસંગ ઉજવી રહ્યા છે

નાના-નાના લેવલે કામ કરનારા ધંધાર્થીઓને સારો ફાયદો મળી રહ્યો છે

રાજકોટ તા.૧૭

કોરોનાની બીજી લહેર લોકોને કેવી રીતે જીવવું તે ચોક્કસપણે શીખવી દીધુ છે. સૌરાષ્ટ્રમાં લગ્નસરાની સીઝનનો દેવ દિવાળીથી પ્રારંભ થયો છે. ત્યારે આ વર્ષે મોંઘવારીનો માર તમામ વર્ગના લોકો ઉપર પડ્યો છે. સામાન્ય માણસોએ લગ્નના બજેટમાં ૩૦ થી ૪૦ ટકાનો કાપ મુક્યો છે તો બીજી તરફ વર-અને કયા પક્ષનો સાથે મળીને લગ્ન કરવાનો કેઝ પણ વધ્યો છે. દેવ દિવાળી બાદ લગ્નસરાનીસીઝન ખુલ્લી છે. કોરોનાના કારણે મર્યાદિત સંખ્યામાં લોકોને હાજરી આપવાની સરકારની ગાઈડલાઈનના પગલે લગ્ન પ્રસંગમાં વધુમાં વધુ ૪૦૦ લોકોને જ મંજૂરી આપવામાં આવી છે. ત્યારે હવે કોરોનાના કારણે મર્યાદિત સંખ્યામાં લોકોની હાજરી હોવાથી વર અને કયા પક્ષ દ્વારા બંને સાથે મળીને લગ્ન કરવાનો નવતર કેઝ જોવા મળ્યો છે. મર્યાદિત સંખ્યામાં લોકોની હાજરી હોવાથી મહેમાનો પ્રસંગની મોજ માણી શકે તે માટે મોટા ભાગના લગ્નપ્રસંગોમાં આ કેઝ જોવા મળ્યો છે. આ ઉપરાંત કોરોનાની બીજી લહેર હળવી બન્યા બાદ મોંઘવારી આસમાને પહોંચી છે. જેના કારણે લોકોએ લગ્નના બજેટમાં ૩૦ થી ૪૦ ટકાનો કાપ મુક્યો છે. કોરોનાની અસર તમામ ક્ષેત્રો ઉપર પડતા લોકોને આર્થિક નુકશાન થયું હતું. જેની અસર હજુ પણ જોવા મળી રહી છે. પહેલા જે એક ઈવેન્ટનું બજેટ રૂા.૧થી દોઢ લાખ જેટલું હતું તે ઈવેન્ટને લોકોએ ૫૦ થી ૭૦ હજાર રૂપિયામાં કરાવી રહ્યા છે. તેમજ લોકો દ્વારા ઈવેન્ટના એડવાન્સ બુકીંગનું પેમેન્ટ પણ ઓછું આપી રહ્યા હોવાનું સામે આવ્યું છે. લગ્ન માટે મોટી ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ ડેકોરેશન માટે બહારથી મજુરો બોલાવતા હોય છે જેના કારણે ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ પણ વધી રહ્યો છે. જયારે નાના બજેટ ઉપર કામ કરનારા લોકલ મજુરો હોય તેમને રોજગારી પણ ઓછી ચુકવવાની થતી હોય નાના-નાના લેવલે કામ કરનારા ધંધાર્થીઓને પ્રમાણમાં સારો ફાયદો મળી રહ્યો છે. તેમજ રોજગારોને પણ પુરતા પ્રમાણમાં પૈસા મળી રહ્યા છે.

ડી.જે.ના ભાવો ૧૫ ટકા વધ્યા

લગ્નસરાની સીઝન શરૂ થતા જ ડીજેના બુકીંગ ફુલ થઈ ગયા છે. કોરોનાની બીજી લહેર બાદ પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં વધારો થતા ટ્રાન્સપોર્ટેશન મોંઘુ થયું છે. જેની સીદી અસર ડીજેના વ્યવસાય સાથે સંકળાયેલા ધંધાર્થીઓએ ભાવોમાં ૧૫ ટકાનો વધારો કર્યો છે.

રોયલ રાજપૂતાના, પીકોક, વાઈટ ઓર્કેટ થીમનું ચલણ વધ્યું

લગ્નસરાની સીઝનમાં હવે વિવિધ થીમોનું ચલણ વધ્યું છે. જેમાં ખાસ કરીને રોયલ રાજપૂતાના, પીકોક, વાઈટ ઓર્કેટ, રેડ રોયલ જેવી વિવિધ થીમોએ લોકોમાં આકર્ષણ જગાવ્યું છે.

હોટેલ રિસોર્ટ થયા હાઉસફૂલ

કોરોનાની બીજી લહેર બાદ ૪૦૦ લોકોની મર્યાદામાં ધાર્મિક-માંગલીક પ્રસંગો યોજવાની સરકારે મંજૂરી આપી છે. ત્યારે હવે લોકોમાં ડેસ્ટિનેશન વેડીંગે આકર્ષણ જગાવ્યું છે. જેના પગલે સૌરાષ્ટ્રની મોટાભાગની હોટલો, રિસોર્ટોમાં હાઉસફુલના પાટીયા લાગ્યા છે.

મહેંદી સેરેમનીનો કેઝ ઘટ્યો

કોરોનાના કેસોમાં ઘટાડો થયા બાદ હજુ પણ લોકોમાં કોરોનાનો ભય જોવા મળ્યો છે. લોકો એક જ દિવસમાં લગ્ન પતાવી રહ્યા છે. જેના પગલે મહેંદી સેરેમનીનો કેઝ ઘટ્યો તો પીઠી બાદ પુલ પાર્ટીનો કેઝ વધ્યો છે.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

આઝાદી એ વિકાસનું પહેલું પગથિયું છે...

- સ્વામિ વિવેકાનંદ

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૩, પા.તીર-૧૩૯૧, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૮, કારતક સુદ-૧૩ વૈકુંઠ ચતુર્દશી-ઉપવાસ, લાલા લજપતરાય પૂણ્યતિથિ તા.૧૭ નવેમ્બર ૨૦૨૧, બુધવાર, પારસી તા.૪, મુસ્લિમ તા.૧૧, અશ્વિની નક્ષત્ર, વ્યતિપાત યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૦૭, સૂ.અ.૧૮:૦૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : પ્રયત્ન પ્રમાણે જોઈએ તેવી સફળતા ન મળે. ગૃહજીવનમાં સંવાદિતતા રહે.
વૃષભ : મિત્રોની મદદની આશાએ ન બેસી રહેવું. વ્યર્થ ચિંતા અનુભવાય.
મિથુન : નાનો ખર્ચનો પ્રસંગ બને. માનસિક પ્રફુલિતાતા રહે.
કર્ક : કાર્યોમાં ધારી સફળતા મળે. વેપાર-ધંધામાં પ્રગતી થાય.
સિંહ : સુખ અને આનંદમાં વધારો થાય, ગુપ્ત શત્રુથી સાવધ રહેવું.
કન્યા : આર્થિક આયોજન ગોટે ચડે. વડીલવર્ગથી મતાભેદ રહે.
તુલા : ખાવાપીમાં કાળજી રાખવી. સસરાપક્ષથી લાભ થાય.
વૃશ્ચિક : વેપાર-ધંધામાં લાભ રહે. અગત્યના કાર્યમાં સફળતા મળે.
ધન : અગત્યના કાર્યમાં નાનું વિઘ્ન આવે. આરોગ્યમાં તંદુરસ્તી અનુભવાય.
મકર : કોર્ટ-કચેરીના કાર્યો ટાળવા, પારિવારીક જીવનમાં આનંદ રહે.
કુંભ : સંતાનવર્ગ સાથે મનદુ:ખ રહે. આવકમાં વૃધ્ધિથાય.
મીન : સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.

ટી-૨૦ વર્લ્ડકપ ટુર્નામેન્ટમાં ભાગ લેવા બદલ ટીમ ઈન્ડિયાને રૂા.૧.૪૧ કરોડ મળ્યા

મુંબઈ તા.૧૭: ટી-૨૦ વર્લ્ડકપ ટૂર્નામેન્ટનો રવિવારની રાત્રિએ અંત આવ્યોહતો. આ સાથેટી-૨૦ વર્લ્ડકપમાં એક વિજેતા ટીમ ઉભરીને આવી, કેજેના વિષેએવુંકહેવાઈ રહ્યું હતું કે, ઓસ્ટ્રેલિયાની ટીમ ટી-૨૦ વર્લ્ડકપમાં યોગ્ય પ્રદર્શન કરી શકતી નથી. જોકે હવે આ ટીમેતમામ તેના આલોચકોનું મોં બંધ કરી દીધુ છે. વળી બીજી તરફ ઈન્ડિયન ટીમનાં ફેન માટે આ ટૂર્નામેન્ટ એટલી સારી રહીનહી. ટીમ સેમિફાઈનલમાં પણ ન ઉતરી શકી. સુપર-૧૨ તબક્કામાં, ભારતીય ક્રિકેટ ટીમે પાંચ મેચ રમી અને ત્રણમાં જીત મેળવી હતી, જ્યારે બે મેચમાં હાર થઈ હતી. હવે સવાલ એ થાય છે કે વર્લ્ડકપથી ભારતીય ક્રિકેટ ટીમને કેટલો ફાયદો થયો એટલે કે તેમને કેટલા પૈસા મળ્યા, તો તમને જણાવી દઈએ કે આ વર્લ્ડકપમાં ભારતીય ટીમને ૧.૪૧ કરોડ રૂપિયા મળ્યા છે. રિપોર્ટ્સ અનુસાર, ભારતીય ટીમને ટી-૨૦ વર્લ્ડકપમાં ભાગ લેવા માટે ૫૨.૦૪ લાખ રૂપિયા મળ્યા, જ્યારે ત્રણ મેચ જીતવા ઉપર દરેક જીત માટે ૨૯.૭૩ લાખ રૂપિયા મળ્યા. તે મુજબ ત્રણ મેચ જીત્યા બાદ ત્રણ મેચની ઈનામી રકમ ૮૯.૧૯ લાખ રૂપિયા હતી. વર્લ્ડકપમાં ભાગ લેવા માટે આમાં ૫૨.૦૪ લાખ રૂપિયા ઉમેરો તો આ રકમ ૧.૪૧ કરોડ રૂપિયા થઈ જાય છે. ભારતીય ટીમ સેમ્ફિાઈનલમાં નથી પહોંચી શકી તેને આટલું ઈનામ મળ્યું છે તો વિજેતા ટીમોને કેટલું ઈનામ મળ્યું હશે. તમને જણાવી દઈએ કે, વર્લ્ડકપનો ખિતાબ જીતનાર ઓસ્ટ્રેલિયન ટીમને લગભગ ૧૨ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. રનર અપ ન્યૂઝીલેન્ડને લગભગ ૬ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. આ સિવાય સેમિફાઈનલમાં પહોંચનારી બંને ટીમો એટલે કે ઈંગ્લેન્ડ અને પાકિસ્તાનને લગભગ ત્રણ-ત્રણ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. આગામી ટી-૨૦ વર્લ્ડકપ વર્ષ ૨૦૨૨માં ઓસ્ટ્રેલિયામાં યોજાશે.

ભાજપમાંથી સસ્પેન્ડ થયેલા નેતાએ બનાસ બેંકની ચૂંટણીમાં મેળવી જીત

બનાસકાંઠા તા.૧૭

ઉત્તર ગુજરાતમાં સૌથી મોટી સહકારી બેંકો પૈકીની એક બનાસ બેંકની ચૂંટણીમાં વડગામ બેઠક ઉપર કેશરભાઈ ચૌધરીનો વિજય થયો છે. કેશરભાઈ ચૌધરીએ ભાજપના સત્તાવાર ઉમેદવાર સામે ઉમેદવારી નોંધાવતાં ચાર દિવસ પહેલાં જ ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે તેમને સસ્પેન્ડ કર્યા હતા. ભાજપમાંથી સસ્પેન્ડ થયેલા ચૌધરીએ જીત મેળવીને પોતાની તાકાત પુરવાર કરી છે. આ ચૂંટણીમાં બંને ઉમેવારોને સરખા મત મળતાં ચિઠ્ઠી ઉછાળાતાં કેશર ચૌધરીની જીત થઈ છે. આ ચૂંટણીમાં ૭૦ મતદારોએ મતદાન કર્યું હતું. કેશરભાઈ ચૌધરી તેમજ સામે કેશરભાઈ વાયડા બંનેને ૩૫-૩૫ વોટ મળ્યા હતા.

તંત્રી લેખ

આપણે પૈસા ખર્ચવા જોઈએ કે ભવિષ્ય માટે સાચવવા જોઈએ ?

પૈસા કેવી રીતે ખર્ચવા જોઈએ તેની પસંદગી ચર્ચાસ્પદ છે. કેટલીક વ્યક્તિઓનું માનવું છે કે, રોકડની બચત કરવી શ્રેષ્ઠ નથી. હું આ હકકીત સાથે ભારપૂર્વક અસંમત છું, કારણ કે હું માનું છું કે કેટલાક ભંડોળને બાજુ ઉપર રાખવાથી અણધાર્યા મુદ્દાઓ માટે તૈયાર કરવામાં મદદ મળશે અને આવા નાણાંનો ઉપયોગ રોકાણના હેતુઓ માટે પણ થઈ શકે છે. એવા લોકો છે જેઓ પૈસા ખર્ચવામાં આનંદ કરે છે. એવા લોકો પણ છે જેઓ કમાતા દરેક પૈસા બચાવવામાં માને છે. મારા મતે, કોઈપણ અભિગમ સાચો નથી. વિના મૂલ્યે કંઈક મેળવવું અશકય છે. આરામથી જીવવા માટે પૈસા કમાવા પડે છે. અમુક ખર્ચાઓ એવા છે જેને દૂર કરી શકાતા નથી. દાખલા તરીકે, આપણે બધાને ખાવા માટે ખોરાક અને પહેરવા માટે કપડાંની જરૂર છે. અમારા આશ્રિત બાળકો, માતા-પિતા અને જીવનસાથીની સંભાળ રાખવાની પણ અમારી જવાબદારી છે. આ બધા પૈસા ખર્ચવાના સારા કારણો છે. જો કે, હું ફકત તેના માટે પૈસા ખર્ચવાની વિરૂદ્ધ છું. એવા લોકો છે જેઓ કમાતા દરેક પૈસો ખર્ચે છે. તેઓ ખરેખર તેમની જરૂર છે કે કેમ તે તપાસવાની ચિંતા કર્યા વિના વસ્તુઓ ખરીદે છે. ખર્ચ કરવાથી તેઓને થોડો ક્ષણિક આનંદ મળી શકે છે, પરંતુ તેઓ ટૂંક સમયમાં ઊંડી આર્થિક સમસ્યાઓમાં ફસાઈ જશે. રજાઓ ઉપર જઈને અથવા લેટેસ્ટ ફેશનના કપડાં કે એસેસરીઝ ખરીદીને જીવનનો આનંદ માણવામાં કોઈ નુકસાન નથી. જો કે, વ્યકિતએ એ સુનિશ્ચિત કરવું જોઈએ કે એક વ્યક્તિ પરવડી શકે તે કરતાં વધુ ખર્ચ કરી રહ્યો નથી. ઉપરાંત, કોઈપણ સમયે કટોકટી ઊભી થઈ શકે છે. ઉદાહરણ તરીકે, વ્યક્તિ બીમાર પડી શકે છે અથવા નોકરી ગુમાવી શકે છે. પર્યાપ્ત બચત વિના આવી કટોકટીનો સામનો કરવો અશકય છે. જેમ કેટલાક લોકોને ખર્ચ કરવામાં આનંદ આવે છે, તેમ કેટલાક લોકો એવા પણ છે જેઓ બચત કરવામાં આનંદ માણે છે. શકય તેટલું બચાવવાની તેમની અવિરત શોધમાં, તેઓ જીવનના નાના આનંદોથી પોતાને વંચિત રાખે છે. આ લોકો પાસે વિશાળ બેંક બેલેન્સ હોઈ શકે છે પરંતુ તેઓ જીવનનો આનંદ માણવામાં નિષ્ફળ જાય છે. જીવન ટૂંકું છે અને કોઈ તેમની બચત પોતાની સાથે બીજી દુનિયામાં લઈ જઈ શકતું નથી. આથી દુનિયાના નાનકડા આનંદનો આનંદ માણ્યા વિના વ્યક્તિ જે કમાય છે તે બધા પૈસા બચાવવા અર્થહીન છે. સુખ, છેવટે, સૌથી મોટી સંપત્તિ છે. પહેલા બાળકોને પૈસા કેવી રીતે બચાવવા તે શીખવવામાં આવતું હતું, પરંતુ આજે તેઓ ફકત તે કેવી રીતે ખર્ચવા તે શીખે છે. જેઓ માને છે કે આજકાલ બાળકોને પૈસા બચાવવા માટે શીખવવામાં આવે છે તેમાં કોઈ ફેરફાર થયો નથી, તેમની પાસે પણ નિર્દેશ કરવા માટે ઘણા ઉદાહરણો છે. દાખલા તરીકે, ઘણા દેશોમાં, ખાસ કરીને પશ્ચિમમાં, બાળકોને તેમના માતા-પિતા દ્વારા ફકત બાળકો માટે ખોલવામાં આવેલા બેંક ખાતામાં તેઓ જે કંઈ કમાય છે તે જમા કરાવવાના સ્વરૂપમાં નાણાં બચાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. વધુમાં, હાલમાં બાળકો તેમના જીવનમાં શું બનવા માંગે છે, કયા સપનાઓ પૂરા કરવાના છે અને તે લક્ષ્યોની નાણાંકીય જરૂરિયાતો વિષે વધુ જાગૃત છે. તેનાથી વિપરિત, તે તદ્દન સ્પષ્ટ છે કે, અગાઉની પેઢીઓની તુલનામાં, મુખ્યત્વે લોકોની જીવનશૈલીમાં બદલાવને કારણે ખર્ચ ઉપર નવો તણાવ જોવા મળ્યો છે. આ નવી જીવનશૈલીના ભાગરૂપે, બાળકોને ભવિષ્યની જરૂરિયાતો માટે નાણાં બચાવવાને બદલે વર્તમાનમાં કેવી રીતે પૂરતો ખર્ચ કરવો અને કેવી રીતે જીવવું તે અંગે અસંખ્ય સંકેતો મળે છે. વધુમાં, ધિરાણની વ્યાપક ઉપલબ્ધતા સાથે ગ્રાહકવાદ એ સુનિશ્ચિત કરવામાં મોટી ભૂમિકા ભજવે છે કે, જે કંઈપણ કમાય છે તે ખર્ચવામાં આવે છે. સૌથી અગત્યનું, બાળકોની જરૂરિયાતોને સંપૂર્ણ રીતે સમર્પિત ગ્રાહક બજાર સતત વધી રહ્યું છે જેથી બાળકોને પૈસા બચાવવા માટે શીખવવામાં આવે તો પણ તેઓ આમ કરી શકશે નહીં. આ વિષય ચર્ચાસ્પદ છે અને વ્યકિતગત વિચારોના આધારે બદલાઈ શકે છે પરંતુ આપણે વ્યકિત તરીકે વર્તમાનનો આનંદ માણતા વધુ સંતુલિત જીવન જીવવું જોઈએ પણ ભવિષ્ય માટે ચિંતન અને આયોજન પણ કરવું જોઈએ અને બાળકોને તેની સતત પ્રેરણા આપતી રહેવી જોઈએ.

નવું સંશોધન સૂચવે છે કે, ભારતમાં બ્લેક ફૂગ (મ્યુકોરમાઈકોસીસ)નો રોગચાળો હોસ્પિટલના એરકન્ડિશનિંગ દ્વારા ફેલાય છે

નવી દિલ્હી તા.૧૭

સપ્ટેમ્બર ૨૦૨૦ એવો સમય હતો જ્યારે ભારતમાં માઈક્રોબાયોલોજિસ્ટ્સ અને ચેપી રોગના નિષ્ણાતોએ કોવિડ-૧૯ દર્દીઓમાં ગૌણ ચેપ તરીકે ફંગલ મોલ્ડ મશરૂમિંગના સંકેતો જોયા હતા. મ્યુકોરેલ્સ નામના ફૂગના કારણે તે ઉચ્ચ મૃત્યુદર સાથેનો એક દુર્લભ ચેપ હતો. રોગપ્રતિકારક કોવિડ-૧૯ દર્દીઓમાં ઝડપથી વૃદ્ધિ પામતા, તે તેમના મૌખિક, અનુનાસિક અને મગજના પોલાણમાં આ ફૂગ રહેતી હતી. આ એક એવું સ્વરૂપ છે જેને રાઈનોસેરેબ્રલ મ્યુકોરમાઈકોસીસ કહેવાય છે.

દેશભરની સોળ હોસ્પિટલોએ પેટર્નનો અભ્યાસ કરવાનું શરૂ કર્યું હતું અને આગામી ત્રણ મહિનામાં તેઓને મ્યુકોરમાઈકોસીસના કેસોમાં બે ગણો વધારો જોવા મળ્યો હતો, જે સામાન્ય રીતે બ્લેક ફૂગ તરીકે ઓળખાય છે. નિષ્ણાતો પૈકી એકે આ સૌપ્રથમ આ વલણની નોંધ લીધી હતી, ચંદીગઢમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચના માઈક્રોબાયોલોજી વિભાગના વડા, ડો.અરૂણાલોક ચક્રવર્તીએ, સમગ્ર ભારતમાં ડોક્ટરોને ચેપ વિશે ચેતવણી આપવા માટે વીડિયો કોન્ફરન્સ અને ઝૂમ મીટિંગ્સ યોજવાનું શરૂ કર્યું હતું. પરંતુ જ્યાં સુધી આપણે પૂરતી જાગૃતિ લાવી શકીએ ત્યાં સુધીમાં કોવિડ-૧૯ની બીજી લહેર દેશમાં આવી ગઈ હતી. ત્રણ મહિના સુધી ભારતમાં એમ્ફોટેરિસિન બી-નામની ફૂગપ્રતિરોધી દવાની અછત જોવા મળી હતી. ઓગસ્ટ સુધીમાં દેશમાં ૫૦,૦૦૦ મ્યુકોરમાઈકોસીસના કેસ નોંધાયા હતા.

આ સમગ્ર કટોકટી દરમ્યાન ભારતમાં આ ફૂગના રોગચાળાનું કારણ શું હતું તે અંગે કોઈ સ્પષ્ટતા ન હતી. ભારે કોવિડ-૧૯ કેસલોડ ધરાવતા અન્ય દેશોમાં મ્યુકોરમાઈકોસીસમાં સમાન વધારો જોવા મળ્યો નથી. મોટાભાગના ચેપી રોગ નિષ્ણાતો સંમત થયા હતા કે ભારતીય વસ્તીમાં ડાયાબિટીસની ઊંચી ઘટનાઓ અને કોવિડ-૧૯ સંભાળમાં સ્ટેરોઈડ્સનો વધુ પડતો ઉપયોગ આ માટે મહત્ત્વપૂર્ણ જોખમના પરિબળો છે. પરંતુ દૂષિત વસ્તુઓ સાથેની સંભાવના વિશે પણ અટકળો વધી ગઈ હતી, કોવિડ-૧૯ દર્દીઓને પાઈપ્ડ મેડિકલ ઓક્સિજનની જગ્યાએ સિલિન્ડરો દ્વારા સંચાલિત ઔદ્યોગિક ઓક્સિજન દ્વારા અથવા દર્દીના પલંગ સાથે જોડાયેલા હ્યુમિડિફાયર્સમાં વપરાતા પાણી દ્વારા આ રોગચાળો ફેલાય છે એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી. હવે નવું સંશોધન દૂષણના આ દાવાઓને સમર્થન આપે છે પરંતુ તે ઓક્સિજન અથવા પાણી દ્વારા નહીં. તેના બદલે ચેપી રોગના નિષ્ણાતો, માઈક્રોબાયોલોજિસ્ટ્સ અને ઈએનટી નિષ્ણાતો દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં ઉચ્ચ સંભાવના જોવા મળી છે કે, ફૂગના બીજકણ ભારતમાં હોસ્પિટલોના એર-કન્ડિશનિંગ દ્વારા ફેલાય છે. આ વર્ષે બીજી તરંગ દરમ્યાન કરવામાં આવેલા અભ્યાસમાં ઓક્સિજન સિલિન્ડરો, સ્ટોરેજ ટાંકીઓ અને ૧૧ તૃતિય સંભાળ હોસ્પિટલોના એર-કન્ડિશનિંગ વેન્ટ્સમાંથી નમૂનાઓ એકત્રિત કરવામાં આવ્યા હતા જ્યાં મ્યુકોરમાઈકોસીસ દર્દીઓની સારવાર કરવામાં આવી હતી. ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, અમને એરકન્ડિશનિંગ વેન્ટ્સમાંથી એકત્રિત કરાયેલા ૧૧% નમૂનાઓમાં આ ફૂગના બીજકણ મળ્યા છે. અમે તેને તે હોસ્પિટલોમાં ઉચ્ચ મ્યુકોરમાઈકોસીસના કેસ સાથે સીધો સંબંધ સ્થાપિત કરી શકીએ છીએ. તેનાથી વિપરીત, ઓક્સિજન સિલિન્ડરો અથવા હ્યુમિડિફાયરમાંથી લેવામાં આવેલા નમૂનાઓમાં કોઈ બીજકણ જોવા મળ્યા નથી. આ ફંગલ બીજકણને અવરોધિત કરવા માટે ઉચ્ચ કાર્યક્ષમતા સાથેના પાર્ટિક્યુલેટ એબ્સોર્બિંગ ફિલ્ટર્સ ઈન્સ્ટોલ કરવાની જરૂર છે. સંશોધકોએ એ પણ શોધી કાઢ્યું હતું કે, સાબુ-પાણીથી સાફ કરાયેલ એર શાફ્ટ અને વેન્ટ્સ ફૂગના બીજકણની સંખ્યામાં ઘટાડો કરે છે. આ અભ્યાસ હજુ પ્રકાશિત થવાનો બાકી છે, જેનો અર્થ છે કે, તેના તારણો અન્ય વૈજ્ઞાનિકો દ્વારા ચકાસવામાં આવ્યા નથી. ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, આ સંશોધન એક મહિનામાં પૂર્ણ કરવામાં આવશે અને પછી રિવ્યુ માટે મોકલવામાં આવશે.

આ ફૂગના બીજકણના ફેલાવાની આસપાસના લોકપ્રિય સિદ્ધાંતો કદાચ અસ્પષ્ટ છે, પણ આ સંશોધને એ મતને મજબૂત બનાવ્યો છે કે, ડાયાબિટીસ અને સ્ટેરોઈડ્સનો વધુ પડતો ઉપયોગ એ અંતર્ગત પરિબળો છે જેણે ભારતમાં દર્દીઓને મ્યુકોરમાઈકોસીસ માટે સંવેદનશીલ બનાવ્યા હતા. ૨૭ હોસ્પિટલો દ્વારા ચાલી રહેલા અન્ય એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ડાયાબિટીસ અને અયોગ્ય સ્ટીરોઈડ ઉપચાર મ્યુકોરમાઈકોસીસ માટે સૌથી મોટા જોખમી પરિબળો છે. ભારતની ૨૩ હોસ્પિટલો દ્વારા તાજેતરમાં પ્રકાશિત થયેલ અન્ય એક નિરીક્ષણ અભ્યાસમાં સમાન તારણો નોંધવામાં આવ્યા છે. કોવિડ- સંબંધિત મ્યુકોરમાઈકોસીસ દર્દીઓમાંથી ૮૫.૨% દર્દીઓને ડાયાબિટીસ હતું.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન મુજબ, મ્યુકોરમાઈકોસીસના વૈશ્વિક ઘટનાઓ ૦.૦૦૫થી ૧.૭ પ્રતિ મિલિયન વસ્તીમાં બદલાય છે. ભારતમાં આ સંખ્યા કોરોના વાયરસ રોગચાળા પહેલાં પણ પ્રતિ મિલિયન વસ્તીએ ૧૪૦ હતી, જે વૈશ્વિક સંખ્યા કરતા ૮૦ ગણી વધારે હતી. નવી દિલ્હીમાં ફોર્ટિસ એસ્કોર્ટ્સનર્ટ માઈક્રો બાયોલોજીના સહયોગી સલાહકાર ડો.અનુ ગુપ્તાએ જણાવ્યું હતું કે, અન્ય દેશોમાં આટલા બધા કેસ કેમ નોંધાયા નથી તેના જવાબો અમારી પાસે નથી. ઈજિપ્તમાં ભારત જેવી જ તબીબી સંભાળ પ્રણાલી છે, પરંતુ તેમાં મ્યુકોરમાઈકોસીસના ઓછા કેસ છે. ભારતની અંદર પણ, પ્રાદેશિક ભિન્નતાઓ દેખાય છે જેને સમજાવવી મુશ્કેલ છે. જ્યારે વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ ઘટી જાય છે ત્યારે આ ફંગલ ચેપ અસર કરવાનું શરૂ કરે છે. કેન્સર, એચઆઈવી અને સ્ટેરોઈડ્સની ઊંચી માત્રા ધરાવતા દર્દીઓને હંમેશા આવા ગૌણ ચેપનું જોખમ વધારે હોય છે. આ મ્યુકોરેલ્સ નાક, મોં અથવા ચામડી દ્વારા પ્રવેશ કરે છે. એકવાર તેઓ રક્તવાહિનીઓ પર આક્રમણ કરે છે, પછી તેઓ ઝડપથી વૃદ્ધિ પામે છે, રક્ત પુરવઠાને અવરોધે છે. નેક્રોસિસ, અથવા રક્ત પુરવઠાનો અભાવ, માનવ પેશીઓને કાળી કરી દે છે, તેથી તેનું નામ 'બ્લેક ફંગસ' છે. કોવિડ-૧૯ સ્વાદુપિંડને અસર કરે છે, જે એક એવું અંગ છે જે શરીરમાં બ્લડ સુગરનું સ્તર જાળવવા માટે ઈન્સ્યુલિન ઉત્પન્ન કરે છે. સ્વાદુપિંડની સુગર સ્તરને નિયંત્રિત કરવામાં અસમર્થતા ઘણા કોવિડ-૧૯ દર્દીઓમાં ડાયાબિટીસ તરફ દોરી જાય છે. ડાયાબિટીસ રોગપ્રતિકારક શક્તિને પણ ઓછી કરે છે. મ્યુકોરમાઈકોસીસ ત્યારે હુમલો કરે છે. કોવિડ-૧૯ વાયરસ ફેફસાં અને અંગોના કાર્યોને વિક્ષેપિત કરી શકે છે અને સોજો પેદા કરી શકે છે. સોજાને નિયંત્રિત કરવા માટે, સ્ટેરોઈડ્સનો ઉપયોગ થાય છે. તે બેધારી તલવાર છે. સ્ટેરોઈડ્સ રોગપ્રતિકારક શક્તિને દબાવશે અને સોજાને નિયંત્રિત કરશે, પરંતુ તે તમારા શરીરને અન્ય ઘણા ચેપ તરફ દોરી જશે.

રિલાયન્સ હોસ્પિટલના ચેપી રોગના નિષ્ણાત અને મહારાષ્ટ્ર કોવિડ-૧૯ ટાસ્ક ફોર્સના સભ્ય ડો.ઓમ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, ડેક્સામેથાસોનની સ્વીકૃત માત્રા, જે સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતું સ્ટેરોઈડ છે, તે દિવસમાં એક કે બે વાર ૬ મિલિગ્રામ છે. પરંતુ જ્યારે અમે કોવિડ- ૧૯ દર્દીઓનાં મૃત્યુની સમીક્ષા હાથ ધરી ત્યારે અમને જાણવા મળ્યું કે, ડેક્સામેથાસોન દિવસમાં પાંચથી છ વખત આપવામાં આવી હતી. આનાથી દર્દીના ટી-સેલ સંપૂર્ણપણે નાશ પામશે અને રોગપ્રતિકારક તંત્રનું અભિન્ન અંગ, ટી-સેલ્સ વાયરસ અને ચેપગ્રસ્ત કોષો સામે લડવા માટે એન્ટિબોડીઝના સ્ત્રાવમાં મદદ કરે છે. બીજી તરંગ દરમ્યાન ઓક્સિજનની અછતને કારણે ગભરાટને કારણે સ્ટેરોઈડ્સનો વધુ પડતો ઉપયોગ થયો હતો.

આ વર્ષના મ્યુકોર માઈકોસીસા રોગચાળામાં મૃત્યુદર પૂર્વ-રોગચાળાના સમયની તુલનામાં ઓછો હતો. મુંબઈમાં કોવિડ-૧૯ની સમર્પિત સુવિધા ધરાવર્પા સેવન હિલ્સ હોસ્પિટલે એપ્રિલમાં ચેપ નિયંત્રણ સમિતિની રચના કરી હતી. વોર્ડ બોયઝ દર્દીઓ માટે ઉપયોગમાં લેવાતા ઓક્સિજનને ભેજયુક્ત કરવા માટે નફ્ફના પાણીનો ઉપયોગ કરતા હતા. બે દિવસ આ પાણી યથાવત્ રહેવાથી, પાણી ફૂગના બીજકણ માટે સંવર્ધન સ્થળ બની શકે છે. કમિટીના સભ્ય ડો.શ્રીદેવી ચૈતન્યએ જણાવ્યું હતું કે, આ જોખમને ઓળખીને, હોસ્પિટલે નળના પાણીને નિસ્યંદિત પાણી વાપરવાનું શરૂ કર્યું હતું. અમે સ્ટાફને એર કન્ડિશનીંગ વેન્ટને નિયમિતપણે સાફ કરવાનું કહ્યું હતું. હોસ્પિટલે શ્વસન સંભાળ ઉપકરણો, વેન્ટિલેટર અને ઓક્સિજન પાઈપલાઈન્સની નિયમિત સફાઈ પણ શરૂ કરી હતી. ફૂગના રોગચાળા દરમ્યાન કેન્દ્ર દ્વારા સલાહ લેવામાં આવતા, માઈકોબાયોલોજીસ્ટે જણાવ્યું હતું કે, તેમણે સરકારને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સ્તરેથી માઈકોબાયોલોજી સુવિધાઓ શરૂ કરવાની સલાહ આપી હતી. ભારતીય તબીબી સંશોધન પરિષદ દરેક રાજ્યમાં રેફરલ લેબ વિકસાવી રહી છે. દરેક મેડિકલ કોલેજમાં ધીમે-ધીમે આ એક સુવિધા વિકસાવવાનો વિચાર છે.

(સૌ: સ્કોલ.ઈન)

કેરળ સ્થિત જેકફ્રૂટ પ્રોડક્ટ એન્ટિ-ડાયાબિટીક ડ્રગ દાવાનો લેબ રિપોર્ટે પર્દાફાશ કર્યો

કોચીન તા.૧૭

જેકફ્રૂટમાંથી બનેલી ખાદ્ય ચીજવસ્તુઓ કે જેનું માર્કેટિંગ જેકફ્રૂટ ઉદ્દપ લેબલ એટલે કે એન્ટિ-ડાયાબિટીક હેઠળ પ્રચાર કરવામાં આવ્યો હતો જેના પ્રચારમાં સોશિયલ મીડિયામાં એમ કહેવાતું હતું કે, તો ડાયાબિટીસને નિયંત્રિત કરે છે. પરંતુ લેબમાં તેનું પરીક્ષણ કરવામાં આવતા તેમાં વિરોધાભાસી પરિણામો જોવા મળ્યા. ડ્રગ કંટ્રોલરનો નવા રિપોર્ટ મુજબ કેરળ સ્થિત પ્રોડક્ટના સેમ્પલમાં કોઈ એન્ટિ ડાયાબિટીક દવા મળી નથી. ડ્રગ કંટ્રોલરે સ્ટોર્સમાંથી પોતાની મેળે એકત્ર કરાયેલા નમૂનાઓ પરીક્ષણ પરિણામો જાહેર કર્યા છે. તાજેતરના સમયમાં સોશિયલ મીડિયા ઉપર એવો પ્રચાર થઈ રહ્યો હતો કે, જેકફ્રૂટમાંથી બનેલી પ્રોડ્ક્ટ જેકફ્રૂટ ઉદ્દપમા ડાયાબિટીસ માટેની એલોપેથિક દવાના નમૂના જોવા મળ્યા છે. એક વ્યક્તિએ ડ્રગ કંટ્રોલર ઓફિસમાં નમૂનાની તપાસ કર્યા પછી પરિણામ પોસ્ટ કર્યું અને આ રિપોર્ટ સોશિયલ મીડિયા ઉપર ઘણી વખત શેર થયેલો જોવા મળ્યો. જો કે, તેને સોશિયલ મીડિયામાં વધુ લોકપ્રિયતા મળવાના કારણે ડ્રગ કંટ્રોલરે તેનું પરીક્ષણ કરાવવા વિવિધ આઉટલેટ્સમાંથી નમૂના મેળવ્યા હતા. ડ્રગ કંટ્રોલર દ્વારા જ્યારે લેબમાં બે વખત પરીક્ષણ કર્યું ત્યારે નવા ટેસ્ટ રિપોર્ટમાં ભાગ્યે જ જેકફ્રૂટ ઉદ્દપમા ડાયાબિટીક દવાની હાજરી જોવા મળી. રિપોર્ટમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે, ડાયાબિટીસ માટે વપરાતી કોઈપણ દવાની હાજરી શોધી શકાઈ નથી. ઉત્પાદનોનું પરીક્ષણ કરવા માટે વ્યક્તિઓ ડ્રગ કંટ્રોલરની ઓફિસમાં તેમની જાતે નમૂનાઓ લાવી શકે છે. આવા નિરીક્ષણના પરિણામને અધિકૃત ગણી શકાય નહીં. સંભવ છે કે, વ્યક્તિઓ દ્વારા લાવવામાં આવેલ નમૂનાઓ સાથે ચેડાં કરવામાં આવી શકે અથવા તો ડોક્ટર દ્વારા ખાસ તે ઉદ્દેશથી મોકલવામાં આવ્યા હોય. ડ્રગ કંટ્રોલરે જણાવ્યું હતું કે, ઉત્પાદન ડ્રગથી મુક્ત હોવાનું જાણવા મળ્યું હોવાથી તેનું બજારમાં કોઈપણ અવરોધ વિના વેચાણ કરી શકાય છે. જો કે, મેન્યુફેક્ચરિંગ કંપનીના સ્થાપક જેમ્સ જોસેફે સોશિયલ મીડિયા ઉપરના દાવાઓને ફગાવી દીધા છે. તેમણે કહ્યું કે, સોશિયલ મીડિયામાં ચાલી રહેલ કેમ્પેન જેકફ્રૂટ ઉદ્દપએ નકલી છે અને તેના અંગે કાયદાકીય પગલાં લેવામાં આવી શકે છે. આ કેમ્પેન પાછળ ષડ્યંત્ર રચાયું હોવાનું તેમને શંકા છે. ફૂડ સેફ્ટી કમિશ્નરે ટેસ્ટિંગ માટે પ્રોડક્ટના સેમ્પલ પણ લીધા છે અને શકય તમામ પગલાં લેવામાં આવશે તેવું જણાવ્યું હતું.

મેગેઝિન વાંચીને IAS બનવાનો નિર્ણય લીધો હતો, પિતાની સલાહથી જ સોનલ ગોયલને UPSCમાં મળી સફળતા

નવી દિલ્હી તા.૧૭

યુપીએસસી પરીક્ષામાં સફળતા મેળવવાનું સ્વપ્ન દરેક કેન્ડિડેન્ટનું હોય છે, પરંતુ કેટલીક વખત પૂરી મહેનત છતાં પણ આ પરીક્ષામાં સફળતા નથી મળી શકતી. આવામાં આ પરીક્ષાની તૈયારી કરી રહેલા ઉમેદવાર નિરાશ થઈ જાય છે. આવામાં બધા ઉમેદવારને આજે અમે આઈએએસ અધિકારી સોનલ ગોયલની વાર્તા બતાવીશું. મેગેઝિન વાંચીને આઈએએસ બનવાનો નિર્ણય લીધો : સોનલે એક ઈન્ટરવ્યુ દરમ્યાન પોતાના સંઘર્ષના દિવસોને યાદ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે પહેલા તેમનો સિવિલ સર્વિસ વિશે ખબર પણ ના હતી. પરંતુ એક મેગેઝિનમાં સિવિલ સર્વન્ટ ઉપર એક આર્ટિકલ લખેલો હતો. આ વાંચીને તેમણે આઈએએસ અધિકારી બનાવાનો નિર્ણય લીધો હતો. આ પહેલા તે સીએસ કરી રહી હતી. પરંતુ આઈએએસ બનીને તે સામાજનું ભલું કરવા ઈચ્છતી હતી. સોનલ ગોયલે ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે જ્યારે મેં ગ્રેજ્યુએશન દરમ્યાન આઈએએસ અધિકારી બનાવાનો નિર્ણય લીધો તો પરિવારનો પણ આ વિશે બતાવ્યું. મારા પિતા ઈચ્છતા ન હતા કે હું યુપીએસસીની તૈયારી કરૂં કારણ કે તે જાણતા હતા કે આ સૌથી મુશ્કેલ પરીક્ષાઓમાંથી એક છે પરંતુ તે જાણતા હતા કે હું અભ્યાસમાં ખૂબ જ હોશિયાર છું માટે તેમણે મને પરવાનગી આપી. મેં સીએસ કર્યા પછી દિલ્હી યુનિવર્સિટીમાં એલએલબીમાં એડમિશન મેળવ્યું અને સાથે મેં યુપીએસસીની તૈયારી પણ શરૂ કરી દીધી. ૨૦૦૭માં ક્લિયર કરી હતી પરીક્ષા : સોનલ જણાવે છે કે નોકરી અને વકીલાતના અભ્યાસની સાથે જ મેં વર્ષ ૨૦૦૬માં પ્રથમ વખત યુપીએસસી પરીક્ષા આપી, પરંતુ તેમાં મારી ઈન્ટરવ્યુ રાઉન્ડમાં પસંદગી ના થઈ ત્યાર પછી મેં હાર માની નહી અને પોતાની તૈયારી જારી રાખી. વર્ષ ૨૦૦૭માં બીજા પ્રયાસમાં મને સફળતા મળી અને મારો એઆઈઆર ૧૩ રેન્ક આવ્યો હતો. ત્રિપુરા જ્યારે હું ગઈ તો આશ્ચર્યચકિત થઈ ગઈ કારણ કે ત્યાંનું ભોજન તદ્દન અલગ હતું કારણ કે હું સકારાત્મકતાથી જ બધો ઉકેલ લાવી. વર્ષ ૨૦૧૬માં સોનલ હરિયાણા કેડર જોઈન કર્યું અને તમામ મોટા વિભાગોની જવાબદારી સંભાળી લીધી.

ભાજપ નહેરૂને ભૂંસી કાઢવા માંગે છે : પરંતુ તેમના વગરનું ભારત કેવું હોત તે આપણે જોઈએ

જયપુર તા.૧૭

સન્ડે ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં લખતા અમૂલ્ય ગોપાલકૃષ્ણને તાજેતરમાં એવી વાત સામે લાવ્યાં હતાં કે સાઈબર સ્પેસમાં નહેરૂને બદનામ કરવાનો જાણે રીતસરનો ધંધો ચાલી રહ્યો છે. રાજસ્થાનમાં શાળામાંથી ભારતના પ્રથમ વડાપ્રધાનને ભૂંસી કાઢવામાં આવી રહ્યાં છે. પરંતુ ક્યારેય એવો વિચાર કર્યો છે કે નહેરૂ વગરનું ભારત કેવું હોત ? ભારતને આઝાદી અપાવનાર વિરાટ હસ્તીઓને એક બીજાથી અલગ પાડવી મુશ્કેલ છે. પરંતુ એવા ચોક્કસ મુદ્દાઓ હોય છે કે જેમાં નેતાની પ્રતિભા વિશિષ્ટ ભૂમિકા ભજવે છે. આવું જ નહેરૂ સાથે હતું. કેટલાક મુદ્દાઓ ધ્યાનમાં લેતાં નહેરૂ વગરના ભારત ઉપરની કેટલીક હકીકતો ઊભરી આવે છે. સૌપ્રથમ ૧૯૨૭માં તેમણે બ્રશેલ્સમાં કોંગ્રેસ ઓફ ઓપરેસ્ડ નેશનાલિટીઝનામાં હાજરી આપી હતી અને સ્વાતંત્ર ચળવળને એક આંતરરાષ્ટ્રીય સ્વરૂપ આપ્યું હતું. બીજુ ૧૯૨૮માંર ગાંધીજીએ ભારત માટે સાર્વભૌમત્વ દરજ્જાનો પ્રસ્તાવ કર્યો હતો પરંતુ નહેરૂ એક માત્ર હતાં કે જેમણે સંપૂર્ણ સ્વતંત્રતાની માંગણી કરી હતી. ત્રીજું નહેરૂએ ભારતમાં પ્રાંતોને સત્તાનું વિકેન્દ્રીકરણના બ્રિટનનો પ્રસ્તાવ સ્વીકાર્યો નહતો અને જણાવ્યું હતું કે કોંગ્રેસ કોઈપણ સંજોગોમાં તેનો સ્વીકાર કરશે નહીં. ચોથું વડાપ્રધાન તરીકે બંધારણનો મુસદ્દો તૈયાર કરવામાં મોટી ભૂમિકા ભજવવી તેમના માટે શકય ન હતી તેમ છતાં કેન્દ્રીય પરામર્શ સમિતિ અને કેન્દ્રીય સત્તા સમિતિના તેમના અધ્યક્ષપદ હેઠળ રાજયો અને કેન્દ્ર સરકારની સત્તાઓ વચ્ચે સંતુલન નક્કી કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. પાંચમું નહેરૂ અને શેખ અબ્દુલ્લા સાથેના કે જેના પગલે અત્યંત પ્રગતિશીલ અને સમુદાયના દુરોગામી સુધારા થયાં હતાં. આઠમું ભારતના અણુ અને અંતરીક્ષ કાર્યક્રમમાં પણ નહેરૂની અંગત છાપ દ્રશ્યમાન જોવા મળે છે. ભારતીય અણુ વિજ્ઞાનના પિતામહ ડો.હોમી ભાભા ૧૯૩૯માં યુકેથી પરત આવતા સમયે પ્રવાસમાં નહેરૂને મળ્યાં હતાં અને બંનેએ તેમના સંબંધો ન હોત તો ભારતીય સંઘમાં કાશ્મીરને જાળવી રાખવું મુશ્કેલ થાત. છઠ્ઠું તેમણે ખાનગી અને જાહેર ક્ષેત્રને સંતુલિત કરનાર અર્થતંત્રની પેટર્નની તેમણે હિમાયત કરી હતી. સામાજિક રાહ અપનાવીને તેમણે સામ્યવાદી ચળવળમાં તિરાડને પ્રોત્સાહિત કરી હતી. સાતમું નહેરૂએ ચાર હિંદુ સંહિતા વિધેયકો પસાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આજીવન મિત્રતા શરૂ કરી હતી. નહેરૂએ તેમને ભારતના અણુ કાર્યક્રમનો હવાલો સોંપ્યો હતો અને તેઓ માત્ર વડાપ્રધાનને જ જવાબ આપવા બંધાયેલા હતાં. અલબાત નહેરૂના કેટલાક નકારાત્મક પાસાઓ પણ છે જેમ કે કાશ્મીર મુદ્દાને યુએનમાં મોકલવો, ચીન સાથેના સરહદી વિવાદમાં તેમની કામ લેવાની ક્ષમતા. નહેરૂ ન હોત તો કદાચ અલગ પરિણામ આવ્યું હોત.

જવાહરલાલ નહેરૂને ભારતના ભવ્ય ભૂતકાળ અંગે ઊંડી સમજ હતી

જવાહરલાલ નહેરૂને આમ ભારતના ભૂતકાળ અને નિયતી અંગે એક અનન્ય ભાવના હતી. તે તેમની ૧૯૪૬ની બુક ધ ડીસ્કવરી ઓફ ઈન્ડિયા અને વિવિધ સમયે તેમણે આપેલ ભાષણો અને લખાણો ઉપરથી પણ જોઈ શકાશે. ભારતીય ઈતિહાસમાં એક સક્ષમ વ્યક્તિત્વ તરીકે સ્થાન અંકિત કરનાર નહેરૂને ભારત અને તેના ભૂતકાળ માટે ગહન આદરની ભાવના હતી જે આપણે ભૂલી ગયાં છીએ. અનેક બાબતોમાં નહેરૂના યોગદાનને પણ આપણે વિસરી ગયાં છીએ. તેમણે ઘણી પહેલ કરી હતી કે જેમાં ઘણી આઈઆઈટી, આઈઆઈએમ અને એમ્સની સ્થાપના, મોટા બંધોનું નિર્માણ, પંચવર્ષીય યોજના અને મિશ્ર અર્થતંત્ર, આયાત સબસ્ટેશન માટેની ઈચ્છા, નોન-અલાયનમેન્ટ અને વૈજ્ઞાનિક મિજાજ અને ધર્મનિરપેક્ષતા અને પ્રાધાન્યનો સમાવેશ થાય છે. ૧૯૪૬માં લખવામાં આવેલ ધ ડીસ્કવરી ઓફ ઈન્ડિયા માત્ર નહેરૂનું ભારતીય આધ્યાત્મિક પરંપરાનું ગહન વાંચન જ નહીં પરંતુ તેની સાથેની તેમની લાગણીના કારણે ગામોના નિરક્ષર લોકોને પણ પ્રેરણા લેવાની ફરજ પડી છે. આમ નહેરૂ આધ્યાત્મિકતાને પસંદ કરતાં હતાં. નહેરૂને આમ પ્રજામાં જબરદસ્ત વિશ્વાસ હતો. આમ ભારતના ભૂતકાળને નહેરૂએ ખરા અર્થમાં બચાવ્યો હતો.

રશિયાએ ભારતને S-400 મિસાઈલ ડિફેન્સ સિસ્ટમની સપ્લાય શરૂ કરતાં અમેરિકાએ શું કહ્યું...જાણો

નવી દિલ્હી તા.૧૭

રશિયાએ ભારતને જી-૪૦૦ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમની સપ્લાય શરૂ કરી દીધી છે. આવી સ્થિતિમાં અમેરિકાના પ્રતિબંધોનું જોખમ પણ વધી ગયું છે. તે જ સમયે, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તાએ કહ્યું છે કે, અમેરિકાએ રશિયા પાસેથી જી-૪૦૦ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદવા માટે ભારત ઉપરના પ્રતિબંધોમાંથી સંભવિત માફી અંગે કોઈ નિર્ણય લીધો નથી. તેમણે એ વાત ઉપર પણ ભાર મૂક્યો હતો કે કાઉન્ટરિંગ અમેરિકાઝ એડવર્સરીઝ થ્રુ સેક્શન એક્ટ હેઠળ કોઈપણ દેશને વિશેષ મુક્તિ આપવાની કોઈ જોગવાઈ નથી. પ્રવક્તાએ કહ્યું કે રશિયા દ્વારા ભારતને જી ૪૦૦ની ડિલિવરી શરૂ કરવાના અહેવાલો અંગેના એક પ્રશ્નના જવાબમાં જો બિડેન વહીવટીતંત્ર અમારા તમામ સહયોગીઓ, ભાગીદારોને રશિયા સાથેના વ્યવહારો છોડી દેવાની વિનંતી કરે છે, કારણ કે તેઓ CAATSA હેઠળ પ્રતિબંધોનું જોખમ ધરાવે છે. ભારતે લાંબા ગાળાની સુરક્ષા જરૂરિયાતો માટે ઓક્ટોબર ૨૦૧૮માં ભારત-રશિયા વાર્ષિક દ્વિપક્ષીય સમિટ દરમ્યાન પાંચ એસ-૪૦૦ સરફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમની ખરીદી માટે રશિયા

સાથે ૫.૪૩ બિલિયન ડોલરના કરાર ઉપર હસ્તાક્ષર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે અમેરિકાના વિરોધ વચ્ચે રશિયાએ પોતાનું વચન પુરૂ કર્યું છે અને ભારતને મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ એસ-૪૦૦ પુરૂ પાડવાનું શરૂ કરી દીધુ છે. સર્ફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમ પુરી પાડવાનું શરૂ કર્યાની જાણકારી રશિયાના અધિકારીએ આપી હતી. રશિયાના FSMTCના ડાયરેક્ટર ડીમિત્રી શુગાવે કહ્યું હતું કે અગાઉના આયોજન પુજબ જ આ સિસ્ટમ પુરી પાડવાનું શરૂ કરાયું છે. ઓક્ટોબર ૨૦૧૮માં રશિયા અને ભારત વચ્ચે આ મિસાઈલ સિસ્ટમ માટે કરારો થયા હતા. આશરે ૫ બિલિયન ડોલરની આ ડીલને આખરી ઓપ આપ્યા બાદ હવે રશિયાએ ડિફેન્સ સિસ્ટમ પુરી પાડવાનું શરૂ કરી દીધુ છે. જી-૪૦૦ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમના પાંચ યુનિટ્સ હાલ ખરીદવામાં આવશે. અગાઉ આ સિસ્ટમ રશિયા પાસેથી ન ખરીદવાની ભારતને અમેરિકાએ ચેતવણી આપી હતી. અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આ ચેતવણી અપાઈ હતી જોકે ભારતે તેના ઉપર ધ્યાન નહોતુ આપ્યું અને પોતાની સુરક્ષા માટે તેને હથિયારો ખરીદવાનો અધિકાર હોવાનું કહીને જવાબ આપ્યો હતો. ૨૦૧૯માં આ ડિફેન્સ સિસ્ટમનું પ્રથમ પેમેન્ટ આશરે ૮૦૦ મિલિયન ડોલર રશિયાને ભારતે સોપ્યું હતું. એસ-૪૦૦એ રશિયાની અત્યંત આધુનિક ધરતીથી હવામાં મિસાઈલોથી રક્ષણ કરનારી સિસ્ટમ છે. જેને અગાઉની બધી સિસ્ટમ કરતા વધુ એડવાંસ માનવામાં આવે છે. આ જ પ્રકારની ડિફેન્સ સિસ્ટમ રશિયા પાસેથી ખરીદવા બદલ તુર્કી પર અમેરિકાએ કેટલાક પ્રતિબંધો લગાવ્યા હતા, જેથી હવે આ જ પ્રકારના પગલા ભારત સામે અમેરિકા લે તેવી શક્યતાઓ છે.

સોમનાથ ખાતે યોજાયો કરાટે બેલ્ટ ગ્રેડેશન કેમ્પ

આગામી ૨૬, ૨૭, ૨૮ નવેમ્બરે નેશનલ કરાટે સ્પર્ધા સોમનાથ ખાતે યોજાશે

(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૭

કરાટે બ્લેક બેલ્ટ ગ્રેડેશન કેમ્પ ત્રિ-દિવસીય સોમનાથ વાડોફાઈલ કરાટે પ્રમુખ સિંહાન રાજેશ અગ્રવાલ અને એસોસીએશન તેમજ ગુજરાત કરાટે-સ્પોર્ટસ એસો. તથા સિહાન પ્રવિણભાઈ ચૌહાણના નેજા હેઠળ યોજાયો હતો.

આ કેમ્પમાં ૧૫૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી જેમાં ૩૫ થી વધુ ઉતિર્ણ થયા હતા. સોમનાથ ટ્રસ્ટના સહયોગથી યોજાયેલ સમાપન કાર્યક્રમમાં સફળ છાત્રોને પ્રોત્સાહક પ્રમાણપત્ર મહાનુભાવોના હસ્તે અપાયા હતા.

સમાપના સમારોહ સંબોધતા વેરાવળ-પાટણ નગરપાલિકા પ્રમુખ પિયુષભાઈ ફોફંડીએ જણાવ્યું હતું કે, મારા દેશની દિકરીઓ મજબુત, સક્ષમ બને તેવી મારી લાગણી છે અને મારો સંકલ્પ છે કે વેરાવળની ધો.૫ થી કોલેજ સુધીની તમામ દિકરીઓ સક્ષમ અને સુરક્ષિત બનાવવી છે. મોબાઈલ અને ટીવીના વળગણમાં પડયા રહેવા કરતા અમાં જેમ-જેમ પ્રેકટીસ કરશો તેમ લાઈફ સ્ટાઈલમાં બદલાવ આવશે. વેરાવળના પીઆઈ ડી.ડી. પરમારે સંબોધનમાં જણાવ્યું હતું કે, આપણું ગુજરાત અહિંસાને વરેલું છે પણ સ્વબચાવ માટે આપણે કંઈપણ કરી શકાય તેવી કરાટે હથિયાર વગરની લડાઈ છે. હું એ પણ શુભેચ્છા આપું છું કે બહેનો માત્ર કરાટે જ નહીં તેની સાથે બીજી બે -ત્રણ કળાઓમાં પણ પારંગત થાય અને અહીં યોજાયેલ ગુજરાત મહિલા સશક્તિકરણ કાર્યક્રમને આવકારું છું.

સામારોહમાં કરાટેના દિલધડક સુતેલી વ્યક્તિ ઉપરથી સડસડાટ મોટરસાયકલ બાઈક ચલાવવી સહિતના વિવિધ કાર્યક્રમો પ્રવિણભાઈ ચૌહાણ તથા વિદ્યાર્થીઓએ રજુ કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ પિયુષભાઈ ફોફંડી, બ્રહ્મસમાજના અગ્રણી દુષ્યંતભાઈ ભટ્ટ, મિલનભાઈ જોશી, સોમનાથ ટ્રસ્ટના અજય દુબે, સુરૂભા જાડેજા, વેરાવળના પીઆઈ ડી.ડી. પરમાર, પીએસઆઈ મુછાળ, રામસીંગ વાળા, મેઘજીભાઈ ચાવડા, રાજેશ અગ્રવાલ તથા પત્રકારો ઉપસ્થિત રહયા હતા.

આ કેમ્પમાં રાજકોટ, જૂનાગઢ, સુરેન્દ્રનગર, જામનગર, અમદાવાદ અને કેશોદ સહિત ગુજરાતના કરાટે સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આગામી ૨૬, ૨૭ અને ૨૮ નવેમ્બરના રોજ સોમનાથ ખાતે ઓલ ઈન્ડિયા કરાટે નેશનલ કોમ્પીટેશન યોજાશે જેમાં રાષ્ટ્રીય કક્ષાના સ્પર્ધકો ભાગ લેશે.

જૂનાગઢ શહેરના તમામ પ્રવાસન સ્થળોએ કોવિડ-૧૯ વેકસીન સર્ટીફીકેટ રજુ કર્યા બાદ પ્રવેશ અપાશે

જૂનાગઢ તા. ૧૭

હાલ જૂનાગઢ મનપા હદ વિસ્તારના ભવનાથ વિસ્તારમાં પરિક્રમાનો પ્રારંભ થઈ ચુકેલ હોય તેમજ ભવનાથ વિસ્તારમાં હજારોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ આવતા અને દર્શનાર્થીઓ પણ જૂનાગઢ શહેરના અન્ય પર્યટન સ્થળોની મુલાકાત લેતા હોય છે. નોવેલ કોરોના વાઈરસ કોવિડ-૧૯ ના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા અને એકબીજાના સંપર્કમાં આવવાથી આ રોગના ફેલાવાની શકયતા વધી જતી હોવાથી વાઈરસની બિમારી ચેપી બિમારી હોય, જે આગળ ન વધે તેવા ઉમદા હેતુથી પુરતી તકેદારી સાથે કોરોના વાઈરસ કોવિડ-૧૯ની ફેલાવા/પ્રસારની પરિસ્થિતીને ધ્યાને લઈ જાહેર આરોગ્ય, સલામતી અને લોકોની સુખાકારી જળવાઈ રહે તે માટે તકેદારીના પગલા રૂપે જૂનાગઢ શહેરમાં આવતા શ્રધ્ધાળુઓ, પર્યટકોની સંખ્યા અને ભીડને ધ્યાનમાં રાખી કોવિડ વેકસીનેશનના સર્ટીફીકેટ ચેક કર્યા બાદ આવા નાગરીકો/ પર્યટકોને જાહેર સ્થળો ઉપર પ્રવેશ આપવો જરૂરી જણાતો હોય, જૂનાગઢ મનપાની મુખ્ય કચેરી તથા તમામ કચેરી, સ્વીમીંગ પુલ, જૂનાગઢ મહાનગરપાલિકાનું સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, જૂનાગઢ મનપા હસ્તકના તમામ બાગ-બગીચાઓ તથા જૂનાગઢ મહાનગરપાલિકા ક્ષેત્રમાં આવેલ તમામ પર્યટન સ્થળો જેવા કે ભવનાથ વિસ્તાર, ગિરનાર રોપ-વે સાઈટ, વિલીંગ્ડન ડેમ, ઉપરકોટ, સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન તથા જૂનાગઢ મહાનગર વિસ્તારમાં આવેલ જાહેર પરિવહનના તમામ સ્થળોએ પ્રવેશ મેળવતા તમામ નાગરીકો, પર્યટકો, શ્રધ્ધાળુઓ, પ્રવાસીઓને પ્રવેશ આપતા પહેલા કોવિડ વેકસીનેશનના સર્ટીફીકેટ ચેક કર્યા બાદ પ્રવેશ આપવાનો રહેશે. આમ કોવિડ-૧૯ વેકસીનેશન માટે લાયકાત ધરાવતા ૧૮ વર્ષથી વધુઉંમરના લોકોએ પ્રથમ ડોઝ લીધેલ ન હોય તેમજ જેઓ બીજો ડોઝની પાત્રતા ધરાવતા હોય તેમ છતાં બીજો ડોઝ ન લીધો હોય તેવા વ્યક્તિઓને ઉપરોકત જગ્યાએ તા.૧૫-૧૧-૨૧ ના રોજ તાત્કાલીક અસરથી જરૂરી પુરાવા ચેક કરીને પ્રવેશ આપવાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ જે મુલાકાતી/ નાગરીકો કોવિડ-૧૯ની એકેય વેકસીન ન લીધેલ હોય તેમને પ્રવેશ આપવાનો રહેશે નહીં.

જૂનાગઢ મનપાની તથા ઉપરોકત સ્થળોએ પ્રવેશ માટે આવતા મુલાકાતી/નાગરીકોએ કોવિડ-૧૯ વેકસીનેશનનો પ્રથમ/ બીજો ડોઝ લીધાના સર્ટીફીકેટ તેમના મોબાઈલમાં અથવા હાર્ડ કોપી તેમજ તેમનું આઈડેન્ટી કાર્ડ સાથે રાખવાનું રહેશે તેમ જૂનાગઢ મનપાના જનસંપર્ક અધિકારીની યાદીમાં જણાવાયું છે.

દેશમાં બાળ યૌન શોષણ સામે સીબીઆઈની મોટી કાર્યવાહી, ગુજરાત સહિત ૧૪ રાજ્યોમાં દરોડા, ૮૩ આરોપીઓની ધરપકડ

અમદાવાદ, તા.૧૭

ગુજરાત સહિત ૧૪ રાજ્યોમાં સીબીઆઈ દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી જેમા બાળ યૌન શોષણ મામલે સીબીઆઈ દ્વારા કુલ ૮૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. સીબીઆઈ દ્વારા ૧૪ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ૭૬ જેટલી જગ્યાએ તપાસ કરવામાં આવી છે. જેમાં ઓનલાઈન બાલ યૌન શોષણ અને શોષણ સંબધી કુલ ૮૩ આરોપીઓની ધરપકડ કરી છે. ગત ૧૪ નવેમ્બરે આ મામલે ૨૩ અલગ અલગ ગુના દાખલ કરાયા હતા.

બાળ શોષણ સામે કડક કાર્યવાહીની ખૂબ જરૂર છે. જેથી ઉત્તર પ્રદેશના તમામ જિલ્લાઓમાં ૧૪થી ૨૦ નવેમ્બર દરમિયાન બાળ સુરક્ષા સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે.

બાળકોના જાતીય શોષણને રોકવા માટે રાષ્ટ્રીય કિશોર આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે.

આ સપ્તાહ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજીને બાળ જાતીય શોષણ સામે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે. જે બાળકોના જાતીય શોષણના મુદ્દે લોકોને સંવેદનશીલ બનાવી શકે તેમજ બાળકો માટે વધુ સુરક્ષિત વાતાવરણ પૂરૂ પાડી શકે.

આપને જણાવી દઈએ સીબીઆઈએ આંધ્રપ્રદેશ, દિલ્હી, યુપી, પંજાબ, બિહાર, ઓડિશા, તમિલનાડું, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત, હરિયાણા, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને હિમાચલ પ્રદેશ સહિતના રાજ્યોમાં આ સમગ્ર મામલે કાર્યવાહી હાથ ધરી છે. બાળ શોષણને રોકવા માટે રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ૧૪ થી ૨૦ નવેમ્બર સુધી સુરક્ષા સપ્તાહનું આયોજન કર્યું છે.

સરકારી જીલ્લા પુસ્તકાલય ખાતે રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની થયેલ ઉજવણી

જૂનાગઢ તા. ૧૭

રાષ્ટ્રભરમાં રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની તા.૧૪થી ૨૦ નવેમ્બર દરમ્યાન ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીથી લોકો ગ્રંથાલયની સેવાઓથી ચપરિચીત થાય અને વધુને વધુ પ્રમાણમાં ગ્રંથાલયાભિમુખબની રહયોછે. પ્રતિ વર્ષે આ ગ્રંથાલય દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણી ઉલ્લાસભેર કરવામાં આવે છે. જૂનાગઢના સ્થાનિક નગરજનો, ગ્રંથાલયના સભ્યો તથા સ્થાનિક શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ દ્વારા સપ્તાહ ઉજવણીમાં ઉમળકાભેર ભાગ લઈને ઉજવણીનો આનંદ લેછે. ગ્રંથ સપ્તાહની ઉજવણીમાં તેમના તરફથી ખુબ જ સારો સહકાર મળે છે. રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહ ૨૦૨૧ની ઉજવણી અંતર્ગત આયોજીત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પુસ્તકો તથા આઝાદીમાં ભાગ લેનારાઓ સ્વાતંત્ર્ય વીરોના અલભ્ય પુસ્તકોનું પ્રદર્શન ૯.૩૦થી ૬ કલાક સુધી રાખેલ હતું. તા.૧૪મી નવેમ્બરે જવાહરલાલ નહેરૂના જન્મદિવસને બાળદિન તરીકે ઉજવવામાં આવે છે તેથી બાળદિના નિમિત્તે નાના બાળકોના હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવેલ હતું. બાળ દિન નિમિત્તે જે બાળકો સભ્ય બને તેની ડીપોઝીટ ગ્રંથપાલ એન.એન. ગોહેલ દ્વારા ભરવામા આવશે તેવી જાહેરાતને વાંચકો અને સભ્ય વર્ગમાંથી સારો પ્રતિસાદ મળેલ હતો. ઉપરાંત કોરોનામાં જે કોઈ વ્યક્તિના અથવા બાળકોના માતા -પિતા અથવા તો પિતા અવસાન પામેલ હોય તો તેને પણ સભ્ય બનવા પ્રોત્સાહનરૂપે તેમની સભ્ય ફી ગ્રંથપાલ એન.એન. ગોહેલ દ્વારા ભરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવેલ હતી. ઘણાં સિનીયર સીટીઝનો, વાંચકો, બહેનોએ પણ ભાગ લીધો હતો. અંતમાં સર્વને ગ્રંથાલય દ્વારા ચોકલેટથી મીઠું મોઢું કરાવવામાં આવેલ હતું તેમ એક યાદીમાં જણાવેલ છે.

ગુજરાત રાજય સહકારી સંઘ દ્વારા યોજાયેલી

સ્પર્ધામાં જૂનાગઢની એસટી સહકારી મંડળી બીજા ક્રમે વિજેતા : કર્મચારીઓમાં આનંદની લાગણી

જૂનાગઢ તા. ૧૭

એસટી કર્મચારી મંડળ જૂનાગઢ વિભાગના મહામંત્રી દિલીપભાઈ રવિયાની યાદી જણાવે છે કે, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ જૂનાગઢ વિભાગના કુલ ૯ ડેપો તેમજ વિભાગીય કચેરી અને વિભાગીય યાંત્રાલય એમ કુલ ૧૧ યુનિટના અંદાજીત ૧૫૦૦થી વધુ સભાસદો ધરાવતી અને રૂપિયા ૧ કરોડથી વધુ શેર ભંડોળ અને રૂા.૪.૫૦ કરોડથી વધુ ધિરાણ ધરાવતી જૂનાગઢ જીલ્લાની એ ગ્રેડમાં ચાલતી એસટી કર્મચારીઓ માટે ચાલતી એસટી સહકારી મંડળી કાર્યરત છે. તાજેતરમાં જ ગુજરાત રાજય સહકારી સંઘ અમદાવાદ દ્વારા ગુજરાતની તમામ મંડળીઓના પગારદાર કર્મચારીઓની કામગીરી બાબતે સ્પર્ધાનું આયોજના કરવામાં આવેલ હતું જેમાં જૂનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદર એમ કુલ ૩ જીલ્લામાં જૂનાગઢની એસટી સહકારી મંડળીનો બીજો ક્રમ આવેલ છે. ત્યારે ખુબજ નહિવત સ્ટાફ અને ખુબ ઓછા ખર્ચથી એસટી કર્મચારીઓ માટે ચાલતી આ મંડળી દ્વારા ફરી એક વખત સરળ, સચોટ અને પારદર્શક વહીવટનું ઉમદા ઉદાહરણ પુરૂં પાડી બીજો ક્રમ પ્રાપ્ત કરતા એસટી કર્મચારીઓમાં આનંદની લાગણી ફેલાયેલ છે. આ તકે વિભાગના તમામ કર્મચારીઓ વતી મંડળીના મેનેજર, સ્ટાફ તેમજ મંડળીના બોર્ડ ઓફ ડીરેકટરનો કર્મચારી મંડળ જૂનાગઢ વિભાગ દ્વારા અભિનંદન પાઠવવામાં આવેલ છે.

ગુજરાત કરાટે બ્લેક બેલ્ટ કેમ્પ-૨૦૨૧

જૂનાગઢના 3 કોચ અને 3 વિદ્યાર્થીઓ ૧ ડાનથી 3 ડાન બ્લેક બેલ્ટની પરીક્ષામાં ઉતિર્ણ

જૂનાગઢ તા. ૧૭

તાજેતરમાં સોમનાથ ખાતે ગુજરાત બ્લેક બેલ્ટ કરાટે ગ્રેડેશન કેમ્પ પરીક્ષાનું તા.૧૨-૧૧-૨૧ થી ૧૪-૧૧-૨૧ સુધી આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ગુજરાત રાજયમાંથી ૩૫ જેટલા કોચ તથા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી જૂનાગઢના શ્રશાંક ત્રિવેદી, સૌરવ મકવાણા અને હાર્દિક મકવાણા ફર્સ્ટ શો ડાન બ્લેક બેલ્ટ તથા સેંસેય કૃપાલ પરમાર, સેંસય પ્રશાંત ચૌહાણ સેકન્ડની ડાન બ્લેક બેલ્ટ અને જનરલ સેક્રેટરી ઓફ ગુજરાત વાડોકાય સેંસેય મયુરકુમાર ચૌહાણ થર્ડ સાન ડાના બ્લેક બેલ્ટ ડીગ્રી પરીક્ષામાં પાસ થયેલ છે. જૂનાગઢના સેંસેય કૃપાલ પરમારને સૌરાષ્ટ્ર કરાટે ચીફ ઈન્સ્ટ્રેકટર તથા સેંસય પ્રશાંત ચૌહાણને જૂનાગઢના કરાટે ચીફ ઈન્સ્ટ્રેકટર તરીકેની ઓથોરીટી આપેલ છે જે બદલ સિંહાન પ્રવિણકુમાર ચૌહાણને અભિનંદન પાઠવેલ છે. જેમાં મુખ્ય મહેમાન ગણ તરીકે વેરાવળના સીટી પીઆઈ દિનેશ પરમાર, વેરાવળ પાલિકાના પ્રમુખ પિયુષભાઈ તેમજ સુરૂભા જાડેજા, મિલનભાઈ જોશી તેમજ બ્રહ્મસમાજના પ્રમુખ દુષ્યંતભાઈ ભટ્ટ પણ ઉપસ્થિત રહયા હતા.

દ્વારકાધીશ જગત મંદિરમાં દેવઉઠી એકાદશીના પાવન અવસરે તુલસી વિવાહોત્સવ રંગેચંગે ઉજવાયો

ભગવાનના વરઘોડામાં બહોળી સંખ્યામાં ભકતો જોડાયા

દ્વારકા તા. ૧૭

ભારતીય હિન્દુ સંસ્કૃતિમાં ઉત્સવોનું વિશેષ મહત્વ છે. તે મુજબ દેવતાઓની દિવાળીને દેવ દિવાળી તરીકે ઉજવવામાં આવે છે. અષાઢ સુદ-૧૧ થી વિષ્ણુ ભગવાન શયનમાં જાય છે. સતત ચાર મહિના સુધી ભગવાન વિશ્રામ રે છે તેને હિન્દુ શાસ્ત્રોમાં ચાતુર્માસ તરીકે ઓળખવામાં આવે છે. આ વિશ્રામ બાદ શ્રીજી કારતક સુદ-૧૧ ના રોજ વિશ્રામમાંથી બહાર આવે છે. જેથી પુરાણોમાં આ દિવસને દેવઉઠી એકાદશી તરીકે ઓળખવામાં આવે છે.

દેવઉઠી એકાદશીના શુભ દિને ભગવાન દ્વારકાધીશના જગત મંદિરમાં તુલસી વિવાહ મહોત્સવ હજારો ભાવિકોની ઉપસ્થિતીમાં ઉજવાયો હતો. તુલસીજીના શ્રીકૃષ્ણ ભગવાન સાથે પરંપરાગત રીતે થયેલા વિવાહની સાક્ષાત અનુભુતિનું દ્રશ્ય જગત મંદિરમાં ઉભું થયેલ હતું.

પૌરાણિક દ્રષ્ટીએ તુલસીપત્ર એ હેમ એટલે સુવર્ણ અને રત્નથી પણ ચડીયાતું છે. એટલે જ ભગવાન શ્રી હરીના ચરણમાં તુલસીપત્ર અર્પણ કરવાનો મહિમા છે. આયુર્વેદની ઔષધીઓમાં પણ તુલસીપત્રનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે. આજે તુલસી વિવાહ પ્રસંગે સાંજના સમયે ભગવાનના નિકળેલા વરઘોડામાં મોટી સંખ્યામાં જોડાયા હતા. સમગ્ર ધાર્મિક અવસરને સફળ બનાવવા માટે જગત મંદિરના વારદાર પૂજારી આનંદભાઈ ઉપાધ્યાય દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

કોડીનારના ગીર દેવળી ગામે વીજ વાયરોના તણખાથી રૂા.૩.૪૦ લાખની શેરડી બળી ગઈ

(આલ્તાફ મુગલ દ્વારા)

કોડીનાર તા. ૧૭

કોડીનાર તાલુકામાં શેરડીનો પાક તૈયાર થઈ ગયો છે. ત્યારે પીજીવીસીએલના જર્જરીત વાયરો ખેડુતોના વેરી બનાયા હોય તેમ કોડીનારના ગીર દેવળી ગામે એક ખેડુતોના ચાર વિઘાના શેરડીના ઉભા પાકમાં ઈલેકટ્રીક વાયરોમાંથી તણખા ઝરતા આગ લાગતા રૂા.૩,૪૦,૦૦૦/-ની શેરડી બળી જતા ખેડુતને નુકશાન થયા અંગે પીજીવીસીએલ સામે કોડીનાર પોલીસમાં ફરીયાદ નોંધાવી છે. ગઈકાલે બપોરના કોડીનારના ગીર દેવળી ગામના ભાવસિંહભાઈ મીઠાભાઈ ચૌહાણના રામણીના પા તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલ વાડીમાં ઉભેલી શેરડી અંદાજે ૧૨૦ ટન જેની કિંમત રૂા.૩,૦૦,૦૦૦/- તથા ચારો રૂા.૪૦,૦૦૦/- થાય છે જેની ઉપરથી પસાર થતા પીજીવીસીએલના જર્જરીત વાયરોના તણખા ઝરતા વાડમાં આગ લાગી હતી અને શેરડી વાવતા ખેડુતની આખા વર્ષની મહેનત બાદ મોંઢે આવેલ કોળીયો ઝુંટવાઈ જતા આર્થિક મુશ્કેલીમાં મુકાઈ ગયેલ છે. ત્યારે અન્ય જગ્યાએ આવી દુર્ઘટના ન બને તે માટે તંત્ર ઘટતા પગલા ભરે અને નુકશાન પામેલા ખેડુતને તાત્કાલીક સહાય મળે તેવી ખેડુત એકતા સમિતિએ માંગણી કરી છે.

સિનીયર સિટીઝન મંડળ જૂનાગઢનો નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ તા. ૧૭

છેલ્લા ૯ વર્ષથી જૂનાગઢમાં કાર્યરત સિનીયર સિટીઝન્સ મંડળ દ્વારા તા.૧૪-૧૧-૨૧ના રોજ નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં સભ્યો હાજર રહીને એકબીજાને નવા વર્ષની હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.

આ સ્નેહમિલન કાર્યક્રમમાં મંડળના સભ્યો પૈકી જેણે ૮૦ વર્ષની આયુ પુરી કરી છે તેવા ૧૪ સભ્યોને વડી વંદના કાર્યક્રમ હેઠળ શાલ ઓઢાડી, સન્માનપત્ર અર્પણ કરીને સન્માનિત કરાયા હતા. છેલ્લા ૯ વર્ષથી આ વડીલ વંદના સન્માન મંડળના સભ્ય મંજુલાબેન ઝાલાવાડીયા, તેમના સ્વ.પિતા રવજીભાઈ મહીદાસભાઈ લાડાણીના સ્મરણાર્થે કરી રહયા છે તે નોંધનીય છે.

મંડળના ઉપપ્રમુખ રશ્મિબેન વિઠલાણીએ તૈયાર કરેલ ગુજરાતી ગીતોની થીમ ચરૂ ગીત નૃત્ય-નાટક વગેરે ૧૧ બહેનોએ અવનવી વેશભુષાઓમાં રજુ કરી બધાના દિલ જીતી લીધા હતા. ઝવેરચંદ મેઘાણી રચીત 'ચારણ કન્યા'ની રજુઆત પણ જોરદાર હતી. મંડળના કર્મયોગી પાંચ સભ્યોનું શાલ ઓઢાડી સન્માનપત્ર અર્પણ કરી બુહમાન કરવામાં આવેલ હતું. સાડાત્રણ કલાક ચાલેલા આ કાર્યક્રમને મંડળના ૪૦૦ થી વધુ સભ્યોએ મન ભરીને માણ્યો હતો. ત્યારબાદ સામુહપ્રસાદ લઈ બધા જુદા પડયા હતા.

જૂનાગઢમાં ૩૭ વર્ષથી સેવાનું અભિયાન ચલાવતા

સત્યમ સેવા યુવક મંડળ દ્વારા ૩૬માં સમુહ લગ્નનું ભવ્ય આયોજન

આર્થિક રીતે પછાત વર્ગની તેમજ અંધ દિકરીઓને પણ સમુહલગ્નમાં ગૌરવપૂર્ણ સન્માન સાથે વિદાય અપાશે

જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢ શહેરમાં છેલ્લા ૩૭ વર્ષ થયા વિવિધ સેવાકીય પ્રવૃતિ દ્વારા લોકોના હૈયામાં આદરભર્યું સ્થાન મેળવનાર સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા અને તેમના કાર્યકર્તાઓની ટીમ દ્વારા સેવાના અનેક કાર્યો સફળતા પૂર્વક યોજી સમગ્ર સમાજમાં આદરભર્યું સ્થાન પ્રાપ્ત કર્યુંછે. એટલું જ નહીં સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવેલા કાર્યોની નોંધ જૂનાગઢ સૌરાષ્ટ્ર, ગુજરાત અને વિદેશમાં પણ નોંધ લેવાઈ છે અનેક સંસ્થાઓ પણ મનસુખભાઈ વાજાને કાર્યક્રમ વખતે સુકાન સોંપી નિશ્ચિત બની જાય છે. સર્વજ્ઞાતિ સન્માન સમારોહ, દિન દુઃખીયાઓને ભોજનની વ્યવસ્થા, હોસ્પીટમાં સેવા આપવી, જન્માષ્ટમી સહીતના તહેવારોમાં લોકોને કીટ વિતરણ, શ્રીમદ ભાગવત સપ્તાહ, હનુમાન ચાલીસાના પાઠ, હવન સહીતના કાર્યો તેમજ કોરોનાની મહામારી વચ્ચે લોકો વચ્ચે જઈ મદદપુરી પાડવી અને અત્યાર સુધીમાં અનેક સેવાકાર્યો કરવામાં આવેલછે. અંધકન્યા છાત્રાલય સહીતની વિવિધ સંસ્થાનો વહીવટ અને સુંદર રીતે સંચાલન કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૨૦૦૦થી પણ વધુ દિકરીઓને લગ્ન કરાવી કન્યા વિદાયના પ્રસંગો યોજેલા છે. એવી સત્યમ સેવા યુવક મંડળ દ્વારા ૩૬માં સમુહ લગ્નનું આયોજન કરેલ છે. તા.૨૭/૩/૨૦૨૨ રવિવાર ફાગણવદ દશમના રોજ જરૂરીયાતમંદ ૨૧ દિકરીઓને પ્રભુતામાં પગલા ભરવા નિર્ધાર કરેલ છે. જરૂરીયાતમંદ તેમજ દિવ્યાંગ દિકરીઓને અને પિતા વિહોણી દિકરીઓને આ સમુહ લગ્નમાં પ્રથમ પસંદગી આપવામાં આવશે. સમુહ લગ્નના કાર્યક્રમને સફળ બનાવવા માટે આયોજન હાથ ધરવામાં આવેલ છે. આ તકે સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજાએ જણાવ્યું હતું કે, સાડત્રીસ વર્ષ દરમ્યાન આ સંસ્થા દ્વારા સેવાકીય પ્રવૃતિ ચલાવવામાં આવી રહી છે તે અમારી સમગ્ર ટીમની કામગીરી તેમજ દાતાઓએ અમારામાં જે વિશ્વાસ મુકયો છે તેના પરીણામે છે ત્યારે આગામી સમુહ લગ્નોત્સવના કાર્યક્રમમાં દિકરીઓને આજના સમય મુજબ યોગ્ય કરીયાવર આપી શકીએ તે માટે દાતાશ્રીઓને સહાયભુત થવા અપીલ કરી છે. વધુમાં આ સામુહલગ્નમાં જોડાવવા માંગતા પરીવારોને તત્કાલ મનસુખભાઈ વાજા મો.નં.૯૯૨૫૧ ૪૨૦૮૮ તેમજ અરવિંદભાઈ મારડીયા મો.નં.૯૯૨૫૫ ૧૧૯૪૩નો સંપર્ક સાધવા જણાવેલ છે.

જૂનાગઢ, પોરબંદર અને ગીર સોમનાથ જીલ્લાની હાઉસીંગ તથા સર્વીસ કો.ઓપ.સોસાયટીઓના વૈધાનિક ઓડીટ થશે

જૂનાગઢ, તા.૧૭

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ(હાઉસીંગ) જૂનાગઢ શાખા દ્વારા જૂનાગઢ, પોરબંદર અને ગીર સોમનાથ જિલ્લા શહેર અને ગ્રામ્ય વિસ્તારની હાઉસીંગ તથા સર્વીસ કો.ઓપ. સોસાયટીના હોદ્દેદારોએ સોસાયટીઓના વૈધાનિક ઓડીટ ત્રણ વર્ષ ઉપરના બાકી છે. આથી ત્રણેય જિલ્લાની તમામ સોસાયટીઓના ઓડીટ પૂર્ણ કરવા માટે જે તે જિલ્લા રજીસ્ટ્રાર કચેરી દ્વારા ડિસેમ્બર-૨૦૨૧માં કેમ્પનું આયોજન કરવામાં આવશે.

૧૦૦ દિવસમાં ઓડીટ કામગીરી પૂર્ણ કરવાના ભાગરૂપે સોસાયટીનું છેવટ સુધીનું રેકર્ડ તૈયાર કરી જે તે જિલ્લાની રજિસ્ટ્રાર કચેરીની ઓડીટ શાખા જેમાં જૂનાગઢ જિલ્લા માટે મો.૯૭૨૬૧ ૧૭૯૬૧, પોરબંદર જિલ્લા માટે મો.૯૮૭૯૫૮૪૫૬૪ તેમજ ગીર સોમનાથ જિલ્લા માટે મો.૯૮૭૯૦૭૯૬૬૫ ઉપર સંપર્ક કરવો. તેમજ બાકી ઓડીટ પૂર્ણ કરાવી લેવા મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓની યાદીમાં જણાવાયું છે.

જૂનાગઢ જીલ્લાની બિન સરકારી ગ્રાન્ટેડ શાળાનાં કર્મચારી માટે ઉચ્ચતર પગાર ધોરણનો કેમ્પ યોજાશે

જૂનાગઢ જીલ્લા શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાય દ્વારા ચોથો કેમ્પ : કર્મચારીઓમાં ખુશીની લાગણી

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ જીલ્લા શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાયએ જીલ્લા શિક્ષણાધિકારી તરીકે આજથી સવા વર્ષ પહેલા ચાર્જ સંભાળ્યો ત્યારથી લઈ આજદિન સુધી કર્મચારીઓનાં દરેક પ્રશ્ને ત્વરીત કાર્યવાહી કરવામાં આવે છે. જૂનાગઢ જીલ્લાની તમામ બિન સરકારી માધ્યમિક ઉચ્ચ માધ્યમિક શાળાઓનાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના સમયસર ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળે તે માટે એક વર્ષમાં આ ચોથા કેમ્પનું આયોજન કર્યુ છે. જેમાં તા.૨૫ નવેમ્બરનાર રોજ સવારે ૧૦.૩૦થી જૂનાગઢ શહેર ગ્રામ્ય વંથલી, માણાવદર, ભેંસાણ, તા. ૨૬ નવેમ્બરનાં રોજ મેંદરડા, વિસાવદર, કેશોદ, માંગરોળ, માળીયા હાટીના બે દિવસ સુધી, જૂનાગઢની સરકારી ગર્લ્સ હાઈસ્કુલ આઝાદ ચોક ખાતે કેમ્પ યોજાશે. જેમાં આર.વી. પરમાર, એલ.વી. કરમટા, વી.એલ. ભુત, વી.જી. વડારીયા, આર.બી. માવદીયા, એમ.પી. દવે, પી.એમ. વાઘેલા, ડી.એસ.ઠાકર કામગીરી બજાવશે. આ કેમ્પ અંગે તમામ બિન સરકારી ગ્રાન્ટેડ શાળાનાં આચાર્યને પરીપત્ર પાઠવી ઉચ્ચતર પગાર ધોરણની દરખાસ્ત રજુ કરવા સુચનાઓ આપી જરૂરી આધારો રજુ કરવાના રહેશે.

સોમનાથ-કોડીનાર પ્રસ્તાવીત નવી રેલ લાઈનનો સર્વે કરવા દેવા રેલબાબુઓની માંગ, જયારે ખેડૂતોએ 'જાન દેંગે જમીન નહીં દેંગેનું' સુત્ર દોહરાવ્યું

સોમનાથ-કોડીનાર રેલ લાઇનના વિવાદને ઉકેલવા ગીર સોમનાથ જીલ્લા કલેકટરની હાજરીમાં રેલબાબુઓ અને ખેડૂતોના આગેવાનોની બેઠક મળી : ચાર ઉદ્યોગો માટે નવી રેલ લાઇન નાંખવા સામે ખેડૂતોએ છેક સુધી લડી લેવા મક્કમતા દર્શાવી



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૧૭

સોમનાથ-કોડીનાર વચ્ચે ખાસ બ્રોડગેજ લાઈન નાંખવાના કોમર્શિયલ રેલ પ્રોજેકટ સામે ખેડૂતો જોરદાર વિરોધ કરી રહયા છે. ત્યારે આ વિવાદનો ઉકેલ લાવવા માટે ગઈકાલે ગીર સોમનાથ જીલ્લા કલેકટરની ખેડૂતોના પ્રતિનિધિ મંડળ અને રેલ અધિકારીઓ સાથે બેઠક મળી હતી. આ બેઠકમાં રેલ વિભાગ દ્વારા પ્રોજેકટ અંગે સર્વે કરવા દેવા માંગ કરાયેલ જેની સામે ખેડૂતોના પ્રતિનિધિ મંડળએ ખેડૂતોએ 'જાન દેંગે પર જમીન નહીં દેંગે'ના સૂત્ર સાથે વિરોધ દર્શાવી હયાત સોમનાથ વાયા પ્રાંચી-કોડીનાર મીટર ગેજ લાઈનનું બ્રોડગેજમાં કન્વેર્ઝન કરવા સુચન સાથે રજૂઆત કરી હતી. આ મામલે બંને પક્ષોને સાંભળી જરૂરી સુચનો આપી સુખદ ઉકેલ લાવવા માટે સકારાત્મક કાર્યવાહી કરવાની ગીર સોમનાથ જીલ્લા કલેકટર દ્વારા ખાત્રી આપી હતી.

વેરાવળ-કોડીનાર વચ્ચે નવી બ્રોડગેજ રેલ લાઈન નાંખવાના પ્રોજેકટના મામલે ગઈકાલે વેરાવળ પ્રાંત કચેરી ખાતે ગીર સોમનાથ જીલ્લા કલેકટર રાજદેવસિંહ ગોહિલની અધ્યક્ષતામાં રેલવે અધિકારીઓ અને ખેડૂત આગેવાનોના પ્રતિનિધિ મંડળની બેઠક મળી હતી. જેમાં રેલવે વિભાગના અધિકારી દ્વારા પ્રસ્તાવીત રેલ્વે લાઈન માટે સર્વે કરવા દેવા માંગણી કરી હતી. જેને લઈ બેઠકમાં જ ખેડૂતો દ્વારા રેલ્વની માંગણી સામે વિરોધ દર્શાવ્યો હતો. બાદમાં બંને પક્ષોએ રજૂઆતો કરી હતી. જે સાંભળ્યા બાદ ગીર સોમનાથ જિલ્લા કલેકટર રાજદેવસિંહ ગોહિલે આ બેઠક બંને પક્ષોની વાત સાંભળવાની સાથે ખેડૂતોની વાત જાણવા માટે બોલાવી હતી. જેમાં બંને પક્ષોએ રજુઆતો કરેલ હોવાથી આ મામલે સુખદ ઉકેલ લાવવા માટે સકારાત્મક કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી.

જયારે આ મામલે ખેડૂતો એકતા મંચના રમેશ બારડ અને કાળાભાઈ સોલંકીએ જણાવેલ કે, સોમનાથ-કોડીનાર વચ્ચે નવી કોમર્શિયલ રેલ્વે લાઈનનો પ્રોજેકટ ગીર સોમનાથ જિલ્લાના ચાર ઉદ્યોગો માટે જ સરકાર દ્વારા નકકી કર્યો છે. નવી રેલવે લાઈન નાંખવાથી વેરાવળ, સુત્રાપાડા અને કોડીનાર ત્રણ તાલુકાના ૧૯ ગામો પ્રભાવિત થશે. આ ગામોના ૧૨૦૦ ખેડૂતોની ૨૫૦૦ વીઘા જેટલી ફળદ્રુપ જમીન સંપાદિત થશે. જેના લીધે ૪૫૦ ખેડૂતો તો ખેડૂત ખાતેદાર તરીકે મટી જશે જયારે અનેક ખેડૂતો જમીન વિહોણા પણ બની જશે. જેથી સોમનાથ-કોડીનાર વચ્ચે નવી રેલવે લાઈન નાંખવાના બદલે હયાત વેરાવળથી વાયા તાલાલા-પ્રાંચી-કોડીનાર મીટર ગેજ લાઈનને બ્રોડગેજમાં રૂપાંતરિત કરવાનું રેલ વિભાગ અને સરકારને સુચનકર્યું છે. આ રેલ લાઈનનનો ખેડૂતો 'જાન દેંગે પર જમીન નહીં દેંગે'ના સુત્ર સાથે મક્કમતાથી વિરોધ કરી રહયા છે અને ભવિષ્યમાં પણ કરતા રહેશુંતેવી મક્કમતા દર્શાવી હતી.

વલ્લભ પદયાત્રા સંઘ દ્વારા રાજકોટથી નાથદ્વારા સુધી પદયાત્રા યોજાશે

જૂનાગઢ તા. ૧૭

શ્રી વલ્લભ પદયાત્રા દ્વારા સતત ૧૫મી વાર રાજકોટથી શ્રીનાથજી પદયાત્રાનું વિના મુલ્યે આયોજન કરવામાં આવ્યું છે. તા. ૪-૧૨-૨૧નો શનિવારનાં રોજ પ્રારંભથનાર અંદાજે ૫૫૦ કિમીની અને ૧૪ દિવસની પદયાત્રા સંપૂર્ણ પણે વિના મુલ્યે યોજવામાં આવી છે. વૈષ્ણવ ભાઈ-બહેનોનો આ પદયાત્રામાં જોડાવવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. તા. ૪ ડીસેમ્બરે શનિવારે પદયાત્રા શરૂ થઈ ચોટીલા, લીંબડી, બગોદરા, અમદાવાદ, ગાંધીનગર, હિંમતનગર, શામળાજી, ખેરવાડા, ઉદયપુર, એકલીંગજી થઈનો તા. ૧૭ ડીસેમ્બરે શ્રીનાથજી પહોંચશે. દરેક પદયાત્રીક વૈષ્ણવ ભાઈઓ તથા બહેનો શ્રીનાથજીમાં બે દિવસનો મુકામ કરશે અને શ્રીનાથજી પ્રભુનાં દર્શનનો અનરો અને અનન્ય લાભ લેશે.

આયોજનને સફળ બનાવવા માટે સંઘનાં આયોજક કિશોરભાઈ બુધ્ધદેવ, ગિરીશભાઈ કુંકણા, જીગરભાઈ ભગદેવ, શશીભાઈ બુધ્ધદેવ, ચેતનભાઈ વાગડીયા, શ્યામભાઈ કારીયા, નાગરદાસ કાનાણી, અરવિંદભાઈ અનીડાવાળા વગેરે કાર્યકરો જહેમત ઉઠાવી રહયા છે. પદયાત્રાની વધુ વિગત માટે પટેલ આઈસ્ક્રીમ, અમીન માર્ગ, રાજકોટ ખાતે સાંજે ૪ થી ૬ રૂબરૂ અથવા મો. ૯૮૨૫૦ ૭૫૨૧૯ ઉપર સંપર્ક કરવા સંઘની યાદીમાં જણાવાયું છે.

સોરઠીયા મુસ્લીમ ઘાંચી સમાજ બિલખા અને નવ યુવાન કમીટી દ્વારા ૧૪માં સમૂહ શાદીનું ભવ્ય આયોજન : તડામાર તૈયારી

જૂનાગઢ તા. ૧૭

સોરઠીયા મુસ્લીમ ઘાંચી સમાજ બિલખાની નવ યુવાન કમીટી દ્વારા ૧૪માં સમૂહ શાદીનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ સમૂહ શાદીનાં કાર્યક્રમમાં ૩૦ યુગલોનાં નિકાહ પઢાશે અને નવજીવનની શરૂઆત કરશે. આ તકે વિવિધ ક્ષેત્રનાં અગ્રણીઓ તેમજ સોરઠીયા મુસ્લીમ ઘાંચી સમાજની નવ યુવાન કમીટીનાં સમાજનાં જુદા જુદા શહેરોમાં વસતા આગેવાનો પણ ખાસ ઉપસ્થિત રહી નવદંપતિઓને આશીર્વાદ આપશે. બિલખાનાં આંગણે આગામી તા. ૨૧-૧૧-૨૦૨૧ રવિવારનાં રોજ જૂનાગઢ - બગસરા હાઈવે ઉમરાળા ગેઈટ પાસે આ સમૂહ લગ્નનો કાર્યક્રમ યોજાશે. વધુમાં સોરઠીયા મુસ્લીમ ઘાંચી સમાજની નવ યુવાન કમીટીનાં સોયબભાઈ રહીમભાઈ ચોટલીયા (પ્રમુખ), કાસમભાઈ જમાલભાઈ મોઢીયા - ઉપપ્રમુખ, હાજી અલ્લારખાભાઈ બોદુભાઈ મોદી, આશીફભાઈ હા.ઈબ્રાહીમભાઈ માલવીયા, અમીનભાઈ ઈસ્માઈલભાઈ માલવીયા, અયુબભાઈ હા.અલારખાભાઈ મોદી, અબ્દુલભાઈ હાસમભાઈ (રાબાભાઈ) મોઢીયા, કાદરભાઈ બોદુભાઈ ચૌહાણ, ઈરફાનભાઈ મહંમદભાઈ સોલંકી, શબ્બીરભાઈ હુસેનભાઈ સોલંકી, કાદરભાઈ રજાકભાઈ ચોટલીયા, રફીકભાઈ જીકરભાઈ ચોટલીયા, અમીનભાઈ ઈભુભાઈ ચોટલીયા, ઈમ્તીયાઝભાઈ કરીમભાઈ અગવાન સહિતની નવયુવાન ટીમ જહેમત ઉઠાવી રહી છે. જયારે બિલખા સુન્ની મુસ્લીમ જમાતનાં આગેવાનો હા. આમદભાઈ વલીભાઈ સોઢા (પ્રમુખ), રફીકભાઈ ઈસ્માઈલભાઈ મંદરા-ઉપપ્રમુખ, સીતારભાઈ મામદભાઈ માલવીયા - ટ્રસ્ટી, અસ્લમભાઈ હા. દાદાભાઈ અગવાન- ટ્રસ્ટી, કરીમભાઈ આમદભાઈ બેલીમ - ટ્રસ્ટી તેમજ બિલખા ઘાંચી જમાતનાં આગેવાન હા. રજાકભાઈ જમાલભાઈ ચોટલીયા - પ્રમુખ, રહીમભાઈ હશનભાઈ માલવીયા ઉપપ્રમુખ, હનીફભાઈ ઉમરભાઈ માલવીયા, સીતારભાઈ જમાલભાઈ ચૌહાણ, રહીમભાઈ જમાલભાઈ મોઢીયા, મ. સુલેમાનભાઈ વલીભાઈ મહીડા, હા. રફીકભાઈ જમાલભાઈ અગવાન વગેરે સમાજનાં આગેવાનો દ્વારા સહયોગ આપવામાં આવી રહેલ છે. આ સમૂહ શાદી કાર્યક્રમમાં દુલ્હા - દુલ્હનનાં નિકાહ બિલખા જુમ્મ મસ્જીદનાં મૌલાના સારાજી કાદરમીયા નથુમીયા સૈયદ, મહંમદ ઝૈનુલ આબેદીન દ્વારા પઢાવવામાં આવશે. સમુહ શાદીનાં આ કાર્યક્રમમાં નવદંપતિઓને આશીર્વાદ પાઠવવા આમંત્રીત મહેમાનોને ઉપસ્થિતા રહેવા ભાવભર્યુ નિમંત્રણ આયોજકો દ્વારા પાઠવવામાં આવેલ છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે તડામાર તૈયારી હાથ ધરવામાં આવી છે.

કેશોદનાં મેસવાણ ગામનાં આધેડનું પથ્થરની ખાણમાં પડી જતા ડુબી જવાથી મૃત્યું

જૂનાગઢ તા. ૧૭

કેશોદનાં ફાગડી - બગોદર રોડ ઉપર પાતાળ કુવા નજીક આવેલ પાણીની અડધી ભરેલી પથ્થરની ખાણમાં મેસવાણ ગામનાં દિપકભાઈ ભોવાનભાઈ ઉર્ફે ભાદાભાઈ કામરીયા (ઉ.વ.૪૫) પડી જતાં ડુબી જવાથી તેનું મૃત્યું થયું છે.

જયારે ચોરવાડનાં શાંતીપરાથી જાનુડા જતા રસ્તા ઉપર આવેલ તળાવમાં રૂપેશભાઈ નારણભાઈ સોલંકી (ઉ.વ.૨૫) રહે. શાંતીપરા, તા. માળીયા હાટીના વાળાનો પગ લપસી જવાથી તળાવના પાણીમાં ડુબી જતા તેનું મૃત્યું થયું છે. જયારે વંથલીનાં ધંધુસર ગામે રહેતા કમલેશભાઈ કચરાભાઈ સાબરીયા (ઉ.વ.૪૦) પોતાની વાડીએ દવા છાંટતા હતા તે દરમ્યાન દવાની શીશીમાંથી થોડી દવા કોઈ કારણસર પી જતાં તેમનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે. આ ઉપરાંત માંગરોળનાં ફુલરામા ગામનાં ગીગાભાઈ હમીરભાઈ પરમાર (ઉ.વ.૬૦)ને છેલ્લા એકાદ વર્ષથી મગજમાં ફેર પડી ગયેલ હોય, તે અવાર નવાર મરી જવાની વાતો કરતા હોય તેથી પોતે પોતાની મેળે ઝેરી દવાના ટીકડા ખાઈ જતાં તેનું મૃત્યું થયું છે.

અંધ કન્યા છાત્રાલયમાં કોરોના રસીકરણ કેમ્પ યોજાયો

જૂનાગઢ તા.૧૭

પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અંધ કન્યા છાત્રાલય તેમજ જૂનાગઢની જાણીતી સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા અંધ કન્યા છાત્રાલયમાં તમામ કેટેગરીના દિવ્યાંગો માટે બીજા વેક્સિનેશન ડોઝ માટે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં જૂનાગઢ તેમજ આજુબાજુ વિસ્તારના પ્રજ્ઞાચક્ષુ વિકલાંગ તેમજ જરૂરિયાત મંદ લોકોને કોરોના મુકતની વેક્સિન આપવામાં આવી હતી.

આ કેમ્પમાં મોટી સંખ્યામાં દિવ્યાંગોની હાજરી રહી હતી. જેમાં જૂનાગઢ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી પી.એમ. અટોદરિયા, સત્યમ સેવા યુવક મંડળના અને અંધ કન્યા છાત્રાલયના પ્રમુખ મનસુખભાઈ વાજા, ટ્રસ્ટી બટુકબાપુ, મેઘનાથી મુકેશગીરી, શાંતાબેન બેસ, કિરણબેન ડાંગર, વલ્લભભાઈ ચૌહાણ, અલ્પેશભાઈ પરમાર, કમલેશભાઈ પંડ્યા વગેરે ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીઓ ઉપસ્થિત રહી સેવા આપી હતી. તેમજ કાર્યક્રમને સફળ બનાવવા પ્રવીણભાઈ જોશી, છગનભાઈ પટેલ, જગતભાઈ ડાંગર, મનોજભાઈ સાવલિયા, દક્ષાબેન ચાવડા વગેરેની ઉપસ્થિતિ રહી હતી અને આ પ્રસંગે કોરોના માટેની જાગૃતિ લાવવા માટે વધુમાં વધુ લોકો વેક્સિન લઈ પોતે જ પોતાનો આરોગ્ય જાળવે એવું સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજાએ જણાવેલ હતું.

ખંભાળિયાની નયારા કંપનીમાં શનિવારે મુખ્યમંત્રીના હસ્તે પ્રોજેક્ટનો શિલાન્યાસ

જામ ખંભાળિયા તા.૧૭ : જામખંભાળીયામાં નયારા કંપની ખાતે આ પેટ્રોકેમિકલ્સ પ્રોજેક્ટના શિલાન્યાસ પ્રસંગે આગામી શનિવાર તા. ૨૦ નવેમ્બરના રોજ બપોરે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે સ્થાનિક અધિકારીઓ, નેતાઓ તેમજ કંપનીના અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહેશે. આ આયોજન માટે જિલ્લા વહીવટીતંત્ર તથા કંપની દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

હજારો ભાવિકો ગિરનારની લીલી પરિક્રમા 'રામભરોસે' સંપન્ન કરી વતન તરફ રવાના થયા

કોઈપણ જાતની સુવિધા ન હોવા છતાં પણ શ્રધ્ધાળુઓએ ગિરનારજી મહારાજમાં શ્રધ્ધા રાખી અને શાંતીપૂર્ણ રીતે પરિક્રમા સંપન્ન કરી છે અને સેવાનું પુનીત ભાથું બાંધ્યાની લાગણી અનુભવી છે

(તસ્વીર : અમ્માર બખાઈ)

જૂનાગઢ તા.૧૭

ગરવા ગિરનારની ૩૬ કિલોમીટરની લીલી પરિક્રમા આ વર્ષે કઠીન, મુશ્કેલભરી અને કોઈપણ જાતની સુવિધા વિહોણી હોવા છતાં પણ શ્રધ્ધાનો દિપક જલાવી અને દૂર દૂરથી આવેલા સંખ્યાબંધ ભાવિકો હોશે-હોશે પરિક્રમાનું પુનીત ભાથું બાંધ્યું છે. ઘણા વર્ષો પહેલા ફાનસ યુગમાં અને કોઈ જાતની લાઈટ, રસ્તા, પાણી સહિતની કોઈપણ જાતની સુવિધા જે વખતે હતી નહી તેવા સાંજોગોમાં ૨૦ થી ૨૫ માણસોનાં શ્રધ્ધાળુઓનાં સંઘે ગિરનારજી મહારાજની પરિક્રમા શરૂ કરી હતી અને આ પરિક્રમા દિવસે દિવસે આગઉ અનેઅનેરૂ મહત્વ ધરાવતી બની ગયેલ. એક તકે તો પરિક્રમામાં ૧૦ થી ૧૨ લાખ શ્રધ્ધાળુઓ ઉમટી પડતા હતા અને જંગલમાં મંગલસાથે ભજન, ભોજન અને સેવાનો ત્રિવેણી સંગમ રચવામાં આવતો હતો. કોરોના કાળનાંઆ સામયકાળમાં તકેદારીનાં પગલારૂપે પરિક્રમા ફકતનેફકત ૪૦૦ વ્યકિતઓ માટે શરૂ થઈ હતી અને મંજુરી પણ અપાય હતી. પરંતુ આખરે લોક લાગણીને ધ્યાને લઈ પરિક્રમા શરૂ થવાની દિવસે જ જવાબદાર તંત્ર દ્વારા છૂટ અપાતા પરિક્રમાર્થીઓમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી. આ વર્ષે ગિરનારની પરિક્રમા થવાને છે કે નથી થવાની તે અંગેની દિવસો પહેલા કોઈપણ પ્રકારની જાહેરત થઈ ના હતી જેને લઈને દૂર-દૂરથી ભાવિકો પરિક્રમા પુરી કરવા, માનતા કરવા પહોંચી ગયા હતા. એ શ્રધ્ધાળુઓને ખબર ન હતી કે રસ્તાની વ્યવસ્થા નથી, લાઈટની સુવિધા નથી, ભોજન માટેની સુવિધા નથી આવી પરિસ્થિતિ વચ્ચે હજારો ભાવિકોએ કઠીન એવી ચાલું વર્ષની પરિક્રમા રામભરોસે પૂર્ણ કરી શકયા છે. દેવ દિવાળીની રાતે શરૂ થયેલ ગિરનારની લીલી પરિક્રમા લાખો શ્રદ્ધાળુઓએ પરિક્રમા કરી પુણ્યનું ભાથું બાંધ્યું છે. ત્યારે સંખ્યાબંધ પરિક્રમાર્થીઓ પરિક્રમા કરી ઘરે જવા રવાના થયા છે. ગિરનારની લીલી પરિક્રમા વર્ષમાં એકવાર જ થતી હોય છે જયારે દેશ-વિદેશથી લોકો તેમની બાધા પૂરી કરવા માટે પરિક્રમા કરવા આવી પહોંચે છે. આ વખતે તંત્ર દ્વારા પરિક્રમા શરૂ થવાના ગણતરીના કલાકો પહેલાં લેવાયેલા નિર્ણયને લઈને શ્રદ્ધાળુઓએ ૩૬ કિલોમીટર લાંબા રૂટની પરિક્રમા તો કરી છે પરંતુ સરકાર અને વહીવટી તંત્ર દ્વારા અંતિમ ક્ષણે લેવાયેલા નિર્ણયથી શ્રદ્ધાળુઓમાં રોષ છવાયો હતો. પરંતુ ગત રોજ અનેક શ્રદ્ધાળુઓ અડધી પરિક્રમા મૂકીને પોતાના વતન પરત ફર્યા હતા કારણ કે કોઈ વ્યવસ્થા ઊભી ન કરાઈ હતી. પરંતુ આજે પરિક્રમા રૂટ ઉપર તમામ વ્યવસ્થા હોવાનું પરિક્રમાર્થીઓજણાવી રહ્યા છે. ગિરનારની લીલી પરિક્રમા ૩૬ કિલોમીટરનો રૂટ છે જેમાં પ્રથમ પડાવ જીણાબાવાની મઢી, બીજો પડાવ મારવેલાની ઘોડી અને ત્રીજો પડાવ બોરદેવી થઈ પરિક્રમાર્થીઓ ભવનાથ ખાતે તેમની પરિક્રમા પૂર્ણ કરી પુણ્યનું ભાથું બાંધે છે, જયારે પરિક્રમાના રૂટ ઉપર આવેલ તમામમંદિરો ખાતે અન્નક્ષેત્ર શરૂ કરાયા છે. જયારે મોટી સંખ્યામાં પરિક્રમાર્થીઓ બોરદેવી ખાતે પ્રસાદનો લાભ લે છે, ત્યારે લાખો લોકોએ છેલ્લા ૨૪ કલાકમાં ગિરનારની લીલી પરિક્રમા શરૂ કરીને પૂર્ણ કરી છે વહેલી સવારના ૪ કલાકે પરિક્રમાર્થીઓને પરિક્રમા કરવા જવા દેવા એન્ટ્રી આપવામાં આવે છે. ત્યારે રાત્રીના આઠ પહેલા આ પરિક્રમા પૂર્ણ કરવા વહીવટીતંત્રએ ગાઈડલાઈન બહાર પાડી છે. ત્યારે પરિક્રમાર્થીઓ વહીવટીતંત્રને સરકારની ગાઈડલાઈનની અમલવારી કરી રહ્યા છે અને રાત્રીના આઠ પહેલા પરિક્રમા પૂર્ણ કરે છે. આ વર્ષે પરિક્રમા માટે શ્રદ્ધાળુઓને છૂટ અપાતા વહીવટીતંત્ર અને સરકારનો આભાર વ્યક્ત કર્યો છે.

જૂનાગઢ શહેરનાં રાયજીબાગમાં ચાવી બનાવવા આવેલા બે અજાણ્યા શખ્સો રૂા.૧.૪૦ લાખની મતાની ચોરી કરી ગયા

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ શહેરનાં રાયજીબાગ વિસ્તારમાં બનેલા એક બનાવમાં બે અજાણ્યા સરદારજી જેવા પુરૂષો એક મકાનમાં ચાવી બનાવવા જઈ અને બાદમાં રૂા. ૧.૪૦ લાખની ચોરી કરી ગયાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગતો અનુસાર રાયજીબાગ શેરી નં.૨ બ્લોક નં.૩૭ ખાતે રહેતા શૈલેષભાઈ પ્રાણલાલભાઈ તલાટી (ઉ.વ.૫૭)એ બે અજાણ્યા સરદારજી જેવા પુરૂષ વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે, બે અજાણ્યા પુરૂષો સરદારજી જેવા લાગતા હોય અને બંને ચાવી બનાવવા વાળા હતા જેમાં એકની ઉંમર ૪૦ થી ૪૫ વર્ષની તેમજ બીજાની ઉંમર ૨૦ થી ૨૨ વર્ષની હતી અને કબાટનાં ખાનાની ચાવી બનાવવા ફરીયાદીએ ઘરે બોલાવતા આ બંને શખ્સો ફરીયાદીનાં ઘરમાં પ્રવેશ કરી અલગ અલગ કબાટનાં ખાના ખોલવાનાં બહાને અલગ અલગ ચાવીઓમંગાવી અને ત્યારબાદ ફરીયાદીનાં ઘરના નીચેના બેડરૂમમાં રાખેલ કબાટનું ખાનુ ખોલવાની કોશીષ કરી હતી આ દરમ્યાન ફરીયાદી થોડા સમય માટે અન્ય ચાવી લેવા જતાં આરોપીઓએ કબાટનું ખાનુ ખોલી રૂા.૧.૪૦ લાખની ચોરી કરી ગયાની ફરીયાદ પોલીસમાં નોંધાવેલી છે આ બનાવ તા. ૧૪-૧૧-૨૦૨૧નાં સવારનાં ૯.૩૦નાં અરસામાં બનેલ અને ગઈકાલે પોલીસમાં ફરીયાદ નોંધાવતા સી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢ : કથામાં વિવિધ ધાર્મિક પ્રસંગોની કરાઇ ઉજવણી

જૂનાગઢ તા.૧૭

મુંડીયા સ્વામિ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા આયોજીત શ્રી ગોડ બ્રહ્મ સમાજની શ્રીમદ ભાગવત કથામાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી કથાનું રસપાન કરી રહ્યા છે. શહેરના ઝાંઝરડા રોડ સ્થિત શિવમ પાર્ટી પ્લોટ ખાતે બનાવાયેલા વૃંદાવન ધામ ખાતે ૧૧ નવેમ્બરે પોથી યાત્રા બાદ શરૂ થયેલી અને બપોરના ૩થી સાંજના ૬ સુધી યોજાતી કથામાં ૧૬ નવેમ્બર સુધીમાં કપીલ જન્મ, જડભરત કથા, ભવાટવી કથા, નૃસિંહ અવતાર, વામન જન્મ, રામજન્મ, કૃષ્ણજન્મ, નંદ મહોત્સવ, ગોવર્ધન પૂજા, બાળલીલા સહિતના પ્રસંગો રજૂ થયા છે. જ્યારે હવે બુધવારે રૂક્ષ્મણી વિવાહ અને ગુરૂવારે પરિક્ષીત મોક્ષ સાથે કથાની પૂર્ણાહુતિ થશે. કથાની વિશેષતા એ છે કે, આઠેય દિવસ દરમ્યાન દરરોજ અલગ અલગ મળી કુલ ૮ વકતાઓ વ્યાસપીઠ ઉપરથી કથાનું રસપાન કરાવી રહ્યા છે. દરરોજ સાંજના ૬ પછી મ્યુઝિકલ પ્રોગ્રામ, ડાયરા, ભજન જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ રાતના ૮ વાગ્યે ભોજન પ્રસાદનો કાર્યક્રમ પણ યોજાઈ રહ્યો છે. કથાના કાર્યક્રમને સફળ બનાવવા મુંડીયા સ્વામિ ટ્રસ્ટના પ્રમુખ જે.કે. ભટ્ટ, ઉપપ્રમુખ હરેશભાઈ ભટ્ટ, મંત્રી અજીતભાઈ પંડ્યા, બંસીભાઈ પંડ્યા વગેરે જહેમત ઉઠાવી રહ્યા હોવાનું ઉદયભાઈ પંડયાએ જણાવ્યું છે.

જૂનાગઢ તાલુકાનાં ઝાલણસર - માખીયાળા વચ્ચે અકસ્માત સર્જી ગાડીને નુકશાન કર્યુ

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ તાલુકાનાં ઝાલણસર ગામનાં રોહીતભાઈ વિજયભાઈ બાંભરોલીયા (ઉ.વ.૨૭)એ ટ્રક નં.જીજે-૧૧-યુ - ૯૪૦૧નાં ચાલક વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે, ફરીયાદી પોતાના પત્ની સાથે ફોરવ્હીલ ગાડી નં. જીજે-૦૧-કેએસ - ૦૫૭૬ લઈને ઝાલણસર ગામેથી જૂનાગઢ હોસ્પીટલ ખાતે જતા હતા તે દરમ્યાન ઝાલણસરથી માખીયાળા વચ્ચે ટ્રક નં. જીજે-૧૧-યુ - ૯૪૦૧ પૂરપાટ ઝડપે ધસી આવી અને ફોરવ્હીલ ગાડીની જમણી સાઈડમાં અથડાવી અકસ્માત સર્જી દેતા રૂા.૪૦ હજારનું નુકશાન કર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા જૂનાગઢ તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જૂનાગઢ તાલુકાનાં ડેરવાણ ગામે અગાઉનાં મનદુ:ખે તલવારથી હુમલો

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ તાલુકાનાં ડેરવાણ ગામે વાડી વિસ્તારમાં રહેતા જાલીમભાઈ અભુભાઈ ભાટી (ઉ.વ.૩૫)એ શુભભાઈ મસરીભાઈ ભાટી, સુખદેવસિંહ શુભભાઈ ભાટી, બળવંતભાઈ ગોબરભાઈ સામે એવી ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓએ અગાઉનું જમીનનું મનદુ:ખ રાખી ફરીયાદીનાં પિતા અભુભાઈ પોતાનું મોટર સાયકલ લઈ વાડીએ જતા હતા ત્યારે આરોપી નં.૧નાંએ ફરીયાદીને તલવારનો ઘા કરી ઈજા પહોંચાડી છે જયારે અન્ય આરોપીઓએ ઢીકાપાટુનો માર માર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા તાલુકા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરી વધુતપાસ હાથ ધરી છે.

શિવશક્તિ ઈડલી ઢોસા
અમારે ત્યાંથી ઈડલી ઢોસા, પાઉભાજી, જેતપુરનાં પ્રખ્યાત ઢોસા તેમજ ઈડલી મળશે.
:: સ્થળ ::
વણઝારી ચોક, આસ્થા કોમ્પલેક્ષની સામે, દરગાહ પાસે, જૂનાગઢ
મો. ૯૪૦૯૧ ૫૧૨૮૩
મો. ૭૦૧૬૭ ૨૭૪૮૧

શ્રીનાથજી યાત્રા સંઘ
રેલ્વેમાં ચંપારણ, જગન્નાથપુરી, કલકત્તા, ગંગા સાગર, કૌનાક, ભુવનેશ્વર, સાક્ષિ ગોપાલ, ચંદ્રભાગા બીચ, કલકત્તા સીટી દર્શન
ઉપડશે
ફેબ્રુઆરી/માર્ચનું રીઝર્વેશન ચાલુ છે
ભીખુભાઈ મજીઠીયા
મો.૯૪૨૬૦ ૫૧૮૭૮
મો.૯૪૨૮૬ ૯૬૭૬૩

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઇલ રોડ, જૂનાગઢ ફોન : ૨૪૨૧૦૦૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જુનાગઢ શહેરના હદયસમા કાળવાચોકમાં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે જ સંપર્ક સાધવો

ઘીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૪૮ વર્ષ થયા એક જ નામ
વિજય ઘી ડીપો
દિવાળી નિમિત્તે ગાયનું શુધ્ધ ઘી મળશે તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

નાનખટાઈ બીસ્કીટ કુકીઝ
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
ફોન : ૨૬૨૪૨૪૪
નારાયણ બેકરી
સુખનાથ ચોક
ફોન : ૨૬૨૩૨૨૪
બેકરીની બધી જ વેરાયટી ઘઉંની મળશે

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
ડો. કૃપા એસ. ભાલોડિયા
M.S. (Ayurved) Stri Roga
લેડીઝ દર્દી માટે : હરસ મસા, ફીશર, ભગંદર, સ્ત્રી રોગ, વ્યંધત્વ વિગેરે
(અગાઉ થી એપોઇન્ટમેન્ટ લેવી)
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુકિત સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જૂનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઇન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

નવો સ્ટોક આવેલ છે
રોયલ શુઝ
મોચી બજાર, માંડવી ચોક પાસે
૩ માળ એ.સી. શો રૂમ
રોયલ શુઝ 2
ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ ચિતાખાના ચોક પાસે
રજવી બજારમાં અમારે ત્યાંથી અવનવી ડીઝાઈનમાં ફેન્સી બુટ, ચંપલ ખરીદવા પધારો
મો. ૮૪૬૯૧ ૦૪૪૪૦ મો. ૮૧૪૦૧ ૯૬૬૫૪

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ